# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'ધક ધક ગર્લ'નો યેલો સાડીમાં સુંદર અંદાજ, ક્યૂટ સ્માઈલ પર લોકો ફિદા

પેજ-09

રોહિત-વિરાટને કળી ખુશી કળી ગમ:ICC વન-ડે ટીમ ઓફ ધ યરમાં મળ્યું સ્થાન



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 13.00 |
| વડોદરા | 28.00 | 13.00 |
| સુરત | 29.00 | 16.00 |

પેજ 5



SEBI પર ઝી-સોની મર્જરને રોકવાનો આરોપ...

25 JANUARY-2024 THURSDAY

પાક. દુનિયામાં પાછળ રહી ગયું છે, તેને પાટા પર લાવવું સરળ નથી: શરીફ



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 71060.31 | ▲ | 689.76 |
| નિફ્ટી | 21454.00 | ▲ | 215.20 |
| સોનું | 61,954.00 | ▼ | 014.00 |
| ચાંદી | 71,576.00 | ▲ | 619.00 |


વર્ષ-13 । અંક-071 । વિક્રમ સંવત-2080 । પોષ સુદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ NCC કેડેટ્સના કાર્યક્રમમાં હાજરી આપી

# તમારી પેઢીને Gen Z કહેવાય છે પણ હું તમને અમૃત પેઢી કહીશ : PM મોદી



### 75માં પ્રજાસત્તાક દિને યોજાનારી પરેડ મહિલા કેન્દ્રિત હશે



**નવી દિલ્હી, તા. 24**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નવી દિલ્હીમાં NCC કેડેટ્સના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે આ વર્ષની ગણતંત્ર દિવસ પરેડ બે કારણોસર ખાસ છે. પ્રથમ, તે 75મો ગણતંત્ર દિવસ હશે અને બીજું, તે દેશની મહિલા શક્તિને સમર્પિત છે. પીએમ મોદીએ ત્યાં હાજર કેડેટ્સને કહ્યું કે 'તમારી પેઢીને Gen Z કહેવાય છે, પરંતુ હું તમને અમૃત પેઢી કહીશ. તમે દેશને નવી ઉંચાઈઓ પર લઈ જશો.' તમને જણાવી દઈએ કે 1995 થ 2009ની વચ્ચે જન્મેલા લોકોને Gen Z કહેવામાં આવે છે. પીએમએ વધુમાં કહ્યું કે 'આજે રાષ્ટ્રીય બાલિકા દિવસ છે. દીકરીઓમાં સમાજ અને દેશને સુધારવાની ક્ષમતા હોય છે. ઈતિહાસના જુદા જુદા સમયગાળામાં ભારતની દીકરીઓએ પોતાના દૃઢ ઈરાદા અને સમર્પણની ભાવનાથી ઘણા મોટા ફેરફારોનો પાયો નાખ્યો છે.' પીએમએ બિહારના પૂર્વ સીએમ કર્પૂરી ઠાકુરને પણ યાદ કર્યા. તેમણે કહ્યું કે 'ગઈકાલે દેશે જનનાયક કર્પુરી ઠાકુરને ભારત રત્ન આપવાનો મોટો નિર્ણય લીધો છે. યુવાનોએ તેમના વિશે વાંચવું જોઈએ. કર્પૂરી ઠાકુર હંમેશા તેમની સાદગી માટે જાણીતા હતા. તેમનું સમગ્ર જીવન સામાજિક ન્યાય અને વંચિતોના ઉત્થાન માટે સમર્પિત હતું. આજે પણ તેમની પ્રામાણિકતા એક ઉદાહરણ છે.'

### પરેડની બે મુખ્ય થીમ- 'વિકસિત ભારત' અને 'ભારત- લોકશાહીની માતા'

75માં પ્રજાસત્તાક દિને ફરજ માર્ગ પર યોજાનારી પરેડ મહિલા કેન્દ્રિત હશે. તેમાં 'વિકસિત ભારત' અને 'ભારત- લોકશાહીની માતા' નામની બે મુખ્ય થીમ હશે. મેજર જનરલ સુમિત મહેતાએ જણાવ્યું હતું કે પ્રથમ વખત તમામ મહિલા ટ્રાઇ-સર્વિસ ટુકડી પરેડમાં ભાગ લેશે. જેમાં આર્મી, એરફોર્સ અને નેવીની 60 મહિલા અધિકારીઓ સામેલ થશે. આ વખતે ગણતંત્ર દિવસની થીમ મહિલા શક્તિ છે. તેથી જ ઘણી મહિલાઓની આગેવાની હેઠળની ટીમો ભાગ લઈ રહી છે, પછી તે બેન્ડ હોય, ટ્રાઇ-સર્વિસ હોય, આ પ્રથમ વખત ભાગ લઈ રહી છે. ટ્રાઇ-સર્વિસ ટુકડીનું નેતૃત્વ ભારતીય સેનાના કેપ્ટન શરણ્ય રાવ કરશે. શરણ્યાએ કહ્યું- હું સુપરન્યુમેરરી ઓફિસર છું, અને ટ્રાઇ-સર્વિસ ટુકડીનું નેતૃત્વ કરીશ. તે ગર્વની વાત છે, કારણ કે ઈતિહાસમાં પ્રથમ વખત ત્રિ-સેવા ટુકડી કૂચ કરશે. પ્રથમ વખત, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF), CISFની ઓલ વિમેન માર્ચિંગ અને બ્રાસ બેન્ડ પણ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લઈ રહી છે. ભારતીય વાયુસેનાના 144 સભ્યોની માર્ચિંગ ટુકડીનું નેતૃત્વ સ્ક્વોડ્રન લીડર રશ્મિ ઠાકુર કરશે.

### કેબિનેટની બેઠકમાં PM મોદીની મંત્રીઓને સલાહ

# 'હાલ અયોધ્યા ન જાવ...'


**નવી દિલ્હી, તા. 24**

અયોધ્યાના રામ મંદિરમાં સોમવારે પ્રાણપ્રતિષ્ઠા કર્યા બાદ રામલલાના દર્શન કરવા ભારે ધસારો વધતા મંદિરથી લઈને અયોધ્યા તરફના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાને પણ અસર થઈ છે. આ બાબતને ધ્યાને રાખી આજે કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓને અપીલ કરી છે કે, તેઓ માર્ચ સુધી અયોધ્યાના રામ મંદિર મુલાકાત ન લે. બેઠકમાં પીએમ મોદીએ રામ મંદિરમાં ભારે ભીડ અને પ્રોટોકોલ હેઠળના VIPના કારણે જનતાને પડતી મુશ્કેલીનો ઉલ્લેખ કરી કેન્દ્રીય મંત્રીઓને માર્ચમાં અયોધ્યા જવાની યોજના બનાવવા સલાહ આપી છે. સોમવારે પ્રાણપ્રતિષ્ઠા કરાયા બાદ રામલલાના દર્શન કરવા મોડી રાતથી જ શ્રદ્ધાળુઓની જનમેદની ઉમટી રહી છે. મંગળવારે મંદિર ખોલાયા બાદ લગભગ 5 લાખ ભક્તોએ રામલલાના દર્શન કર્યા છે. ભક્તોને અતિશય ધસારાના કારણે અવ્યવ્યવસ્થા ન સર્જાય તે હેતુથી અધિકારીઓ પણ સક્રિય થઈ ગયા હતા.

# રશિયન સૈન્ય વિમાન ક્રેશ

### 65 યુક્રેનના યુદ્ધ બંધકો સહિત 74 લોકોના મોત

**મોસ્કો, તા. 24**



રશિયા અને યુક્રેન વચ્ચે 2 વર્ષ કરતા વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. રોજ આ યુદ્ધમાં બંને દેશોમાં અનેક લોકોના મોત થઈ રહ્યા છે. ત્યારે હવે એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. રશિયાનું ઈલ્યૂશિન II-76 મિલિટ્રી પ્લેન યુક્રેનની સરહદ નજીક બેલગોરોડમાં ક્રેશ થઈ ગયુ છે. આ વિમાનમાં યુક્રેનના 65 યુદ્ધ બંધકોને લઈ જવામાં આવી રહ્યા હતા. આ વિમાનમાં યુક્રેનના 65 યુદ્ધ બંધકો સહિત 74 લોકો સવાર હતા. આ તમામના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. અલગ-અલગ મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તમામ લોકોના મોત થઈ ગયા છે. જોકે, રશિયન સરકાર દ્વારા તેની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં નથી આવી. રશિયાના રક્ષા મંત્રાલયે હાલમાં આ અંગે વધુ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું કે, ક્રેમલિનને દુર્ઘટનાની જાણ છે પરંતુ તે અંગે હમણા વધુ ચર્ચા ન થઈ શકે. રશિયાના સ્થાનિક ગવર્નર વયાચેસ્લાવ ગ્લાડકોવે કહ્યું કે આ ઘટના કોરોચાન્સકી જિલ્લામાં બની છે અને તેઓ ઘટના સ્થળ પર જઈને નિરીક્ષણ કરશે. તપાસકર્તાઓ અને કટોકટી કર્મચારીઓ પહેલાથી જ ઘટના સ્થળ પર હાજર છે. યુક્રેનની સરદહને અડીને આવેલા બેલગોરોડ વિસ્તારમાં તાજેતરના મહિનાઓમાં યુક્રેન તરફથી અનેક હુમલા કરવામાં આવ્યા છે.

**યુદ્ધ બંધકો ઉપરાંત છ ક્રૂ મેમ્બર્સ અને અન્ય ત્રણ લોકો સવાર હતા**

રશિયાની એક સરકારી ન્યૂઝ એજન્સીએ રક્ષા મંત્રાલયનો હવાલો આપતા જણાવ્યું કે, યુદ્ધ બંધકોને કેદીઓની અદલા-બદલીના કરાર હેઠળ યુક્રેન લઈ જવામાં આવી રહ્યા હતા. દુર્ઘટના સમયે વિમાનમાં યુદ્ધ બંધકો ઉપરાંત છ ક્રૂ મેમ્બર્સ અને અન્ય ત્રણ લોકો પણ સવાર હતા. રશિયાના ઈલ્યૂશિન II-76 મિલિટ્રી વિમાનને સૈનિકો, સામાન, લશ્કરી સાધનો અને હથિયારોના પરિવહન માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. આ વિમાનમાં 90 જેટલા મુસાફરોને લઈ જવાની ક્ષમતા છે.

### રાહુલ ગાંધીની સુરક્ષાને લઈને ખડગેનો અમિત શાહને પત્ર

# ભાજપના કાર્યકરો રાહુલ ગાંધીના કાફલા સુધી પહોંચી રહ્યા છે, તેમને Z+ સિક્યોરિટી મળવી જોઈએ : ખડગે

**ગુવાહાટી, તા. 24**



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આસામમાં રાહુલ ગાંધીની સુરક્ષાને લઈને ગૃહમંત્રી અમિત શાહને બે પાનાંનો પત્ર લખ્યો છે. પત્રમાં 18 જાન્યુઆરીએ ભારત જોડો ન્યાયયાત્રા આસામમાં પ્રવેશ્યા પછી 22 જાન્યુઆરી સુધી રાહુલની સુરક્ષામાં ખામીની પાંચ ઘટનાઓનો ઉલ્લેખ છે. ખડગેએ ગૃહમંત્રીને કહ્યું- આસામના મુખ્યમંત્રી અને ત્યાંના ડીજીપીને સૂચના આપો જેથી કોઈ અઘટિત ઘટના ન બને. ખડગેનું કહેવું છે કે યાત્રાના વિરોધમાં ભાજપના સમર્થકો રાહુલના કાફલાની ખૂબ નજીક આવી રહ્યા છે. આવી સ્થિતિમાં રાહુલને પણ પોતાની સુરક્ષાની અવગણના કરીને બહાર આવવાની ફરજ પડી છે.

**■ 23 જાન્યુઆરીએ કોંગ્રેસના કાર્યકરોએ પોલીસ બેરીકેટ તોડી, રાહુલ સહિત ઘણા નેતાઓ સામે FIR**

આસામ પોલીસે 23 જાન્યુઆરીએ રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, કન્હૈયા કુમાર અને અન્યો વિરુદ્ધ FIR નોંધી હતી. આ તમામ વિરુદ્ધ હિંસા, ઉશ્કેરણી, જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. આ તમામ વિરુદ્ધ હિંસા, ઉશ્કેરણી, જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે.

# મણિપુરમાં આસામ રાઈફલ્સના જવાને તેમના સાથીદારો પર ગોળીબાર કર્યો

### પછી તેમણે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી; પોલીસે કહ્યું- આને મણિપુરમાં ચાલી રહેલી હિંસા સાથે કોઈ લેવાદેવા નથી

**ઈમ્ફાલ, તા. 24**

મણિપુરના ચંદેલ જિલ્લાના સાજિક ટેમ્પકમાં આસામ રાઈફલ્સના એક સૈનિકે તેના છ સાથીઓ પર ગોળીબાર કર્યો હતો. આ પછી તેણે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. આ તમામ સૈનિકો મ્યાનમાર બોર્ડર પાસે તહેનાત હતા. મણિપુર પોલીસે બુધવારે જણાવ્યું હતું કે ઘટના બાદ ઘાયલોને તાત્કાલિક ચુરાચંદપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હાલ તમામ ઘાયલોની હાલત સ્થિર છે. આસામ રાઈફલ્સના આઈજીએ કહ્યું- ઘાયલ સૈનિકો મણિપુરના રહેવાસી ન હતા અને તેને મણિપુરમાં ચાલી રહેલી હિંસા સાથે કોઈ લેવાદેવા નથી. અમે તપાસના આદેશ આપ્યા છે. આસામ રાઈફલ્સમાં તમામ સમુદાયના સૈનિકોનો સમાવેશ થાય છે. તેઓ મણિપુરમાં શાંતિ જાળવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. 17 જાન્યુઆરીએ મણિપુરના થોબલ જિલ્લામાં પોલીસ હેડક્વાર્ટર પર બદમાશોએ હુમલો કર્યો હતો. બેકાબૂ ટોળાએ કરેલા ગોળીબારમાં ત્રણ જવાનો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ટોળાએ પહેલા હેડક્વાર્ટરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પોલીસે તેમને રોકવા માટે બળપ્રયોગ કર્યો તો કેટલાક બદમાશોએ ભીડમાંથી ગોળીબાર કર્યો.



# 16 ફેબ્રુઆરીએ ભારત બંધના એલાનની રાકેશ ટિકૈતની જાહેરાત

### બેરોજગારી, MSP એક્ટ, પેન્શનના મુદ્દા ઉઠાવાશે

**નવી દિલ્હી, તા. 24**

**સરકાર ખેડૂતોને નબળા પાડતી હોવાનો ખેડૂત સંગઠનોનો આરોપ**

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના ભારતીય કિસાન યુનિયન (BKU)ના પ્રવક્તા રાકેશ ટિકૈતની આગેવાની હેઠળ ખેડૂતોની અનેક માંગણીઓ અંગે એડીએમ વહીવટીતંત્રને એક આવેદન આપીને મહાપંચાયતનું સમાપન કરવામાં આવ્યું હતું. રાકેશ ટિકૈતે સરકારને ઘેરતા કહ્યું કે સરકાર ખેડૂતોને નબળા પાડવાનું કામ કરી રહી છે. મહા પંચાયતમાં શેરડીના ભાવ, મફત વીજળી વગેરે જેવા ખેડૂતોના મુદ્દાને લઈને અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાકેશ ટિકૈતે જગાહેડી ટોલ પર ચાલી રહેલી ભારતીય કિસાન યુનિયનની મહાપંચાયતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ સાથે તેમણે કહ્યું હતું કે 26 જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ કાઢીશું. આ સિવાય યુનાઈટેડ કિસાન મોરચા (SKM)ના આહ્વાન પર 16 ફેબ્રુઆરીએ ભારત બંધનું પણ એલાન કરવામાં આવ્યું છે. ખેડૂતો પણ આ બંધના એલાનમાં જોડાશે. અમે દુકાનદારોને 16મી ફેબ્રુઆરીએ તેમની દુકાનો ન ખોલવાની પણ અપીલ કરી હતી.

# મમતા પછી AAPએ ઝટકો આપ્યો: પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડશે

### હું એકલી જ ચૂંટણી લડીશ, મારે કોંગ્રેસ પાર્ટી સાથે કોઈ સંબંધ નથી : મમતા



**નવી દિલ્હી, તા. 24**

આમ આદમી પાર્ટી (AAP) પંજાબની તમામ 13 સીટો પર એકલા હાથે લોકસભા ચૂંટણી લડશે. AAPએ આ માટે આંતરિક રીતે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. 13 લોકસભા સીટો માટે 40 નામોની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. કેટલીક બેઠકો પર 2 વિકલ્પો છે અને અન્ય પર 4 વિકલ્પો છે. AAP સાથે જોડાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર, AAP કન્વીનર અરવિંદ કેજરીવાલે થોડા દિવસો પહેલાં દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણયને લીલી ઝંડી આપી દીધી છે.

**■ દરેક સીટ પર 3 વિકલ્પો, સર્વે પછી સિલેક્શન કરવામાં આવશે**

આમ આદમી પાર્ટીએ દરેક સીટ પરથી ઉમેદવારો માટે 3 વિકલ્પો પસંદ કર્યા છે. હવે પાર્ટી આ ઉમેદવારોને લઈને પોતાનો સર્વે કરશે. તેમજ લોકોને પસંદ પડે તેવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવશે. જાણવા મળ્યું છે કે રાજ્ય સરકાર કેટલાક મંત્રીઓ સહિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓને સંસદીય ચૂંટણી લડવા માટે કહી શકે છે.

**■ કોંગ્રેસ પણ એકલા હાથે લડવાની વાત કરી રહી છે**

કોંગ્રેસ પણ પંજાબમાં AAP સાથે ગઠબંધન કરવા તૈયાર નથી. માત્ર નવજોત સિદ્ધૂ તેને સમર્થન આપી રહ્યા છે. આ સિવાય કોંગ્રેસ સંગઠનના મોટા નેતાઓ પણ AAP સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડવાના વિચારનો વિરોધ કરી રહ્યા છે.

### મૃતક યુવક પાસેથી કોઈપણ પુરાવો-મોબાઈલ ન મળતા ગૂંચવાયેલો મામલો AIની મદદથી ઉકેલાયો

# AIની મદદથી મૃતદેહની આંખો ખોલી, હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો

**નવી દિલ્હી, તા. 24**

**પોસ્ટર છપાવ્યા બાદ પણ મૃતકની ઓળખ ન થતા પોલીસે ટેકનોલોજીનો ઉપયોગ કરી ભેદ ઉકેલ્યો**



દિલ્હી પોલીસે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી લાવારિસ મૃતદેહની આંખો ખોલી હત્યાનો ભેદ ઉકેલ્યો છે. પોલીસના પ્રયાસોથી મૃતદેહની ઓળખ થઈ છે અને પોર્ટમોર્ટમ રિપોર્ટમાં યુવકનું ગળુ દબાવી હત્યા થઈ હોવાનો ખુલાસો થયો છે. આ ઘટનામાં પોલીસે એક મહિલા સહિત ચાર લોકોની ધરકડ કરી છે. ડીસીપી મનોજ કુમાર મીનાએ કહ્યું કે, '10 ડિસેમ્બરે એક યુવકનો મૃતદેહ ગીતા કૉલોની ફ્લાઈઓવર નીચે પડ્યો હતો, જ્યાં પોલીસને કોઈપણ ઓળખનો પુરાવો કે મોબાઈલ ન મળતા મામલો ગૂંચવાયો હતો. પોલીસ માટે મૃતકની ઓળખ કરવી પણ જરૂરી હતી, તેથી મૃતદેહનો ફોટો પોસ્ટર છપાવી ઘણા સ્થળોએ લગાવ્યા, પરંતુ તેમાં મૃતકની આંખો બંધ હોવાથી અને બેકગ્રાઉન્ડની ક્વોલિટી પણ ખરાબ હોવાથી પોસ્ટરો પર લોકોની નજર ન પડી, તેથી એઆઈનો ઉપયોગ કરવામાં આવ્યો.' પરિવારજનો આવ્યા બાદ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું, જેમાં યુવકની ગળુ દબાઈ હત્યા થઈ હોવાનો ખુલાસો થયો. ત્યારબાદ પોલીસે હત્યાની કલમો હેઠળ કેસ દાખલ કરી એક મહિલા સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી.

**■ AIથી આંખો ખોલી અને બેકગ્રાઉન્ડ પણ બદલ્યું**

પોસ્ટરમાં મૃતક યુવકને જોઈ ઓળખી શકાય તે માટે ડીસીપી મીનાએ AI ટેકનોલોજીની મદદ લીધી. તેમણે સ્પેશિયલ સ્ટાફના એઆઈ રોહિત સારસ્વતે એઆઈનો ઉપયોગ કરી મૃતદેહની આંખો ખોલવા અને બેકગ્રાઉન્ડ બદલવા કહ્યું. આ પ્રક્રિયા પૂરી થયા બાદ પોસ્ટર જોઈ એવું લાગી રહ્યું હતું કે, તે જીવતા વ્યક્તિની તસવીર છે. ત્યારબાદ નવા 500 પોસ્ટર છાપી ઠેર-ઠેર લગાવાયા.

**■ 30 સભ્યોની ટીમની મહેનત બાદ હત્યારાઓ પકડાયા**

હત્યાનો ભેદ ઉકેલવા લાલકિલા પોલીસ સ્ટેશનના પ્રભારી એએસઆઈ સત્યેન્દ્ર સિંહની આગેવાની હેઠળ 30 સભ્યોની ટીમ બનાવાઈ હતી. તમામને જુદા જુદા જિલ્લા અને પોલીસ સ્ટેશન બહાર પોસ્ટર લગાવવા તેમજ વૉટ્સઅપ ગ્રૂપમાં પોસ્ટર પોસ્ટ કરવાની જવાબદારી સોંપાઈ હતી. ટીમે 11 અને 12 જાન્યુઆરી, બે દિવસમાં દિલ્હીભરમાં પોસ્ટર લગાવ્યા, ત્યારબાદ 13મી જાન્યુઆરીએ છાવલા પોલીસ સ્ટેશનમાં ફોન આવ્યો. ફોન કરનારે મૃતદેહની ઓળખ પોતાના મોટાભાઈ હિતેન્દ્ર તરીકે કરી હતી.

## ખાલિસ્તાની આતંકવાદી પન્નૂ સામે પંજાબમાં ફરિયાદ

અમૃતસર : પંજાબ પોલીસે ધર્મ અને જાતિના આધાર પર અલગ અલગ સમૂહો વચ્ચે દુશ્મની વધારવાના આરોપમાં પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટિસના ગુરપતવંત સિંહ પન્નૂ પર કેસ દાખલ કર્યો છે. પોલીસે બુધવારે કહ્યું કે, 23 જાન્યુઆરીએ અમૃતસરના સુલ્તાનવિંડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ છે. પન્નૂને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ગેરકાયદે ગતિવિધિ અધિનિયમ એટલે કે UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો છે. તેની સાથે જ શીખ ફૉર જસ્ટિસ પર પ્રતિબંધ લગાવી દીધો છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં ગુરપતવંત સિંહે દાવો કર્યો હતો .

## એર ઈન્ડિયાને 1.10 કરોડનો દંડ, સેફ્ટી નિયમોના ઉલ્લંઘન મામલે થઈ કાર્યવાહી

નવી દિલ્હી : સિવિએલ એવિએશન મંત્રાલય દ્વારા એર ઈન્ડિયા પર મોટી પેનલ્ટી લગાવવામાં આવી છે. DGCAએ એર ઈન્ડિયા પર ઉડાનોમાં સુરક્ષા નિયમોના ઉલ્લંઘન મામલે 1.10 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ્સમાં સતત થઈ રહેલા સુરક્ષા નિયમોના ઉલ્લંઘન મામલે DGCAએ એરલાઈન પર મોટી કાર્યવાહી કરી છે. લાંબા અંતરના મહત્વપૂર્ણ રૂટ્સ પર એર ઈન્ડિયા દ્વારા ઉડાવવામાં આવી રહેલી ફ્લાઈટ્સમાં સુરક્ષા ઉલ્લંઘનના આરોપો પર DGCAએ એન્ફોર્સમેન્ટ કાર્યવાહી પણ શરૂ કરી છે.

## TMC નેતા શેખ શાહજહાંના ઘરે EDની ટીમ પહોંચી:100થી વધુ સુરક્ષા દળ હાજર

કોલકાતા : ઈડીની ટીમ આજે સવારે પશ્ચિમ બંગાળમાં ફરાર TMC નેતા શેખ શાહજહાંના ઘરે પહોંચી છે. એજન્સીની ટીમ સેન્ટ્રલ ફોર્સના 100થી વધુ જવાનોને પોતાની સાથે લઈ ગઈ છે. હકીકતમાં 19 દિવસ પહેલા (5 જાન્યુઆરી) જ્યારે EDની ટીમ સંદેશખાલી ગામમાં શેખ શાહજહાંના ઘર પર દરોડો પાડવા જઈ રહી હતી ત્યારે તેના પર ટોળાએ હુમલો કર્યો હતો. આજે સવારે 8 વાગ્યાની આસપાસ EDની ટીમ અનેક વાહનોમાં શેખ શાહજહાંના ઘર તરફ રવાના થઈ હતી.

# બોટ દુર્ઘટનાના આરોપી ગોપાલ શાહની ધરપકડ

## VMCના પૂર્વ ટીડીઓ અને કોટિયા પ્રોજેક્ટ્સ કંપનીના ભાગીદારની ધરપકડ, અત્યારસુધી 8 આરોપીઓ ઝડપાયા...

વડોદરા | હરણી લેક ઝોન બોટ દુર્ઘટનાને મામલે SIT ટીમને મોટી સફળતા હાથ લાગી છે. SITએ ગોપાલ શાહની છતીસગઢના રાયપુરથી ધરપકડ કરી છે. અત્યારસુધી પોલીસે આ કેસમાં 8 આરોપીઓની ધરપકડ કરી છે. હજુ આ કેસમાં 11 આરોપી ફરાર છે.

મળતી માહિતી પ્રમાણે હોડી દુર્ઘટનાના આરોપી ગોપાલદાસ શાહ વડોદરા કોર્પોરેશનમાં એક સમયે ટાઉન પ્લાનીંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. દરમિયાન તેઓને કોર્પોરેશન દ્વારા ટર્મીનેટ કરવામાં આવ્યા હતા. ગાપાલદાસ શાહ આર્કિટેક હોવાથી તેઓએ કન્સલન્ટન્સી શરૂ કરી હતી. કહેવાય છે કે, હોડી દુર્ઘટનામાં આરોપી આ ગોપાલદાસ શાહે પાવાગઢ અને અયોધ્યાના પ્રોજેક્ટ સહિત ગુજરાતમાં 50 જેટલા પ્રોજેક્ટોમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કન્સલન્ટન્સીનું કામ કર્યું છે. વર્ષ 2015-16માં ગુજરાતમાં આવેલા મોટા તળાવોનું PPP ધોરણે બ્યુટીફિકેશન કરવાનું અભિયાન શરૂ થયું હતું. તે સમયે ગોપાલદાસ શાહ તે સમયે ગંદકીથી ઉભરાતા અને હાલમાં 14નો ભોગ લેનાર હરણી મોટનાથ તળાવનું PPP ધોરણે બ્યુટીફિકેશન કરવાનો કોર્પોરેશનને પ્રોજેક્ટ બતાવ્યો હતો. જે તે સમયે કોર્પોરેશનને પ્રોજેક્ટ પસંદ આવતા તેના ઉપર કામગીરી શરૂ થઈ હતી.



### કોટિયા પ્રોજેક્ટની લાયકાત ન હોવા છતાં ટેન્ડર મળ્યું

નોંધનીય બાબત એ છે કે, મેસર્સ કોટિયા પ્રોજેક્ટની કોઈ લાયકાત ન હોવા છતાં, જે તે સમયે સ્થાયી સમિતીની બેઠક મળતા પૂર્વે મળેલી સંકલનમાં અને તે બાદ સ્થાયી સમિતીમાં કામ મંજૂર થયું. ત્યારથી જ વર્તમાન હોડી દુર્ઘટનાના આરોપીઓએ પૂર્વ આયોજન પ્રમાણે હરણી મોટનાથ તળાવનો 30 વર્ષ સુધી કબજો લેવાનો ખેલ પાડી દીધો હતો. મેસર્સ કોટિયા પ્રોજેક્ટ તો હરણી મોટનાથ તળાવનું ટેન્ડર ભરવા માટેનું એક હોડી દુર્ઘટનાના આરોપીઓ ગોપાલદાસ શાહ, પરેશ શાહ અને નિરજ જૈનનું એક પ્યાદું જ હતું.

### બ્યુટીફિકેશનનું ટેન્ડર ડોલ્ફિન કંપનીને પેટા કોન્ટ્રેક્ટ આપી દીધો

મેસર્સ કોટિયા પ્રોજેક્ટના માલિકો બિનિત કોટિયા અને હિતેષ કોટિયાનું ટેન્ડર મંજૂર થયા બાદ ગોપાલદાસ શાહે પૂર્વ આયોજન પ્રમાણે તળાવના બ્યુટીફિકેશનનું ટેન્ડર ડોલ્ફિન કંપનીને પેટા કોન્ટ્રાક્ટ આપી દીધો અને તેનું MOU કરાવી દીધું. ડોલ્ફિન કંપનીના મુખ્ય કર્તાહર્તા હોડી દુર્ઘટનાના આરોપી પરેશ શાહ અને નિલેષ જૈન બની ગયા.

### પરેશ શાહ અને નિલેશ જૈન પોલીસ પકડથી દૂર

18 જાન્યુઆરીના રોજ વડોદરાના હરણી ખાતે મોટનાથ તળાવમાં 23 બાળક અને 4 શિક્ષક સાથે બોટ ડૂબવાની ઘટના બની હતી, જેમાં 12 બાળક અને 2 શિક્ષિકાનાં મોત નીપજ્યાં હતાં. આ દુર્ઘટના બાદ પોલીસ દ્વારા 8 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી પરેશ શાહ અને નિલેશ જૈન હજુ પણ પોલીસ પકડથી દૂર છે. ત્યારે આ મામલે SIT દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

---

### નશાની હાલતમાં છોકરીઓના ફોટો બતાવી મને હેરાન કરે છે

# વડોદરાની યુવતી પર અત્યાચાર : પત્નીએ કહ્યું- 'મારા પતિના છોકરીઓ સાથે અફેર

વડોદરા | વડોદરા શહેરની યુવતી પર કચ્છના ગાંધીધામમાં રહેતા પતિ અને સાસુ દહેજ માટે અત્યાચાર ગુજરતા હોવાની ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. યુવતીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, મારા પતિ બહાર અન્ય છોકરીઓ સાથે અફેર રાખતા હતા. હોટેલોમાં જતા અને દારૂ પીને ઘરે આવતા હતા, ત્યારે નશાની હાલતમાં મોબાઈલમાં પાડેલા છોકરીઓના ફોટોગ્રાફ તથા વીડિયો મને બતાવીને હેરાન કરતા હતા.

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં રહેતી યુવતીએ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, મારા પિતા ઓટો રિક્ષા ચલાવી અમારા ઘરનું ગુજરાન ચલાવે છે. મારા લગ્ન 2014માં મુસ્લિમ સરિયત મુજબ અમારા મોસીન ઈશાભાઈ બાપડા (રહે. ગાંધીધામ, કચ્છ) સાથે થયા હતા. લગ્નમાં અને બાદમાં મને મળેલા સોના-ચાંદીના દાગીના તથા ઘરવખરી સામાન લઈને મારી સાસરીમાં મારા પતિ સાથે સંયુક્ત પરિવારમાં રહેવા ગઈ હતી. શરૂઆતમાં સાસરિયા મને સારી રીતે રાખતા હતા. જોકે, લગ્નના દોઢ વર્ષ પછી મારા પતિ અને સાસુ નાની નાની બાબતમાં હેરાન કરતા હતા.

તને જમવાનું બનાવતા આવડતું નથી, તારા મા-બાપે તને કંઈ શીખવાડ્યુ નથી, તારામાં બુદ્ધી નથી તેમ કહીને હેરાન કરી દહેજની માગણી કરતા હતા અને કહેતા કે, તારા માતા-પિતાએ કરિયાવર બરાબર આપ્યું નથી, તું તારા પિયરમાંથી રૂપિયા માગી લાવ તો અમે સમાજમાં બતાવી શકીએ તેમ કહી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. મારા પતિ તથા સાસુ મને વસ્તાર(બાળક) ન થતાં નાની નાની વાતમાં ઝઘડો કરતા હતા અને કહેતા કે, તને બાળક થતા નથી, તું તારા પિતાના ઘરે જતી રહે. દારૂ પીને માર મારતા હતા અને ઘરમાંથી રાત્રિના બહાર કાઢી મૂકતા હતા.

**છોકરીઓ સાથે અફેર :** મારા પતિને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, આ આગાઉ મારી પત્ની હતી, તેને છૂટાછેડા આપેલા છે. તે અહીંયા રહેતી પણ નથી, તેમ કહી વાત દાબી દીધી હતી, ત્યારબાદ મને બહારથી જાણવા મળ્યું હતું કે, મારા પતિએ શબાના સાથે છેલ્લા ત્રણ વર્ષથી લગ્ન કર્યાં છે, અમારા લગ્ન બાદ પ્રથમ લગ્નના છાટાછેડા આપેલા છે. મારા પતિ બહાર અન્ય છોકરીઓ સાથે અફેર રાખતા હતા અને હોટલોમાં જતા અને દારૂ પીને ઘરે આવતા હતા.

---

# પુત્રીના લગ્નની કંકોતરી આપી પરત ફરતા પિતાનું માર્ગ અકસ્માતમાં મોત

જામનગર | જામનગર-લાલપુર ધોરી માર્ગ પર હરીપર ગામના પાટીયા પાસે પુરપાટ વેગે આવી રહેલી ખાનગી બસના ચાલકે બાઈક ને ઠોકરે ચડાવતાં બાઈક ચાલક હરીપર ગામના આધેડનું ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજયું છે. પોતાની પુત્રી ના લગ્નની કંકોત્રી સગા વહાલાઓને આપીને પરત આવતી વખતે આ ગોઝારો અકસ્માત નડયો હતો. જેથી ભારે કરુણાંતિકા સર્જાઈ છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના હરીપર ગામમાં રહેતા વીસાભાઈ રૈયાભાઈ બાંભવા નામના ૫૫ વર્ષના પ્રૌઢ ગઈકાલે પોતાનું બાઈક લઈને જામનગર લાલપુર રોડ પર હરીપર ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પૂરપાટ વેગે આવી રહેલી ખાનગી લક્ઝરી બસના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માત માં બાઈક ચાલક વિશાભાઈ ને માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજા થઈ હતી, અને તેઓનું સ્થળ પરજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે મૃતક ના પુત્ર કડવાભાઈ વિશાભાઈએ લાલપુર પોલીસ મથકમાં ખાનગી બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

મૃતક વિશાભાઈની પુત્રીના લગ્ન યોજવાના હોવાથી તેની કંકોત્રી આપવા માટે પોતાના સગા વહાલાઓને ત્યાં ગયા હતા, અને કંકોત્રી આપીને પોતાના ઘેર પરત ફરી રહ્યા હતા, જે દરમિયાન આ ગોઝારો અકસ્માત નડયો હતો. જેથી મૃતકના પરિવારમાં ભારે કરુણાન્તિકા છવાઈ છે.

---

### બંને બાળકોની કસ્ટડી પણ પિતાને સોંપી દેવા આદેશ

# ગોંડલ સિટી ફરિયાદ પર ચુકાદો આપવાનો અધિકાર તપાસનીશ અધિકારીને નથી

રાજકોટ | બાળકોની કસ્ટડી માટે ચાલી રહેલા એક કેસ દરમિયાન પતિ સાથે છૂટાછેડા લીધા વગર લિવ ઈનમાં રહેતી પરિણીતાએ ખોટા સોગંદનામાના આધારે બાળકોના આધારકાર્ડમાં પતિનું નામ કમી કરાવી લિવ ઈન પાર્ટનરનું નામ ચડાવી દીધાનો કિસ્સો પ્રકાશમાં આવ્યા બાદ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજે તંત્રની ગંભીર ભૂલો અને નિષ્ફળતાની ગંભીર નોંધ ધ્યાને લઇ બાળકોની કસ્ટડી પિતાને સોંપી છે અને ચુકાદામાં ગોંડલ સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ આધારકાર્ડ ઓથોરિટીના કામમાં બેદરકારીની પણ ટીકા કરી છે.આ ઉપરાંત શાળા પ્રશાસન દ્વારા પણ ખોટા દસ્તાવેજના આધારે બાળકોને પ્રવેશ આપી દેવાતા કોર્ટે ગંભીર નોંધ લઇ ચુકાદાની નકલ હાયર ઓથોરિટીને મોકલીને જે તે અધિકારી અને પ્રશાસનની સ્પષ્ટતા માગવાનો આદેશ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, જસદણના વેરાવળ ગામે રહેતા સુરેશ હંસરાજભાઇ હરખાણીએ બાળકોની કસ્ટડીને લઇને પત્ની દયાબેન હરખાણી સામે કેસ કર્યો હતો. જેમાં સુરેશભાઇએ બાળકોના પિતા હોવાના નાતે અને પત્ની ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે બીજા પુરુષ ભરત રામોલિયા સાથે લિવ ઈનમાં રહેતી હોય તેની ખરાબ અસર બાળકોના મગજ પર ન પડે તે માટે બાળકોનો કબજો માગ્યો હતો. આ કેસ ચાલી રહ્યો હતો ત્યારે સામે આવ્યું હતું કે,પત્ની દયાબેને આધારકાર્ડમાં પિતાનું નામ હટાવીને પોતાના લિવ ઈન પાર્ટનર ભરત રામોલિયાનું નામ બાળકોના પિતા તરીકે બદલી નાખ્યું હતું. જોકે દયાબેને પતિ સાથે છૂટાછેડા લીધા ન હતા. આ મામલે સુરેશભાઇએ ગોંડલ પોલીસમાં ફરિયાદ દાખલ કરવાની કોશિશ કરી હતી, પરંતુ ફરિયાદ લેવામાં આવી ન હતી અને કોઇ ગુનો બનતો નથી તેમ કહી દેવામાં આવ્યું હતું. કેસની સુનાવણી દરમિયાન દલીલો થતા અદાલતે નાયબ મામલતદાર અને આધાર ઓથોરિટીનો જવાબ માગ્યો હતો. જેમાં નાયબ મામલતદાર દ્વારા એવું કહી દેવામાં આવ્યું હતું કે, જે સમયે ફેરફાર થયો તે સમયે આધાર કિટ સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી અને આધારકાર્ડમાં ફેરફાર તેમની ઓફિસ દ્વારા કરાયાનથી. આ જવાબની નોંધ લેતા કોર્ટે ટિપ્પણી કરી હતી કે, આ મામલે જવાબદારીની ફેંકાફેંકી થઇ રહી છે. આ ઉપરાંત ફરિયાદ નોંધાવા માટે ગયેલા સુરેશભાઈની ફરિયાદ સાંભળવામાં ન આવતા કોર્ટ દ્વારા તેની ગંભીર નોંધ લેવામાં આવી હતી.

---

### બાઇક ચાલકો રોડ ઉપર

# ફંગોળાયા : વડોદરાના અણસ્તુ ગામ પાસે ત્રિપલ અકસ્માત

વડોદરા | કરજણ તાલુકાના અણસ્તુ ગામ પાસે મોડી સાંજે કારચાલક અને બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ત્રિપલ અકસ્માતમાં બાઈક ઉપર એકલા જઈ રહેલા યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી બાઈક ઉપર સવાર પિતા-પુત્રને ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે કરજણ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. મળેલી માહિતી પ્રમાણે શિનોર તાલુકાના મીંઢોળ ગામનો યુવાન સંદિપ ઠાકોર મોટર સાઈકલ લઈને અણસ્તુ ગામ પાસેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન પૂરપાટ પસાર થઈ રહેલા એક કારચાલકે સંદિપની બાઈકને અડફેટે લીધી હતી. સંદિપની બાઈકને ટક્કર વાગતા સંદિપે પોતાની બાઈકના સ્ટિયરિંગ ઉપરથી કાબૂ ગુમાવી દીધો હતો. તે જ સમયે પસાર થઈ રહેલા પિતા-પુત્ર સવાર બાઈકને અડફેટે લઈ તે રોડ ઉપર પટકાયો હતો. તે સાથે પિતા-પુત્ર પણ રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા.

અણસ્તુ ગામ પાસે બનેલા આ બનાવમાં કારચાલક બાઈકચાલક સંદિપને અડફેટે લઈ ફરાર થઈ ગયો હતો. દરમિયાન સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ગંભીર ઈજા પામેલા બાઈકચાલક સંદિપ ઠાકોર અને બીજી બાઈક ઉપરથી પટકાયેલા પાદરા તાલુકાના મોભા ગામના હિતેશ રમણભાઈ બારીયા અને તેમના પુત્ર કાર્તિકને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પિતા-પુત્રને હાથ-પગમાં નાની મોટી ઈજાઓ પહોંચી હતી. દરમિયાન આ બનાવ અંગે હિતેશભાઈ બારિયાએ કરજણ પોલીસ મથકમાં અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા કારચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. કરજણ પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવે અણસ્તુ ગામમાં ચકચાર જગાવી મૂકી હતી.

---

### અકસ્માતના સીસીટીવી ફુટેજ પણ સામે આવ્યા...

# બે બાઈકસવારો સામસામે અથડાતા 15 ફૂટ હવામાં ઊછળ્યા : બાઈકનો ખુરદો બોલી ગયો

અંકલેશ્વર | અંકલેશ્વરના મોદી નગર વિસ્તાર નજીક બે મોટરસાયકલ વચ્ચે ફિલ્મી દૃશ્યો જેવો અકસ્માત સર્જાયો હતો. એક બાઈક સવાર રસ્તો ક્રોસ કરતા સામેથી આવી રહેલા બાઈકચાલકે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો અને બંને બાઈકમાં સવાર લોકો 15 ફૂટ હવામાં ફંગોળાયા હતા. ઘટનાના પગલે બંને મોટરસાયકલ ઉપર સવાર 4 લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતના સીસીટીવી સામે આવ્યા છે.



અંકલેશ્વર શહેરના વસ્તુપૂજ્ય રેસિડેન્સીમાં રહેતા પપ્પુ માંગીલાલ સુથાર પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ અને પત્ની સુમિત્રા સુથાર અને તેમનો પુત્ર નમન સાથે 22મી જાન્યુઆરીના શહેરમાં નીકળેલી ભગવાન શ્રી રામની શોભાયાત્રા જોઈને 9 વાગ્યાના અરસામાં ઘરે પરત આવતા તેઓ વળાંક લઈ રહ્યા હતા. આ સમયે એક એફઝેડ મોટરસાયકલ ચાલક સામેથી પૂરપાટ ઝડપે આવી વળાંક લઈ રહેલા પપ્પુભાઈની મોટરસાયકલ સાથે ધડકાભેર અથડાવી હતી. જેમાં તેઓ હવામાં ફંગોળાઈ બંને બાઈક પર સવાર 5 લોકો માર્ગ પર પટકાયા હતા. અકસ્માતમા બંને બાઈકનો ખુરદો બોલી ગયો હતો. અકસ્માત સર્જાતા પપ્પુભાઈ તેમના પત્ની સુમિત્રાબેન અને પુત્ર નમન માર્ગ પર જ બેભાન થઈ ગયા હતા. જ્યારે એફઝેડ બાઈક સવાર અને તેની પાછળ સવાર ઈસમને પણ ગંભીર ઈજાઓ પહોચતા 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં પપ્પુભાઈ તેમના પત્ની સુમિત્રાબેન અને પુત્ર નમનને વધુ સારવાર અર્થે તેમના મોટા ભાઈ દ્વારા બરોડામાં ખાનગી હોસ્પિટલમાં આઈસીયું વિભાગમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે પપ્પુભાઈના મોટા ભાઈ કિશન માંગીલાલા સુથારે અંકલેશ્વર શહેર એ-ડિવિઝનમાં એફઝેડ મોટરસાયકલ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જોકે આજે આ અકસ્માતના સીસીટીવી સામે આવ્યા છે.

---

# જૂના કાંસિયા ગામે દીપડાનો ગાયોના તબેલા પર હુમલો

અંકલેશ્વર | અંકલેશ્વર માં ફરી જુનાકાંસિયા ગામે દીપડા એ ગાયના તબેલાં પર હૂમલો કરતાં એક ગાયનું મોત થયું છે જયારે બીજી એક ઘાયલ થઇ છે. ઘટના બાદ પશુપાલકો અને ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળીરહયો છે. આ વિસ્તારમાંછેલ્લા ઘણા સમયથીદિપડાઓની હાજરીથી લોકોમાં ભય ફેલાયેલો છે.

થોડા સમયપહેલાં એક દિપડો પાંજરેપુરાતાં લોકોએ હાશકારો લીધોહતો પણ ફરી બનેલાં બનાવથીલોકોમાં ચિંતા પેસી છે. અંકલેશ્વર તાલુકાનાપૂર્વ પટ્ટીના ગામો માં દીપડાનોઆતંકયથાવતરહ્યો છે.તાજેતરમાં જ ખૂંખાર દીપડોઅમરતપુરા ગામથી પકડાયાબાદ ગ્રામજનોએ થોડોરાહતનો દમ લીધો હતો.લોકોને માંડ હાથ થઇ હતી ત્યાંગત રોજ જુના કાંસીયા ગામખાતે દીપડો પુનઃ માનવવસાહત નજીક આવી ઘરઆંગણે તબેલા માં બાંધેલ ગયોપર હુમલો કર્યો હતો. જે એકગાય માતાનું મોત નીપજ્યું હતું.તો એક ગાય ગંભીર રીતેઘાયલ થઇ હતી. આ ઘટનાનીજાણ વન વિભાગ ને કરવામાંઆવતા સ્ટાફ અને સ્થાનિકોસ્થળ પર દોડી આવ્યા હતાઅને નિરીક્ષણ કર્યું હતું. જેમાંદિપડાના પંજા ના નિશાનમળ્યા હતા હતાં. કાસીયાતેમજ જુના કાંસિયા ગામેદિપડાને ઝડપી પાડવા માટેપાંજરા મુક્યા હતા. ગામમાંઅગાઉ દિપડાએ શ્વાનનું મારણ કર્યું હતું. ગ્રામજનોસહિત ખેડૂતોને રાતના સમયેજ દીપડો શિકાર કરવાનીકળતો હોવાથી રાતે અનેવહેલી સવારે બહાર નહીંનીકળવા સાથે 5થી વધુલોકોએ સમૂહમાં જ બહારનીકળવા અપીલ કરી છે. નર્મદા કાંઠા વિસ્તારમાં ત્રણદીપડાઓની હાજરી નોંધાઇ છેઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકામાં દીપડાઓની વસતીમાંઝડપથી વધારો થઇ રહયો છે અને હાલ શેરડી કપાઇ જવાથી ખેતરોનુંઆશ્રય સ્થાન છીનવાઇ જતાં દિપડાઓ માનવ વસાહતો તરફ આવીરહયાં છે.

---

### યુવક બાથરૂમ બહાર જ ઢળી પડ્યો : એકની એક દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી...

# સુરતમાં 38 વર્ષીય યુવકનું ઘરમાં જ હૃદય બંધ થતા મોત, ભાઈએ દરવાજો તોડતા મૃત મળ્યો, હાર્ટ એટેકની શંકા



સુરત | સુરતમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. યુવક રાત્રે ઘરે એકલો હતો એ દરમિયાન બાથરૂમ જવા જતા ત્યાં ઢળી પડ્યો હતો. ત્યારબાદ ભાઈએ ઘરે પહોંચી દરવાજો તોડીને અંદર જોતા યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો. હાલ તો આ યુવકનું મોત હાર્ટ એટેકના કારણે થયું હોવાની આશંકા છે.

મળતી માહિતી પ્રમાણે મૂળ ઉત્તર પ્રદેશનો 38 વર્ષીય મંગલસિંહ શિવસિંહ ગૌર પરિવાર સાથે ભેસુ વિસ્તારમાં આવેલા સુમન આવાસમાં રહેતો હતો. પરિવારમાં પત્ની અને એક દીકરી છે. મંગલસિંહ પાન સેન્ટર ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો. હાલ તેની પત્ની અને દીકરી વતનમાં છે.

આભવા ગામમાં મંગલસિંહના ભાઈ સહિતનો પરિવાર રહે છે. રાત્રે ફોન કરતા મંગલસિંહ ફોન રિસિવ કર્યો નહોતો. જેથી ભાઈ જશવંતસિંહે તેમના ઘરે પહોંચ્યો હતો. બાદમાં દરવાજો ખખડાવવા છતાં મંગલસિંહે દરવાજો ખોલ્યો નહોતો. ત્યારબાદ પાડોશીઓને એકઠા કરીને દરવાજો તોડી અંદર જતા બાથરૂમની બહાર બેભાન હાલતમાં મંગલસિંહ મળી આવ્યો હતો.

જશવંતસિંહે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને 108ને કોલ કર્યો હતો. 108ની ટીમે પહોંચીને મંગલસિંહને મૃત જાહેર કર્યો હતો. હાલ તો મંગલસિંહનું મોત હાર્ટ એટેકના કારણે થયું હોવાની આશંકા છે. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ જાણવા મળશે. મંગલસિંહના મોતના પગલે એકની એક દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

**બે-ત્રણ વર્ષથી સુરત પરિવાર સાથે રહેતો :** જસવંતસિંહે જણાવ્યું હતું કે, મારો ભાઈ ઘરમાં હતો, તેનો ફોન સ્વીચઓફ આવી રહ્યો હતો. પપ્પાએ પણ કહ્યું કે, ફોન સ્વીચઓફ આવી રહ્યો છે. મેં દરવાજો ખખડાવ્યો પણ ન ખોલ્યો આથી દરવાજો તોડી અંદર ગયો તો તેની ડેડબોડી મળી હતી. બાદમાં 108 મારફત હોસ્પિટલ ખસેડી પીએમ રૂમમાં પોસ્ટ મોર્ટમ માટે મૃતદેહને લઈ જવામાં આવ્યો છે. મારા ભાઈનો પરિવાર બે-ત્રણ વર્ષથી સુરતમા રહે છે.

---

# સાવા પાટિયા પાસે ટેન્કર પાછળ કાર ઘૂસી ગઇ : કાર પાછળ ટ્રક ઘુસી ગયો





બારડોલી | માંગરોળ તાલુકાના સાવા પાટિયા પાસે મોડી રાત્રે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બનેલી અકસ્માતની ઘટનામાં કારના બોનેટના ભાગે મોટું નુકશાન થવા પામ્યું હતું. તે દરમિયાન થોડીક જ ક્ષણોમાં અકસ્માતગ્રસ્ત કાર પાછળ ટ્રક ઘુસી ગયો હતો. બનેલી ત્રીપલ અકસ્માતની ઘટનામાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. જિલ્લા ટ્રાફિક પોલીસ અને NHAI વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને અકસ્માતગ્રસ્ત વાહનો હાઈવેની સાઈડ પર ખસેડ્યા હતા. સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે 48 પર સતત અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ગત મોડી રાત્રે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી હતી. માંગરોળ તાલુકાના સાવા ગામના પાટિયા પાસે એક ટ્રકમાં યાંત્રિક ખામી સર્જાતા ટ્રકચાલકે અચાનક બ્રેક મારી ટ્રક ઊભી રાખી હતી. તે દરમિયાન પાછળથી આવી રહેલી કાર સીધી ટ્રકમાં ઘુસી ગઈ હતી. જેને પગલે કારના બોનેટના ભાગે મોટું નુકશાન થયું હતું. તે દરમિયાન થોડીક જ ક્ષણોમાં અકસ્માતગ્રસ્ત કાર પાછળ અન્ય ટ્રક ઘૂસી જતા કારનો કચ્ચરઘાણ ઘાણ નીકળી ગયો હતો. ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિકજામ થયો હતો. સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ NHAI વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને અકસ્માતગ્રસ્ત વાહનો સાઈડમાં મૂકી હાઈવે પર ટ્રાફિક હળવો થાય એ દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થયાના મળ્યા ન હતા. જેને લઈને સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

### આમોદર પાસે ડાબી બાજુથી ઓવરટેક કરતાં અકસ્માત

# 2 કાર પલટી મારતા હનુમાનજી મંદિરે દર્શને જતા યુવાનનું મોત

વડોદરા : વાઘોડિયા-વડોદરા સ્ટેટ હાઈવે પર આમોદર ગામ પાસે અકસ્માતના પગલે બે કારે પલટી મારતાં પીપળીયાથી વાઘોડિયારોડ પર હનુમાનમંદિરે દર્શન માટે આવતા યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં પાંચ વિદ્યાર્થીઓ સહિત સાતને ઈજા થતા સારવાર માટે ખસેડાયા હતાં.

વાઘોડિયા તાલુકાના ઈશ્વરપુરા ખાતે દ્વારકાધીશ બોયઝ હોસ્ટેલ ખાતે રહેતાં અને પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થી મૂળ મોરબીના પ્રિન્સ મુસ્તાક નાથાણીએ વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું અને મારો મિત્ર અમરભાઈ તેમજ તેનો ભાઈ અશોક ઉર્ફે ઉસ્તાદ રામસ્વરૂપ પરીયાઠાકોર (રહે. રણછોડનગર-૨, સમા-સાવલીરોડ, મૂળ ઉત્તર પ્રદેશ) ગઈકાલે બપોરે કારમાં પીપળીયા ખાતે આવેલ સાઈનારાયણ ફૂડકોર્ટમાં ગયા હતા અને ત્યાંથી વડોદરાના ઉમા ચાર રસ્તા પાસે હનુમાનજી મંદિરે દર્શન માટે કારમાં જતા હતાં. આ વખતે કાર અશોક ચલાવતો હતો.

કાર આમોદર ગામ પાસેથી પસાર થતી હતી ત્યારે કારની આગળ જતી સ્કોડાને ડાબી બાજુથી ઓવરટેક કરવા જતા અશોકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર સ્કોડાને આગળ કટ મારી ડિવાઈડર કૂદાવી રોંગ સાઈડ પર જઈને પલટી મારી હતી આ સાથે જ પાછળથી સ્કોડા પણ અથડાતા તેને પલટી મારી હતી.

અકસ્માતમાં કારમાંથી બહાર ફેંકાઈ ગયેલા અશોકનું કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે લોકો ભેગા થઈ ગયા હતા અને કારમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતાં.સ્કોડા કારમાં બેસેલા અને સુમનદીપ યુનિવર્સિટીમાં મેડિકલમાં અભ્યાસ કરતાં રચિત કેતન શાહ, નિશી કેતન શાહ, તનિષ્કા રાજેશ કટારીયા, ગીતીકા જીતેન્દ્ર શર્મા અને અનુષ્કા ગૌતમ શાકલાને ઈજા થઈ હતી. આ બનાવ અંગે વાઘોડિયા પોલીસે અકસ્માત અંગે મૃતક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### 3 થી 4 વખત નોટિસ ફટકારી છતાં દબાણકર્તાઓએ ન ગણકારી

# બરવાળામાં ઓપરેશન ડીમોલેશન, કોર્ટ સામેની 48 દુકાનનો સફાયો



બરવાળા : બરવાળા શહેરમાં કોર્ટની સામે ખડકાયેલા પાકા બાંધકામોના દબાણોનો સફાયો બોલાવવા મામલતદાર દ્વારા ઓપરેશન ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને પાવર કાપવા પીજીવીસીએલના સ્ટાફને સાથે રાખી ન.પા. તંત્રે ૪૮ દુકાન ઉપર બુલડોઝર ફેરવી સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

બરવાળા શહેરના નાવડા રોડ પર આવેલી ફૌજદારી અને દિવાની કોર્ટ સામે સરકારી જગ્યા પર ૪૮ જેટલી પાકી દુકાનના દબાણ ખડકી દેવામાં આવ્યા હતા. આ સરકારી જગ્યા ખુલ્લી કરવા નગરપાલિકા દ્વારા અગાઉ ત્રણથી ચાર વખત નોટિસ ફટકારવામાં આવી હતી. તેમ છતાં દબાણકર્તાઓએ નોટિસને પણ ન ગણકારતા આખરે આજે મંગળવારે બરવાળા મામલતદાર સી.આર. પ્રજાપતિ અને તેમની ટીમે પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને દુકાનોના વીજ કનેક્શન કાપવા માટે પીજીવીસીએલના સ્ટાફને સાથે રાખી ઓપરેશન ડીમોલેશન હાથ ધર્યું હતું. જેમાં ગેરકાયદે ખડકાયેલી ૪૮ દુકાન ઉપર જેસીબી ફેરવી દબાણો હટાવી સરકારી જમીન ખુલ્લવ્યા હતા. મામલતદારની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ કામગીરી દરમિયાન લોકોના ટોળા એકઠા થયા હતા. પ્રથમ વખત મોટા પ્રમાણમાં થયેલી દબાણ હટાવની કામગીરીને લઈ અન્ય દબાણકર્તાઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

બરવાળા શહેરમાં નાવડા રોડ પર એક સાથે ૪૮ દુકાનના દબાણો હટાવ્યા બાદ હવે બરવાળા-ભાવનગર હાઈવે પરની બન્ને બાજુમાં ખડકાયેલા દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી આગામી થોડા દિવસોમાં કરવા તૈયારીઓ થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. જેને લઈ ઘણાં મોટા માથાઓ પોતાના દબાણો દૂર ન થાય તે માટે રાજકીય ભલામણો કરવા લાગ્યા હોવાનું ચર્ચાતું સાંભળવામાં આવી રહ્યું છે. ત્યારે સરકારી જમીન ઉપર રાજકીય લોકોના જ દબાણો હટાવવામાં આવશે કે પછી પહેલાની જેમ તલવાર મ્યાન થઈ જશે ? તેવા સવાલો ઉઠયા છે.

### ખેડા જિલ્લામાં અકસ્માતના બે બનાવ

# પલાણા રોડ ઉપર સ્કૂટરની અડફેટે ચકલાસીના બાઈકચાલકનું મોત

નડિયાદ : ખેડા જિલ્લામાં અકસ્માતના બે બનાવો બન્યા હતા. વસો તાલુકાના પલાણા રોડ ઉપર એવિયેટર સ્કૂટરએ બાઈકને ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે પરીએજ વન વિભાગ નજીક ફોરવ્હીલ ગાડી મોટરસાયકલ સાથે અથડાતા બાઈક સવાર બંને યુવાનોને ઈજા થઈ હતી. આ બનાવ અંગે વસો તેમજ લીંબાસી પોલીસે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.ચકલાસીમાં રહેતા પ્રિયંકકુમાર પ્રભાતભાઈ વાઘેલા ઈ-કોમ કુરિયર સર્વિસ નડિયાદમાં નોકરી કરે છે. તેઓ તા.૨૨ જાન્યુઆરીની બપોરે મોટરસાયકલ લઈ કુરિયરના પાર્સલની ડિલિવરી કરવા નીકળ્યા હતા. આ દરમિયાન તે પલાણા જામવન તલાવડી રોડ વળાંક ઉપરથી પસાર થતા હતા. ત્યારે એવીએટર સ્કૂટરએ બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકને રોડ ઉપર ફંગોળાઈ જતા માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થઈ હતી. જેથી બાઈકચાલક પ્રિયંકકુમાર વાઘેલા (ઉં.વ.૩૩)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

આ બનાવની જાણ થતા વસો પોલીસ તેમજ મૃતકના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે લાશનું સરકારી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવી લાશને પરિવારજનોને સોંપીને સ્કૂટર ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં બામણગામમાં રહેતા નિર્મલ મહેન્દ્રભાઈ ચાવડા અને તેમનો મિત્ર સંજય રાયસીંગભાઈ રાઠોડ વડાલાની કંપનીમાં નોકરી પરથી સાંજે મોટરસાયકલ લઈને ઘરે જતા હતા. આ દરમિયાન પરીએજ વન વિભાગ નજીક પુર ઝડપે હંકારી આવેલા ફોરવ્હીલ ગાડીએ મોટરસાયકલને ટક્કર મારતા બાઈક સવાર નિર્મલભાઈ તેમજ સંજયભાઈને રોડ ઉપર પડી જતા ઈજા થઈ હતી.જેથી બંનેને નજીકની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે કરમસદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી સંજયભાઈને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગાડીના ચાલક સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### ગટરનું પાણી ખસેડવા જનરેટર મુકી મોટર ઉતારાઈ

# નડિયાદમાં 50 મીટર ગટરનું પાણી ધકેલવાનો માસિક ખર્ચ 2.50 લાખ રૂપિયા.!



નડિયાદ : નડિયાદ કપડવંજ રોડ પર કોર્ટની સામેની ગટરના એક પોઈન્ટમાં મોટર ઉતારી પાણી ઉલેચી આ પોઈન્ટમાં બહાર નખાયેલી પાઈપ આગળના પોઈન્ટ સુધી પહોંચાડી ગટરના પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ માટે નડિયાદ નગરપાલિકા દર મહિને અઢી લાખ ઉપરાંતનો ખર્ચ કરી રહી છે. જો કે, સ્થળ પર માત્ર ૬૫ થી ૭૦ હજાર રૂપિયાનો માસિક ખર્ચ છે, જો કે, કોન્ટ્રાક્ટરને લ્હાણી કરી પાછલા બારણે સત્તાધારીઓ પોતાના પણ આથક હિતો સંતોષતા હોય, તેવી ચર્ચાઓએ જોર પકડયુ છે.નડિયાદમાં કોર્ટથી શરૂ થઈ બિલોદરા ચોકડી સુધીના શહેરી વિસ્તારના ગટરનું કનેક્શન નડિયાદ શહેર તરફ આપવામાં આવેલુ છે. આ ગટરના કનેક્શનમાં નડિયાદ જિલ્લા કોર્ટની સામે થોડા વખત પહેલા ખામી સર્જાતા, પાલિકાએ ત્યાં કોન્ટ્રાક્ટ આપી સમારકામ કરાવ્યુ હતુ. પરંતુ તે કામગીરી નિષ્ફળ ગઈ છે.

જેના પરીણામે નડિયાદ નગરપાલિકાએ નવો કોન્ટ્રાક્ટ આપી કોર્ટની સામે જ્યાં ગટરમાં પાણી ચોકઅપ થતુ હતું, ત્યાં એક મોટર ઉતારી છે, તેમજ આ મોટર ચલાવવા માટે હેવી લોડનું જનરેટર મુકાયુ છે. આ મોટર થકી એક બાહ્ય પાઈપ જોઈન્ટ કરાઈ છે. જે આ ચોકઅપવાળા પોઈન્ટથી આગળ પેટ્રોલ પંપ પાસેના ગટરના પોઈન્ટ સુધી એટલે કે અંદાજીત ૫૦ મીટર સુધી બહાર રોડની સાઈડ પર મુકાઈ છે. જેના થકી એક પોઈન્ટથી બીજા પોઈન્ટ સુધી ગટરનું પાણી નિકાલ કરવામાં આવી રહ્યુ છે. જો કે, આ મામલે સૌથી ચોંકાવનારી વિગતો એવી છે કે, આ ગટરનું પાણી ૫૦ મીટર દૂર ઠાલવવા માટે નડિયાદ નગરપાલિકાને માસિક ૨.૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કરે છે. જો કે, સ્થળ પરની સ્થિતિ જોતા માત્ર ૬૫થી ૭૦ હજારનો ખર્ચ માસિક કરાતો હોવાનું દેખાઈ રહ્યુ છે. જેમાં રોજના ૨૦ લીટર ડીઝલથી જનરેટર ચલાવી, તેના થકી મોટર ઉતારી પાણી ઉલેચી આગળ મોકલાઈ રહ્યુ છે. તેમજ ત્યાં રાખવામાં આવતા મજૂરને ૩૦૦ રૂપિયા રોજ એટલે કે માસિક ૯ હજાર રૂપિયા ચુકવાય છે. જેથી ડીઝલ અને મજૂરીનો ખર્ચનો માસિક હિસાબ કરતા ૬૫ હજારની આસપાસ ખર્ચ થાય છે. ત્યારે નડિયાદ નગરપાલિકા અઢી લાખની લ્હાણી કરી કોન્ટ્રાક્ટરને માલામાલ કરવા આ કોન્ટ્રાક્ટ ચલાવતી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. તો સાથે જ નગરપાલિકાના માનીતા કોન્ટ્રાક્ટર સંજય વાણીયા પાસે જ આ કોન્ટ્રાક્ટ છે, જેથી નગરપાલિકાની નીતી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

# ખાધપદાર્થના નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં બે દુકાનદારો દંડાયા

આણંદ : આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બિનઆરોગ્યપ્રદ ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ થતું હોવાની ફરિયાદો વચ્ચે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તપાસ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં બોરસદના જનતા બજાર ખાતે આવેલા મહેશ્વરી કિરાણા સ્ટોર્સમાંથી લીધેલો નમૂનો મિસબ્રાન્ડેડ જાહેર થતા પેઢી માલિકને રૂા.૧૦ હજારનો દંડ કરાયો છે. જ્યારે ઉમરેઠની મહાકાળી ડેરીનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં તેના પણ પેઢી માલિકને રૂા.૧૦ હજારનો દંડ કરાયો છે.

આણંદના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા બોરસદ તાલુકાના જનતા બજાર ખાતે જુગલભાઈ લેખરાજ શાહ પાસેથી મહેશ્વરી કિરાણા સ્ટોર્સમાંથી તેજા હોટ મરચું પાવડરની ખરીદી કરી જથ્થાના નમૂનાનો એક ભાગ ફૂડ એનાલિસ્ટ ભુજને મોકલવામાં આવ્યો હતો, જે મિસ બ્રાન્ડેડ જાહેર થયો છે.

મિસ બ્રાન્ડેડ ખાદ્ય ચીજનું ઉત્પાદન કરી તેનું વેચાણ કરતા હોવાનું પુરવાર થતા આણંદના એડજ્યુડિકેટિંગ ઓફીસર અને નિવાસી અધિક કલેક્ટર દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ મહેશ્વરી કિરાણા સ્ટોર્સના માલિક જુગલભાઈ શાહને રૂા.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમજ ઉમરેઠ તાલુકાના પંચવટી બજાર ખાતે આવેલી મહાકાળી ડેરી ખાતેથી પ્રણવ પટેલ પાસેથી લો ફેટ પનીરની ખરીદી કરી જથ્થાના નમૂનાનો એક ભાગ ભુજ મોકલવામાં આવ્યો હતો. જે નમૂનો પણ સબસ્ટાન્ડર્ડ જાહેર થતા ઉમરેઠના મહાકાળી ડેરીના માલિક પ્રવણ પટેલને રૂા.૧૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

### ગણતરીની મિનિટોમાં સામાન્ય સભા સંપન્ન થઈ

# આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં 17 કામો મંજૂર કરાયા



આણંદ : આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા મંગળવારે બપોરે જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે મળી હતી. જેમાં એજન્ડામાં સમાવિષ્ટ ૧૫ કામો તથા અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલા બે કામો મળી તમામ ૧૭ કામોને બહુમતિથી મંજૂર કરવામાં આવ્યા હતા.

આણંદ જિલ્લા પંચાયતના સભાખંડમાં મંગળવારે બપોરે બે વાગ્યે જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષ સ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં સામાન્ય સભા મળી હતી. જો કે આજની સામાન્ય સભા ગણતરીની મિનિટોમાં સંપન્ન થઈ હતી.

સામાન્ય સભા દરમિયાન વિરોધ પક્ષના નેતા નટવરસિંહ મહિડાએ જિલ્લાના વિવિધ સ્થળોએ વિકાસના કામોમાં થતા વિલંબ અંગે પ્રમુખને રજૂઆત કરી હતી. જેમાં વર્ષ ૨૦૧૯-૨૦માં મંજૂર થયેલા રોડના કામ હજી સુધી પૂર્ણ ન થયા હોવાનું તેઓએ જણાવ્યું હતું. આજની સામાન્ય સભામાં ગત મળેલી સામાન્ય સભાની કાર્યવાહીની બહાલી તથા અમલીકરણ નોંધ અને ગેરહાજર સભ્યની રજા મંજૂર કરવા તથા કામ નં.૪માં પ્રશ્નોત્તરીનું કામ લેવાયું હતું. પ્રશ્નોત્તરીના કામમાં વિરોધ પક્ષના નેતાએ વિકાસના કામોમાં થતા વિલંબ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. આ ઉપરાંત ૧૫મા નાણા પંચની ગ્રાન્ટ અપૂરતી વપરાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. સાથે સાથે અપૂરતા મહેકમના કારણે પંચાયતના કર્મચારીઓ ઉપર કાર્યબોજ વધુ હોવા અંગે સરકારમાં રજૂઆત કરી વિવિધ વિભાગોમાં મહેકમ ભરવા ધ્યાન દોર્યું હતું.

**ગોઠાજથી ખંભાલીનો રસ્તો બિસ્માર બનતા વાહનચાલકો પરેશાન |** નડિયાદ : મહેમદાવાદ તાલુકાના ગોઠાજ ગામથી ખંભાલીના બિસ્માર રસ્તાનું સમારકામ કરવા ગ્રામજનોએ અવાર નવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. આ રોડનું વહેલી તકે સમારકામ કરવા ગ્રામજનોએ માગણી કરી છે.ગોઠાજથી ખંભાલી તરફનો રોડ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. આ રોડ ઉપરથી કપચી ઉડી રહી હોય રોડ ધૂળીયો બની ગયો છે. રસ્તા ઉપર ભયજનક ખાડા પડી ગયા હોય વાહનચાલકો માટે આ રસ્તો માથાનો દુઃખાવો બન્યો છે. તેમજ રસ્તાની બંને બાજુ કાંટાળા ઝાડ ઊગી નીકળ્યા છે. જેથી રોડ ઝાડી ઝાંખરા તેમજ નમી ગયેલા ઝાડની ડાળીઓથી સાંકડો થઈ ગયો છે. રસ્તો એટલી હદે જાડી જાખરાથી ઢંકાઈ ગયો છે કે, વાહન ચાલકો સામેથી આવતું વાહન જોઈ ન શકાતા અકસ્માતના બનાવો બની રહ્યા હોવાના આક્ષેપો વાહનચાલકો દ્વારા કરાઈ રહ્યા છે. ત્યારે આ રોડનું સમારકામ કરવા તેમજ રોડની બંને સાઇડ ઉપર ઊગી નીકળેલા ઝાડી ઝાંખરા દૂર કરવા ગ્રામજનોએ માગણી કરી છે. જો આગામી સમયમાં આ રોડનું સમારકામ તેમજ બંને સાઈડ પર જંગલ કટીંગ કરવામાં નહીં આવે તો ગામજનોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

**સિદ્ધપુર માતૃગયા તીર્થમાં શ્રાદ્ધ-તર્પણ માટે 1 ફેબ્રુઆરીથી ઓનલાઇન બુકિંગ, બિંદુ સરોવરનું 70 કરોડના ખર્ચે પુનઃનિર્માણ**

ગાંધીનગર : દેશના એકમાત્ર માતૃગયા તીર્થ તરીકે પ્રખ્યાત ગુજરાતના સિદ્ધપુર ખાતે હવે શ્રાદ્ધ તેમજ તર્પણ વિધિ માટે ઑનલાઇન બુકિંગ કરાવી શકાશે. શ્રદ્ધાળુઓ માટે ઑનલાઇન બુકિંગની આ સુવિધા આગામી 1 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ સંચાલિત માતૃગયા તીર્થ સિદ્ધપુર-પાટણમાં આવેલું છે. કારતક સુદ અગિયારસથી પુનમ સુધીના વિશ્વપંચક પર્વ સમયે લાખો શ્રદ્ધાળુઓ સિદ્ધપુર ખાતે સ્નાન, દાન અને પિંડ પ્રદાન કરી માતૃ-પિતૃઓને સંતોષી શકે છે.શ્રાદ્ધ વિધિ માટે આવનાર દેશભરના શ્રદ્ધાળુઓ માટે કોઇ અગવડ ન પડે તે હેતુથી બોર્ડ દ્વારા 'ઑનલાઇન ક્યૂ મૅનેજમેંટ સિસ્ટમ' પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બિંદુ સરોવર ખાતે શ્રાદ્ધ વિધિ કરાવવા ઇચ્છતા લોકો સ્થળ પર અથવા વેબ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ટોકન ફી મારફતે પણ ડિજિટલ પેમેન્ટની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ પોર્ટલ પર સ્પેશિયલ હૉલ રજીસ્ટ્રેશન, એક પરિવાર દીઠ રજિસ્ટ્રેશન, સ્થાનિક નાગરિકો માટે દર્શન સુવિધા, સ્થાનિક નાગરિકોને શ્રાદ્ધ વિધિ કરવા જેવી મહત્વની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# મહાપાલિકાનુ 1,200 કરોડથી વધુનુ બજેટ રજુ કરાશે, બેઠકનો ધમધમાટ

### ભાવનગર મનપાના બજેટમાં સુધારા-વધારા માટે કમિશનરે અધિકારીઓની બેઠક બોલાવી

ભાવનગર : દર વર્ષે માર્ચ માસ પૂર્વે ભાવનગર મહાનગરપાલિકાનુ બજેટ મંજુર કરવાનુ હોય છે તેથી હાલ મહાપાલિકાએ આગામી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ અંગેની તૈયારીઓ હાથ ધરી છે. અંદાજપત્રમાં સુધારા-વધારા કરવા માટે અધિકારીઓની બેઠકો મળી હતી, જેમાં આજે મંગળવારે પ્રથમ દિવસે ૧૦થી વધુ વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા કરવામાં આવી હતી. આવતીકાલે બુધવારે પણ કેટલાક વિભાગના અધિકારીઓ સાથે બજેટ અંગે સમીક્ષા કરવામાં આવશે. કમિશનરની સુચના મુજબ બજેટમાં સુધારા-વધારા કર્યા બાદ બજેટ પાસ કરવા માટે સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં મોકલાશે. આશરે રૂ. ૧,૨૦૦ કરોડથી વધુનુ બજેટ મંજુર કરાશે તેમ જાણવા મળેલ છે.

ભાવનગર મહાનગરપાલિકામાં આજે મંગળવારે આગામી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ અંગે અધિકારીઓની બેઠક બોલાવી હતી. કમિશનરના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી, જેમાં પ્રથમ દિવસ નાયબ કમિશનર એડમીન અને નાયબ કમિશનર જનરલ હેઠળના આવતા ઘરવેરા, એસ્ટેટ, ટાઉન પ્લાનીંગ, ડ્રેનેજ, ટાઉન પ્લાનીંગ, ટાઉન ડેવલપમેન્ટ, કોમ્પ્યુટર, આરોગય, યુસીડી, એકાઉન્ટ સહિતના વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતાં. આ બેઠકમાં અધિકારીઓએ બજેટ અંગે ચર્ચા કરી હતી. કયાં વિભાગમાં કેટલો ખર્ચ કરવો અને કેટલો ખર્ચ ઘટાડવો ? સહિતની સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરે જુદા જુદા વિભાગના અધિકારીઓના અભિપ્રાય મેળવ્યા હતાં. આવતીકાલે બુધવારે સીટી એન્જીનીયર હેઠળ આવતા વિભાગના અધિકારીઓ સાથે બજેટ અંગે સમીક્ષા કરવામાં આવશે. કમિશનરે પ્રથમ દિવસે કેટલાક વિભાગના અંદાનપત્રમાં સુધારા-વધારા કરવા સુચના આપી હોવાનુ જાણવા મળેલ છે. આ સુધારા-વધારાની કામગીરી હાથ ધરવામાં આવશે. સુધારા-વધારા સાથેનુ બજેટ પાસ કરવા માટે સ્ટેન્ડીંગ કમિટિમાં મોકલવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટિના સભ્યો પણ બજેટ બેઠક બોલાવશે અને જુદા જુદા અધિકારીઓ સાથે ચર્ચા કરશે, ત્યારબાદ સ્ટેન્ડીંગ કમિટિના સભ્યો બજેટમાં સુધારા-વધારા કરાવશે તે કર્યા બાદ સુધારા-વધારા સાથેનુ બજેટ મંજુર કરશે. આ બજેટ પાસ થવા માટે સાધારણ સભામાં જશે. આશરે રૂ. ૧૨૦૦ કરોડથી વધુનુ બજેટ મંજુર કરાશે તેમ મનપાના સુત્રોએ જણાવેલ છે. આગામી તા. ૩૧ માર્ચ પહેલા સાધારણ સભામાં બજેટ મંજુર કરવાનુ હોય છે તેથી મહાપાલિકા પાસે હજુ બે માસ કરતા વધુ સમય છે.

ભાવનગર મહાપાલિકામાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૨૭૮,૫૬,૦૦,૦૦૦ના અંદાજપત્રને સાધારણ સભામાં સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી, જેમાં ૧૧૮૨,૨૯,૦૦,૦૦૦નો ખર્ચ કરતા વર્ષાન્તે રૂ. ૯૬,૨૭,૦૦,૦૦૦ના પુરાંતવાળુ અંદાજપત્ર મંજુર કરવામાં આવ્યુ હતું. આ બજેટની સરખામણીએ આગામી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટની રકમમાં વધારો થશે તેમ જણાય રહ્યુ છે.

### સુજલામ-સુફલામની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાંખતી વખતે દુર્ઘટના સર્જાઈ

# કપડવંજના રૂપજીના મુવાડામાં ભેખડ ધસી પડતા મહિલાનું મોત, 3 ઈજાગ્રસ્ત



નડિયાદ : ખેડા જિલ્લાના કપડવંજ પંથકમાં રૂપજીના મુવાડા ગામે એક ગોઝારી ઘટના બની હતી. જેમાં ગામની સીમમાં સુજલામ સુફલામ અંડર ગ્રાઉન્ડ પાઈપ લાઈનનું કામગીરી ચાલતી હોય મંગળવારે એકાએક જમીનની ભેખડ ધસી પડતા નીચે કામગીરી કરતા ૪ મજૂરો દટાયા હતા. જેમાં એક મહિલાનું મોત નિપજ્યું હતું . જ્યારે ૩ મજૂરોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. કપડવંજ તાલુકાના રૂપજીનામુવાડા ગામે મંગળવારની બપોરે આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ગામની સીમમાં સુજલામ સુફલામ અંડર ગ્રાઉન્ડ પાઈપ લાઈનની કામગીરી ચાલુ હતી. આ દરમિયાન એકાએક જમીન પરની માટી ધસી પડતાં નીચે કામગીરી કરતા મજૂરોમાં ભાગદોડ મચી ગઈ હતી. મહિલા સહિત ૪ જેટલા મજૂરો આ માટી નીચે દબાઈ ગયા હતા. મહામહેનતે આ ચારેયને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં એક મહિલા મજૂરનુ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ?ગંભીર રીતે ઘાયલ ત્રણેય મજૂરોને ૧૦૮ મારફતે કપડવંજની હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. આ ત્રણેય મજૂરોની સ્થિતિ નાજૂક બનતા કપડવંજથી બહાર સારવાર અર્થે રિફર કરાયા હોવાની માહિતી મળી છે. આ અંગે દટાયેલા ચારેય મજૂરોમાં સુમનબેન વરી, સાજનબેન કાજુભાઈ, વિશાલભાઈ દસુ અને સુરેશભાઈનો સમાવેશ થાય છે. બનાવના પગલે ભારે અફડાતફડી મચી ગઈ છે અને ઉચ્ચ અધિકારીઓની ટીમ બનાવ સ્થળે દોડી આવી છે. ગામના સરપંચ મહેન્દ્રસિંહે જણાવ્યું કે, સુજલામ સુફલામ અંડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન કામગીરી ચાલુ હતી આ દરમિયાન ભેખડ ધસી પડતા એકનુ મોત નિપજ્યું છે જ્યારે ૩ ને સારવાર અર્થે ખસેડાયા છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)** કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.

**વૃષભ (બ,વ,ઉ)** ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.

**મિથુન (ક,છ,ઘ)** ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

**કર્ક (ડ,હ)** આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.

**સિંહ (મ,ટ)** આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.

**કન્યા (પ,ઠ,ણ)** આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**તુલા (ર,ત)** આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.

**વૃશ્ચિક (ન,ય)** આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.

**ધન (ભ,ધ,ફ)** તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

**મકર (ખ,જ)** આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**કુંભ (ગ,શ,સ)** ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.

**મીન (દ,ચ,ઝ,થ)** આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

# સરવે : દેશની કંપનીઓમાં $5 ટ્રિલિયનના અર્થતંત્રને હાંસલ કરવા આશાવાદ



નવી દિલ્હી | ભારતીય કંપનીઓને સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણમાં સહયોગ, વધારાના સુધારા, ટેક્નોલોજીના વધતા વ્યાપને કારણે $5 ટ્રિલિયનના અર્થતંત્રનું લક્ષ્ય હાંસલ થશે તેવો આશાવાદ હોવાનું ડેલોઈટ ટચ તોહમાત્સુ ઈન્ડિયા એલએલપીના CXO સરવેમાં કહેવામાં આવ્યું છે. આગામી નાણાકીય વર્ષે બિઝનેસ લીડર્સ મજબૂત આર્થિક વૃદ્ધિદરનો અંદાજ વ્યક્ત કરી રહ્યાં છે ત્યારે ડેલોઈટ અનુસાર 50% ભારતીય કંપનીઓએ નાણાકીય વર્ષ 2025માં ભારત 6.5%થી વધુનો આર્થિક વૃદ્ધિદર હાંસલ કરશે તેવો આશાવાદ દર્શાવ્યો છે.
દેશના સેક્ટર્સમાં ઓટોમોટિવ (50%), કન્ઝ્યુમર્સ અને રિટેલ (66%), ટેક્નોલોજી, મીડિયા અને ટેલીકોમ્યુનિકેશન (47%) અને એનર્જી, રિસોર્સ અને ઈન્ડસ્ટ્રીયલ્સ (44%) ઉચ્ચ વૃદ્ધિદરનું અનુમાન ધરાવે છે. રિપોર્ટ અનુસાર સરકારી પ્રોત્સાહનો, વેપાર માટેના કરારમાં વધારો, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો અને ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટેની પોલિસી (જેમ કે મેન્યુફેક્ચરિંગમાં ઓટોમેશન અને ટકાઉ ટેક્નોલોજી માટે રોકાણમાં વૃદ્ધિ) આ મોમેન્ટમને વધુ વેગ આપશે. તદુપરાંત સતત બદલાતી ગ્રાહકોની પસંદગી અને ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં મજબૂત માંગથી પણ આ પરિબળને વેગ મળશે.
ભારત ઈનોવેશન અને રિસર્ચના ગ્લોબલ હબ તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. સરકારનો સહયોગ આર એન્ડ ડીની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે, જેમાં મજબૂત મેન્યુફેક્ચરિંગ ઉપરાંત સેમીકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીમાં વિશ્વમાં મોખરાના સ્થાને રહેવાનું પણ લક્ષ્ય છે.
સેમીકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીમાં નોંધપાત્ર ગ્રોથનું અનુમાન વ્યક્ત કરી રહ્યાં છે ત્યારે તેઓ રોકાણને આકર્ષિત કરવા માટે સરકાર દ્વારા લાંબા ગાળાની પોલિસીનું માળખું રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા પણ ધરાવે છે. સરવેમાં સામેલ કંપનીઓમાંથી 64% કંપનીઓએ R&D સહયોગ માટેની વકીલાત કરી હતી જ્યારે 57 ટકા કંપનીઓએ ઔદ્યોગિક વૃદ્ધિ માટે અસરકારક ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ ફ્રેમવર્કના મહત્વ પર ભાર મૂક્યો હતો.

## AIના ઉપયોગ પર નિયમનની અપેક્ષા

આજે આધુનિક બિઝનેસમાં AI પાયો બન્યું છે, જે ગ્રોથ માટે અનેક તકોના દ્વાર ખોલે છે. 99% કંપનીઓ AIના સતત વિકાસની અપેક્ષા ધરાવે છે જ્યારે 70% કન્ઝ્યુમર અને રિટેલ કંપનીઓ AIના ઉપયોગ પર સરકાર દ્વારા નિયમનની અપેક્ષા રાખે છે. તદુપરાંત ડેટા અને સિસ્ટમ માટે પણ ધોરણો હોય તે જરૂરી છે.

### ઝીના ફાઉન્ડર સુભાષ ચંદ્રાએ નાણાપ્રધાન નિર્મલા સીતારમણને લેટર લખ્યો તેમના દખલની પણ માગ કરી

# SEBI પર ઝી-સોની મર્જરને રોકવાનો આરોપ...



નવી દિલ્હી | ઝીના સ્થાપક અને પ્રમોટર સુભાષ ચંદ્રાએ નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને સેબી પર સોની સાથે મર્જરને રોકવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. જોકે, તેમણે આ ચિઠ્ઠી મર્જર તૂટવાના એક અઠવાડિયા પહેલાં 16 જાન્યુઆરીએ લખી હતી. સુભાષ ચંદ્રાએ સેબી વિશે પત્રમાં લખ્યું છે કે શેરબજાર રેગ્યુલેટર 'પૂર્વ-નિર્ધારિત માનસિકતા' સાથે કામ કરી રહ્યું છે. તેમણે લઘુમતી શેરધારકોના હિતોની રક્ષા કરવા માટે નાણામંત્રીના હસ્તક્ષેપની પણ માગ કરી હતી.
સુભાષ ચંદ્રાએ લખ્યું, 'હું એવું સૂચન કરતો નથી કે જો સેબીને કોઈ પ્રકારની શંકા હોય તો તેમણે તપાસ ન કરવી જોઈએ. કંપની અને અન્ય તમામ તપાસમાં સહકાર આપી રહ્યા છે, ડિપાર્ટમેન્ટે ભૂતપૂર્વ ડિરેક્ટરને પણ સમન્સ પાઠવ્યા છે, તેમની 4 કલાકથી વધુ પૂછપરછ કરવામાં આવી છે. મારી ચિંતા આ નવી સૂચનાનો સમય અને આવશ્યકતા છે કારણ કે તે Zee અને Culver Max ના મર્જરની સમયરેખા સાથે એકરુપ છે.

## સોનીએ 22 જાન્યુઆરીએ ઝી સાથે મર્જર રદ કર્યું હતું

સોનીએ 22 જાન્યુઆરીએ ઝી સાથે મર્જર રદ કર્યું હતું. આ બંને કંપનીઓએ ડિસેમ્બર 2021માં આ માટે કરાર કર્યા હતા. જો આ મર્જર થયું હોત, તો Zee+ Sony 24% થી વધુ વ્યુઅરશિપ સાથે દેશનું સૌથી મોટું મનોરંજન નેટવર્ક બની ગયું હોત. સોનીએ મર્જરને સમાપ્ત કરવા માટે આ સોદો રદ કરવા ઝીને પત્ર મોકલ્યો છે. ઝી પર નિયમો અને શરતોના કથિત ઉલ્લંઘનનો આરોપ લગાવતા, તેઓએ 90 મિલિયન ડોલર એટલે કે લગભગ 748 કરોડ રૂપિયાની સમાપ્તિ ફીની પણ માગ કરી છે.

### 2021માં મર્જરની જાહેરાત કરવામાં આવી હતી, 83 હજાર કરોડ રૂપિયાની કંપની બનાવવામાં આવશે

2021માં ઝી એ જાપાનની સોની કોર્પની પેટાકંપની સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા (હવે કલ્વર મેક્સ એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ) સાથે મર્જરની જાહેરાત કરી હતી, પરંતુ અન્ય કારણોની સાથે લેણદારોના વાંધાને કારણે મર્જર પૂર્ણ થયું નથી. આ મર્જરથી 10 બિલિયન ડૉલર (લગભગ 83 હજાર કરોડ રૂપિયા)ની કંપની બની હશે.

### સોનીની 16 મનોરંજન અને 10 સ્પોર્ટ્સ ચેનલો

સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા ટેલિવિઝન ચેનલોનું સંચાલન કરે છે. તેમાં 16 મનોરંજન ચેનલો અને 10 સ્પોર્ટ્સ ચેનલો છે. 1995માં તેમણે ભારતમાં તેની પ્રથમ ચેનલ શરૂ કરી. તેની પાસે ડિજિટલ પ્લેટફોર્મ Sony Liv પણ છે. સોની નેટવર્ક્સ ઈન્ડિયાનું નામ હવે કલ્વર મેક્સ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ છે. તે જાપાની કંપની સોની ગ્રુપ કોર્પોરેશનની પેટાકંપની છે. કંપની 167 દેશોમાં પહોંચી ગઈ છે.

### ઝી દેશમાં 50 ચેનલો અને 40+ આંતરરાષ્ટ્રીય ચેનલો પણ ચલાવે છે

ઝી એક વૈશ્વિક કન્ટેન્ટ કંપની છે, જે દેશમાં 50 ચેનલો ચલાવે છે. તેમાં હિન્દી સામાન્ય મનોરંજન ચેનલો, પ્રાદેશિક મનોરંજન ચેનલો, હિન્દી મૂવી ચેનલો અને અન્ય ચેનલોનો સમાવેશ થાય છે. આ સાથે કંપની 120 દેશોમાં 40 થી વધુ ચેનલો ચલાવે છે. તેની પાસે ડિજિટલ પ્લેટફોર્મ Zee5 પણ છે. ઝીએ 1992માં તેની પ્રથમ ચેનલ ઝી ટીવી શરૂ કરી હતી.

## સોની તેમના કારોબારનું વિસ્તરણ કરી શકતી ન હતી અને તેના પર દેવું હતું

સોની ભારતમાં તેનો કારોબાર વધુ વિસ્તરણ કરી શકી ન હતી, જ્યારે Zee દેવાના બોજ હેઠળ દબાયેલો હતો. ઝી પર દેવાનો બોજ હતો કારણ કે તે લાંબા સમયથી એસ્સેલ ગ્રુપ દ્વારા નિયંત્રિત હતું અને એસ્સેલ પર $2.4 બિલિયન (આશરે રૂ. 20,000 કરોડ)નું દેવું હતું.
આ કારણોસર આ બંને કંપનીઓએ મર્જ કરવાનો નિર્ણય લીધો હતો. આ વિલીનીકરણથી બંને કંપનીઓને વિશાળ અને વૈવિધ્યસભર પ્રેક્ષક આધાર મળશે. સોનીએ 1995માં ભારતમાં તેની પ્રથમ ટીવી ચેનલ શરૂ કરી હતી. ઝીએ તેની પ્રથમ ચેનલ 1992માં શરૂ કરી હતી.

### ફંડિંગ ડીલ વોલ્યુમ 2022 માં 5,114 ડીલ્સની સરખામણીમાં 2023 માં 72 ટકાનો ઝડપી ઘટાડો...

# સ્ટાર્ટઅપ ફંડિંગ 2023માં 62% ઘટીને છ વર્ષની નીચી સપાટીએ



અમદાવાદ | ભારતમાં સ્ટાર્ટઅપ ફંડિંગ ૨૦૨૨માં રૂ. ૧,૮૦,૦૦૦ કરોડની સરખામણીએ ૨૦૨૩માં ૬૨ ટકાથી વધુ ઘટીને રૂ. ૬૬,૯૦૮ કરોડ થયું હતું. ભારતમાં સ્ટાર્ટઅપ્સે ૨૦૧૮માં રૂ. ૧,૦૦,૯૩૦ કરોડ ઊભા કર્યા ત્યાર પછીના આ સૌથી ઓછા ભંડોળના આંકડા છે. ૨૦૨૧માં સૌથી વધુ ભંડોળ ૨,૪૧,૭૮૭ કરોડ રૂપિયા એકત્ર થયું હતું તેમ પ્રાઈવેટ સર્કલના અહેવાલમાં જણાવાયું છે. ૨૦૨૨ માં ૫,૧૧૪ સોદાની સરખામણીમાં ૨૦૨૩ માં ફંડિંગ ડીલ વોલ્યુમ તીવ્ર ૭૨ ટકા ઘટીને ૧,૪૪૪ સોદા થઈ ગયું છે. આ ૨૦૧૮ પછીનો સૌથી ઓછો આંકડો પણ છે, જ્યારે સોદાઓની કુલ સંખ્યા ૪,૧૨૨ હતી. ભારતમાં યુનિકોર્નના નિર્માણમાં પણ મંદી જોવા મળી હતી. ૨૦૨૩માં ભારતમાં માત્ર બે સ્ટાર્ટઅપ્સ, Incred અને Zeptએ યુનિકોર્નનો દરજ્જો હાંસલ કર્યો હતો. ૨૦૨૨માં, ભારતે ૨૩ નવા યુનિકોર્ન જોયા હતા. અહેવાલમાં જણાવાયું છે કે મંદી હોવા છતાં, મજબૂત બિઝનેસ ફંડામેન્ટલ્સ ધરાવતી કંપનીઓ હજુ પણ મોટા રાઉન્ડ ઉભા કરવામાં સફળ રહી છે. લેન્સકાર્ટે અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી પાસેથી ૫૦૦ મિલિયન ડોલરનું સૌથી મોટું ભંડોળ એકત્ર કર્યું. ફોનપેએ ૬૦૦ મિલિયન ડોલરનો મોટો રાઉન્ડ એકત્ર કર્યો હતો, પરંતુ તે તેના પેરેન્ટ વોલમાર્ટ તરફથી હતો તે રીતે તેને ધ્યાનમાં લેવામાં આવ્યું નથી. ૨૦૨૪માં પરિસ્થિતિ સુધરવાની શક્યતા છે. ફંડિંગ રાઉન્ડ ધીમો પડી ગયો હોવા છતાં, વેન્ચર કેપિટલ ફંડ્સ પૂરતા પ્રમાણમાં તૈયાર બેઠા છે. ફંડોમાં સામાન્ય રીતે રોકાણ માટે ૧૦-વર્ષનું ચક્ર હોય છે, અને તેઓ ફક્ત પ્રથમ ત્રણમાં જ મૂડી એકત્ર કરી શકે છે. રોકાણકારોનો સાવચેતીભર્યો અભિગમ હવે લગભગ બે વર્ષથી ચાલુ છે તે જોતાં, અમે આ વર્ષના અંતમાં વીસી પ્રવૃત્તિમાં તેજી જોવાની અપેક્ષા રાખીએ છીએ.

### માલસામાનની હેરફેર ધીમી પડવા ઉપરાંત ખર્ચમાં પણ વધારો...

# રાતા સમુદ્ર કટોકટીને પગલે ભારતના GDP અંદાજમાં ઘટાડા તરફી જોખમ

મુંબઈ | હુથી હુમલાને પરિણામે રાતા સમુદ્રમાં જહાજોની અવરજવર પરપડેલી અસરને પગલે દક્ષિણ એશિયાના દેશોના વેપાર પર તેની સૌથી ગંભીર અસર જોવા મળશે. સમુદ્રમાર્ગે માલસામાનની હેરફેરના અંતરમાં વધારો થવા ઉપરાંત નૂર દરમાં પણ વધારો થશે. રાતા સમુદ્ર અથવા સુએઝ કેનાલ એક મહત્વનો રુટ છે.
જહાજોના અવરજવર પર હાલની ખલેલ લાંબી ચાલશે તો તેનાથી ભારતના આર્થિક વિકાસ દરના અંદાજ પર નકારાત્મક અસર પડવાની શકયતા રહેલી છે, એમ ફીચ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે. રાતા સમુદ્રની ખલેલ ચાલુ રહેશે તો, ભારત તથા બંગલાદેશ માટેના અમારા અંદાજોમાં ઘટાડા તરફી ફેરબદલ કરવાનો આવશે એટલું જ નહીં ૨૦૨૪ માટેના એશિયાના આર્થિક વિકાસ દરના અંદાજમાં પણ ઘટાડો જોવા મળશે, એમ ફીચ જુથના એકમ બીએમઆઈ દ્વારા જણાવાયું હતું.
આ બાબતો ચિંતાની છે કારણ કે ભારત તથા બંગલાદેશ આર્થિક વિકાસ દરની દ્રષ્ટિએ વર્તમાન




વર્ષમાં સારી કામગીરી બજાવવાની ધારણાં રાખવામાં આવી રહી છે, પરંતુ આ બન્ને દેશો રાતા સમુદ્રની ખલેલ સામે જોખમ ધરાવે છે. રાતા સમુદ્ર રુટ સુએઝ કેનાલ સાથે સીધો જોડાયેલો છે જેને કારણે એશિયા તથા યુરોપ વચ્ચેના દરિયાઈ અંતરમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. વૈશ્વિક વેપારનો ૧૨ ટકા વેપાર આ માર્ગે થાય છે.
આ કટોકટીને કારણે માલસામાનની હેરફેર પર અસર પડી છે અને નૂર દરમાં વધારો થયો છે, જેને પરિણામે વિશ્વભરમાં ફુગાવાનું જોખમ ઊભું થયું છે. ભારતમાં આયાતી માલ વધુ ખર્ચાળ બની રહેશે. વેપાર વોલેટિલિટી અંકૂશમાં રહે માટે નિકાસકારોને સરળતાથી ક્રેડિટ મળી રહે તેની ખાતરી રાખવા નાણાંકીય સેવા વિભાગને સૂચના આપવામાં આવી છે. કટોકટી શરૂ થયા બાદ મોટા કન્ટેનરના ભાવ ત્રણ ગણા વધી ગયા છે. રાતા સમુદ્રને ટાળવા જહાજોની અવરજવરનો માર્ગ બદલવાથી વૈશ્વિક વેપારમાં ઘટાડો થશે એટલું જ નહીં શિપિંગ ખર્ચ પણ વધી જશે જેની સીધી અસર આર્થિક પ્રવૃત્તિપર જોવા મળશે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ભારતની નિકાસ પર અસર પડી રહી છે અને ખાસ કરીને કૃષિ કોમોડિટીઝની નિકાસમાં અવરોધ આવી રહ્યો છે કારણ કે યુરોપ માટે રાતા સમુદ્રના રુટનો ભારતના જહાજોએ ઉપયોગ કરવો પડે છે.
રાતા સમુદ્રની કટોકટીની અસર કૃષિ માલોની નિકાસ પર મર્યાદિત રહે તેની સરકાર ખાતરી રાખવામાં માગે છે જેથી કૃષિ આવકમાં ઘટાડો ન થાય, એમ સરકારી સુત્રોએ આ અગાઉ જણાવ્યું હતું.

# એક્સિસ બેંકનો ચોખ્ખો નફો ચાર ટકા વધી રૂ. 6,071 કરોડે રહ્યો

મુંબઈ | ભારતમાં ખાનગીક્ષેત્રની સૌથી મોટી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે નાણાકીય વર્ષ 2024ના ત્રીજા ક્વાર્ટર માટેના પરિણામોની જાહેરાત કરતાં રૂ. 6,071 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે નાણાકીય વર્ષ 2023ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. 5,853 કરોડ હતો. નાણાકીય વર્ષ 2024ના ત્રીજા ક્વાર્ટરમાં બેંકની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (એનઆઈઆઈ) વાર્ષિક ધોરણે 9 ટકા વધી છે તથા ત્રિમાસિક ધોરણે 2 ટકા વધીને રૂ. 12,532 કરોડ થઈ છે, જે નાણાકીય વર્ષ 2023ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. 11,459 કરોડ હતી. નાણાકીય વર્ષ 2024ના ત્રીજા ક્વાર્ટર માટે તેનું નેટ ઈન્ટરેસ્ટ માર્જીન (એનઆઈએમ) 4.01 ટકા રહ્યું છે. ક્યુએબી ધોરણે સીએએસએ વાર્ષિક ધોરણે 13 ટકા અને ત્રિમાસિક ધોરણે 1 ટકા વધ્યો છે, જ્યારેકે સીએએસએ રેશિયો 42 ટકા રહ્યો છે. 31 ડિસેમ્બર, 2023 સુધીમાં બેંકે ગ્રોસ એનપીએ અને નેટ એનપીએ 1.58 ટકા અને 0.36 ટકા નોંધાવી છે. નાણાકીય વર્ષ 2024ના ત્રીજા ક્વાર્ટરમાં બેંકની ફી આવક વાર્ષિક ધોરણે 29 ટકા અને ત્રિમાસિક ધોરણે 4 ટકા વધીને રૂ. 5,170 કરોડ થઈ છે.

# ગિફ્ટ નિફ્ટીએ 22.27 અબજ યુએસ ડોલરનું ઓલ-ટાઇમ હાઇ ફર્સ્ટ સેશન સિંગલ ડે ટર્નઓવર નોંધાવ્યું

મુંબઈ | ભારતીય ઈક્વિટી માર્કેટની ગ્રોથ સ્ટોરીમાં નવો બેન્ચમાર્ક તરીકે રહેલી ગિફ્ટ નિફ્ટીએ નવી સિદ્ધિ નોંધાવી છે અને ટ્રેડિંગ એક્ટિવિટીની બાબતે તેની કલગીમાં વધુ એક સુવર્ણપિચ્છ ઉમેર્યું છે. ગિફ્ટ નિફ્ટીએ 23 જાન્યુઆરી, 2024ના રોજ 22.27 અબજ યુએસ ડોલર (રૂ. 1,85,098 કરોડ જેટલા)ના ટર્નઓવર સાથે 5,18,522 કોન્ટ્રાક્ટ્સની ઓલ-ટાઈમ હાઈ ફર્સ્ટ સેશન સિંગલ ડે ટ્રેડિંગ એક્ટિવિટી નોંધાવી હતી. ગિફ્ટ નિફ્ટીએ 28 નવેમ્બર, 2023ના રોજ 16.76 અબજ યુએસ ડોલરના સિંગલ ડે ફુલ સેશન ટ્રેડિંગ ટર્નઓવરનો તેનો અગાઉનો રેકોર્ડ વટાવ્યો હતો. 3 જુલાઈ, 2023ના રોજ ગિફ્ટ નિફ્ટીના ફુલ-સ્કેલ ઓપરેશન શરૂ થવા સાથે એનએસઈ આઈએક્સ પર ટ્રેડિંગ ટર્નઓવરમાં અભૂતપૂર્વ વધારો થતો રહ્યો છે. ફુલ સ્કેલ ઓપરેશનના પ્રથમ દિવસથી ગિફ્ટ નિફ્ટીએ 430.06 અબજ યુએસ ડોલરના કુલ ક્યુમ્યુલેટિવ ટર્નઓવર સાતે 10.84 મિલિયનથી વધુ કોન્ટ્રાક્ટ્સનું ટોટલ ક્યુમ્યુલેટિવ વોલ્યુમ જોયું છે. ગિફ્ટ નિફ્ટની સફળતા જોઈને અમે આનંદિત છીએ અને તેમના અભૂતપૂર્વ સમર્થન તથા ગિફ્ટ નિફ્ટીને સફળ કોન્ટ્રાક્ટ બનાવવા બદલ તમામ સહભાગીઓ પ્રત્યે અમારો આદર વ્યક્ત કરીએ છીએ.

# બોનલોન ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ હવે સ્થાપશે એલ્યુમિનિયમ પ્લાન્ટ

મુંબઈ | કોપર વાયર બનાવનાર કંપની બોનલોન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ હવે એલ્યુમિનિયમ રૉડ અને ઈંગટ્સ નિર્માણનો પ્રોજેક્ટ સ્થાપિત કરી રહી છે. બીએસઈમાં લિસ્ટેડ બોનલોન ઈન્ડસ્ટ્રીઝ પોતાનો નવો આધુનિક એલ્યુમિનિયમ પ્લાન્ટ મહારાષ્ટ્રના તલોજા એમઆઈડીસીમાં સ્થાપશે. જેની શરૂઆતમાં વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 75 હજાર ટન હશે. આ પ્લાન્ટમાં એલ્યુમિનિયમ સ્ક્રેપથી રૉડ, વાયર અને ઇંગટ્સ બનાવવામાં આવશે, જેની વિવિધ ક્ષેત્રોમાં માંગ વધી રહી છે. ટૂંકમાં જ નિર્માણ શરૂ કરવાની યોજના કંપનીના એક વરિષ્ઠ અધિકારી અનુસાર, નવા એલ્યુમિનિયમ પ્લાન્ટ માટે તલોજામાં જગ્યા લઈ લેવામાં આવી છે અને ટૂંકમાં જ નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. આ નવા પ્લાન્ટમાં નાણાકીય વર્ષ 2024-25થી જ ઉત્પાદન શરૂ કરવાની યોજના છે. નવો પ્લાન્ટ 4થી 5 ટકા ચોખ્ખા નફા માર્જિનની સાથે કંપનીના વ્યવસાયમાં વાર્ષિક 200થી 250 કરોડ રૂપિયાનું યોગદાન આપશે. અરૂણ કુમાર જૈન ફેમિલી દ્વારા પ્રમોટ બોનલોન ઈન્ડસ્ટ્રીઝ 25



વર્ષ જૂની કંપની છે, જે મુખ્યત્વે કોપર વાયર અને રૉડનું નિર્માણ કરે છે. બોનલોનમાં પ્રમોટર જૂથની 64 ટકા ભાગીદારી છે. 4 ગણો થશે વેપાર બોનલોન ગ્રુપની આ કંપની કોપર નિર્માણની સાથે ફેરસ અને નૉન-ફેરસ મેટલના વેપાર, હોટલ બિઝનેસ અને સિવિલ કંસ્ટ્રક્શનના ક્ષેત્રમાં પણ કાર્યરત છે. વિભિન્ન ઉદ્યોગ ક્ષેત્રોમાં કોપર વાયર અને રૉડની વધતી માંગના કારણે પાછલા ત્રણ વર્ષોમાં તેનો વેપાર 135 કરોડથી આશરે 4 ગણો વધી 511 કરોડ રૂપિયા થઈ ગયો છે.

# બીએલએસ ઇ-સર્વિસીસ લિમિટેડનો IPO 30 જાન્યુઆરીના રોજ ખૂલશે

નવી દિલ્હી | બીએલએસ ઈ-સર્વિસીઝ લિમિટેડ ("બીએલએસઈએલ" અથવા "કંપની") મંગળવારે, 30 જાન્યુઆરી, 2024ના રોજ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓના સંદર્ભે તેની બિડ/ઓફર ખોલશે. પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સની કુલ ઇશ્યૂ સાઇઝમાં 2,30,30,000 સુધીના ઈક્વિટી શેર્સ (11,00,000 ઈક્વિટી શેર્સના હાથ ધરેલા પ્રી-આઈપીઓ પ્લેટમેન્ટ સિવાય)ના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ સોમવાર, 29 જાન્યુઆરી, 2024ના રોજ હશે. બિડ/ઓફર મંગળવાર, 30 જાન્યુઆરી, 2024ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખૂલશે અને ગુરૂવાર, 1 ફેબ્રુઆરી, 2024ના રોજ બંધ થશે. ઈશ્યૂનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 129થી રૂ. 135 નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ 108 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 108 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. ઈશ્યૂમાં બીએલએસ ઈન્ટરનેશનલ શેરહોલ્ડર્સ ("બીએલએસ ઈન્ટરનેશનલ શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન") દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂ. (--) લાખ સુધીના 23,03,000 સુધીના ઈક્વિટી શેર્સના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. અમારી કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને બીએલએસ ઈન્ટરનેશનલ શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન માટે ઈક્વિટી શેર દીઠ રૂ. 7નું ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે ("શેરહોલ્ડર ડિસ્કાઉન્ટ"). અમારી કંપની ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂથી મળનારી કુલ રકમનો નવી ક્ષમતાઓ ઊભી કરવા તથા તેના હાલના પ્લેટફોર્મ્સને કન્સોલિડેટ કરવા માટે તેના ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, બીએલએસ સ્ટોર્સ ઊભા કરીને ઓર્ગેનિક ગ્રોથ માટેની પહેલને ફંડ પૂરું પાડવા, હસ્તાંતરણો દ્વારા ઈનઓર્ગેનિક ગ્રોથ હાંસલ કરવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે ("ઈશ્યૂના હેતુઓ"). આ ઈક્વિટી શેર્સ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, નેશનલ કેપિટલ ટેરીટરી ઓફ દિલ્હી અને હરિયાણા ("આરઓસી")માં 23 જાન્યુઆરી, 2024ના રોજ ફાઈલ કરેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ થકી ઓફર કરવામાં આવી રહ્યા છે.

# ક્રોમાની ટીવી, રેફ્રિજરેટર, એસી, વોશિંગ મશીન, મોબાઇલ, લેપટોપ પર આકર્ષક ડીલ સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણી

અમદાવાદ | ભારતના પ્રજાસત્તાક દિવસના 75મા વર્ષની ઉજવણી કરતાં ટાટા ગ્રૂપના દેશના પ્રથમ અને વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમાએ તેના સૌથી સસ્તા અને આકર્ષક રિપબ્લિક ડે સેલની ગર્વથી જાહેરાત કરી છે. આ એક સપ્તાહ લાંબો સેલ 20 જાન્યુઆરીથી 28 જાન્યુઆરી, 2024 સુધી ચાલશે, જે ક્રોમાની ઈલેક્ટ્રોનિક ગેજેટ્સની વિશાળ શ્રેણી અને વાજબીપણા પ્રત્યે તેની કટીબદ્ધતાને દર્શાવે છે. ક્રોમા એપલ, ફિલિપ્સ, એલજી, સેમસંગ, ડાઈકિન, રેડમી, ફેબર, આઈએફબી વગેરે જેવી લોકપ્રિય બ્રાન્ડ્સ તેમજ ક્રોમા બ્રાન્ડેડ પ્રોડક્ટ્સના ટીવી, રેફ્રિજરેટર, એસી, વોશિંગ મશીન, મોબાઈલ ફોન, લેપટોપ, ગીઝર, માઈક્રો ઓવન, એર ફ્રાયર, મિક્સર ગ્રાઈન્ડર્સ વગેરે ઉપર આકર્ષક ડીલ અને ઓફર્સ રજૂ કરે છે. રૂ. 999ના શરૂઆતી ઈએમઆઈ સાથે ખરીદીને વધુ સસ્તી બનાવો. કોઈપણ જૂના ઈલેક્ટ્રોનિક્સને એક્સચેન્જ કરો અને રૂ. 5,000 સુધીના લાભો મેળવો. પસંદગીની બેંક ઓફર્સ ઉપર વધારાનું 10 ટકા ડિસ્કાઉન્ટ મેળવો. ક્રોમા-બ્રાન્ડેડ પ્રોડક્ટ્સ ઉપર 10 ટકા ફ્લેટ ડિસ્કાઉન્ટ છે. ક્રોમા બ્રાન્ડેડ 7.5 કિલો ફ્રન્ટ લોડ વોશિંગ મશીન પ્રતિ માસ* શરૂઆતી રૂ. 1510ની કિંમતે તમારા વોશિંગ મશીનને અપગ્રેડ કરો તેમજ ક્રોમા 50ઈંચ ગુગલ ટીવી પ્રતિ માસ* શરૂઆતી રૂ. 1,694નાઈએમઆઈથી શરૂ થાય છે. ક્રોમા તેની મોબાઈલ અને ટેક્નોલોજીની શ્રેણી ઉપર આકર્ષક ઓફર્સ સાથે ટેકમાં રૂચિ ધરાવતા વ્યક્તિઓને ખુશી આપે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, પોષ સુદ-15

# રામરાજ્યનું સાકાર થતું સ્વપ્ન

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને ભારતીય ઇતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને અદ્વિતીય ઘટના રૂપે જોવામાં આવશે. આ સમારોહે ભારતીય જનમાનસના વર્ષો જૂના ઉદ્ઘોષ 'રામ લલા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે'ને સાકાર કરી દીધો. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અડગ સંકલ્પની સાથે સાથે અસંખ્ય ભારતીયોની દૃઢ પ્રતિજ્ઞા, અવિરત સંઘર્ષ અને અસીમ સમર્પણનું પ્રમાણ છે. રામ મંદિર 'વસુધૈવ કુટુંબકમ્' અને 'સર્વે ભવંતુ સુખિન:'ની ઉદાત્ત ભાવનાને સમાહિત અને સંપોષિત કરનારું છે. આ જ કારણે વડાપ્રધાને રામ પ્રત્યે સમર્પણને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ સાથે જોડવાનો સંકલ્પ જણાવ્યો. વાસ્તવમાં આ મંદિર આંતરરાષ્ટ્રીય સમુદાય માટે સાંસ્કૃતિક પર્યટનનું અદ્વિતીય કેન્દ્ર બનશે. બહુવિધ દુ:ખોથી પીડાતા વિશ્વ સમુદાય માટે રામ અને રામરાજ્ય એક અનુકરણીય આદર્શ પ્રસ્તુત કરે છે. પૃથ્વીને 'નિસિચરહીન' કરવી લોકનાયક રામની કેન્દ્રીય પ્રતિજ્ઞા હતી. આ ધ્યેય પ્રાપ્તિ માટે તેમણે દીન-દુખિયાં, નિર્બળ અને નિર્ધનને સાધીને તેમને સંગઠિત કર્યા. તેમના આત્મગૌરવ-આત્મવિશ્વાસને જાગૃત કર્યો. રામરાજ્ય સમતા, સમરસતા, બંધુતાની સાથે સાથે સતત અને સંતુલિત વિકાસનું અનુકરણીય ઉદાહરણ છે. 'દૈહિક દૈવિક ભૌતિક તાપાસ રામ રાજ કાહુહિ નહિં વ્યાપા' અને 'નહિં દરિદ્ર કોઈ દુખી ન દીના, નહિં કોઈ અબુધ ન લક્ષણહીના' રામરાજ્યની કેન્દ્રીય વિશેષતા છે. 'રામરાજ્ય' એક યુટોપિયા નથી, પરંતુ ઐતિહાસિક અનુભવ છે. આ આદર્શ રાજ્યનું એક એવું અનોખું ઉદાહરણ છે જે આધુનિક કલ્યાણકારી લોકતાંત્રિક રાજ્ય માટે પ્રેરક છે. રામરાજ્યમાં સમાજ પીડામુક્ત અને પ્રેમયુક્ત છે. દીન-હીનને સંરક્ષણ અને સહાયતા પ્રાપ્ત થાય છે. નૈતિકતા આધારિત આ રાજ્યમાં કામ, ક્રોધ, મોહ, લોભ અને અહંકાર માટે કોઈ સ્થાન નથી. સામાજિક જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ઓતપ્રોત છે. રામરાજ્યની આ વિશષતાઓને કારણે જ મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાલ ઉપાધ્યાય જેવા મહાપુરુષોએ તેને સ્વાતંત્ર્યોત્તર ભારતના શાસન તંત્રના અનુકરણીય આદર્શ રૂપે ઓળખીને પ્રસ્તાવિત કર્યું. સંભવિતપણે એનાથી જ પ્રેરિત અને પ્રભાવિત થઈને વડાપ્રધાન મોદીએ સનાતન સંસ્કૃતિનાં મૂલ્યો અને આધુનિક લોકતાંત્રિક સિદ્ધાંતોના અનોખા સંગમ પર આધારિત શાસનની સ્થાપના કરી છે. તેના દ્વારા આવિષ્કૃત શાસન સૂત્રને નવકલ્યાણવાદનું નામ આપી શકાય છે. આ રામરાજ્યનું સમસામયિક સંસ્કરણ છે. આધ્યાત્મકિ અભિપ્રેરણાથી સંચાલિત સમાવેશી વિકાસ કેન્દ્રિત સુશાસન તેનો આત્મા છે. વડાપ્રધાન મોદીની મુખ્ય પહેલમાંથી એક વડાપ્રધાન જનધન યોજના છે.

## બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત નર્મદા જિલ્લા પંચાયત ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરાઇ

ભરત શાહ : રાજપીપળા



ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષે ૨૪ જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ અને મહિલા અને બાળ વિકાસ વિભાગકચેરી, નર્મદા દ્વારા "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના અંતર્ગત જિલ્લા પંચાયત ખાતે 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મેહુલભાઈ માછી એ જણાવ્યું કે, દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રોગ્રામો કરવામાં આવે છે. જેના થકી દીકરીઓને મુખ્ય પ્રવાહમાં જોડવા તથા અસમાનતા, ભેદભાવ દૂર કરી હિંસામાં ન્યાય થાય તે માટે જાગૃત કરવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુંએ ઉપસ્થિત દીકરીઓને રાષ્ટ્રીય બાલિકા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. મહિલાબાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષ દક્ષાબેન વસાવાએ જણાવ્યું કે, આજે આપણા સૌના માટે ગૌરવની વાત છે કે, આજે દીકરીઓ અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. અને આત્મનિર્ભર બનીને ગામ, જિલ્લા, દેશને ચલાવી રહી છે. મહિલા અને બાળવિકાસ અધિકારી જે. બી. પરમારે પણ વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

## ઉપલેટા વેસ્ટન સોસાયટી 22 જાન્યુઆરીએ શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે રામધુનનું આયોજન કરાયુ

વિજય રાડીયા : ઉપલેટા



ઉપલેટા માં કોલકી રોડ ઉપર આવેલું વેસ્ટર્ન સોસાયટી વેસ્ટન પાર્ક વેસ્ટન ગોલ્ડ એપારમેન્ટને રોશની સીરીઝથી આખેઆખો એપારમેન્ટ ઝગમગીરી ઉઠ્યો હતો તમામ સભ્યોએ નાગરિકોએ સાથે મળી ઘરે ઘરે દીવા પ્રગટાવી ઘરે ઘરે આંગણામાં રંગોળી કરી અને વેસ્ટન ગોલ્ડ એપાર્ટમેન્ટમાં 12.30 વાગ્યે દિવસે મહા આરતીનું આયોજન કરેલું હતું સાથે દીપ પ્રાગટ્ય કરી મહા આરતી કરી હતી અને એપારમેન્ટ અથવા સોસાયટીના તમામ મહિલાઓએ સાથે મળી ચાર વાગ્યે સત્સંગનું પણ આયોજન કરેલ હતું અને સોસાયટીના તમામ યુવાનો ચાર કલાકે કોલકી રોડ પર ગેઈટ પાસે અયોધ્યામાં શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે ઉપલેટામાં બાઈક રેલીનું મહા આયોજન કરેલું હતું તે ઉપલેટા ના મુખ્ય માર્ગો માં ફરીને પૂર્ણ થઈ હતી ત્યાંથી યુવાનો બધા સોસાયટીમાં પરત ફરી સાંજે 9:00 કલાકે એપાર્ટમેન્ટમાં ફરતે દિવાલમાં દીવડા કરી શરૂ કરી રામધૂનનું અને મહાપ્રસાદ નું પણ આયોજન કરેલું હતું અને સાથે મળીને એપાર્ટમેન્ટના અને સોસાયટીના સભ્યોએ રાસ લઈ શ્રીરામના વધામણા કર્યા હતા અને ઉપલેટા નું સત્સંગ ભવન ધૂન મંડળ છેલ્લા 80 વર્ષથી સક્રિય છે અને તે મંડળ ના સભ્યો 17 સભ્યો છે.

## દાહોદ ખાતે પ્રભારી મંત્રીશ્રી ડો કુબેરભાઇ ડિંડોર દ્વારા SSC એક્ઝામને લઈને શિક્ષકોને જરૂરી માર્ગદર્શન અપાયું

દીપક રાવલ : દાહોદ

દાહોદમાં પ્રભારી મંત્રીશ્રી ડો કુબેરભાઈ ડિંડોરના નેતૃત્વ હેઠળ જિલ્લા પ્રભારી ઓફીસ ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ ખાતે એસ એસ સી પરીક્ષા પરિણામ અભિવૃદ્ધિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી



શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આજના બાળકો આવતી કાલનું ભવિષ્ય છે ત્યારે S.S.C નું પરિણામ વધું સારું આવે તે અંગે ધોરણ-૧૦ ના ગુજરાતી અને અંગ્રેજી વિષયના શિક્ષકોને જરૂરી સૂચન અને શિક્ષણલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ શિક્ષકશ્રીઓ દ્વારા પ્રભારી મંત્રીશ્રી ડો કુબેરભાઈ ડિંડોરનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું જે નિમિતે મંત્રીશ્રીએ પણ એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગરૂડેશ્વર તાલુકાના ડેકાઇ ગામે લગ્નમાં ગયેલ શખ્સની મોટરસાઇકલ ચોરાઇ

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ડેકાઈ ગામમાં લગ્ન માં ગયેલ વ્યક્તિની બાઈકની ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર નયનભાઇ વિજયભાઇ તડવી રહે ગરૂડેશ્વર વાડી ફળીયા થતા તેમના એક સંબધી ડેકાઈ ગામે લગ્ન માં પોતાની યમાહા કંપનીની R15 V3 મોટર સાયકલ નં GJ 22 Q 1002 લઈ લગ્નમા ગયેલ અને મોટર સાયકલ પાર્કીગમા મુકી લોક કરી વરઘોડામાં નાચવા ગયેલ તે દરમ્યાન કોઇ અજાણ્યો ચોર તેમની મોટર સાયકલનુ સ્ટેરીંગ લોક તોડી મોટર સાયકલ જેની રૂ.૮૦,૦૦૦/- ની ચોરી કરી લઈ જતા તેમણે એકતાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.



ચાણસ્મા તાલુકાના સેવાળા ગામે અવલોકન ભાગ ૨ અંતર્ગત આંગણવાડી કાર્યકરો દ્વારા ચિત્રાંકન નિદર્શન સાથે ભૂલકાં ઓ ને મારો દેશ અને સજીવ સૃષ્ટિ ના જીવન સાથે વણાયેલ હવા પાણી પૃથ્વી ઋતુ ઓ ની સમજ આપવામાં આવી હતી. સાથે ૨૬મી જાન્યુ. ની ઉજવણી માં આંગણવાડી ના ભુલકા ઓ નન્ને મુન્ને રાહી હું બાળ ગીત રજૂ કરવાના હોઇ આંગણવાડી કાર્ય કરો દ્વારા રીયલ્સર કરાવાયું હતુ જેમાં સેવાળા આંગણવાડી ૧-૩ ના આંગણા વાડી કાર્યકર યોગીનાબેન પટેલ સોનલબેન પ્રજાપતિ તેડાગર બહેનો આશા બેન રાવળ નીતાબેન પટેલ સહિત આંગણવાડી ના ભુલકાં ઓ ઉપસ્થિત રહ્યા હતા. (નીતીન ઠાકર ચાણસ્મા)



ચંદ્રુમાણા તાલુકો જીલ્લો પાટણ માં તા 22/4 /2024 ને સોમવારે અયોધ્યા ખાતે રામલલ્લા મંદિર પુન: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અનુસંધાને પૂર્વ સંધ્યા એ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો સવારે પ્રભાત ફેરી નું આયોજન રાખવમો આવ્યું મંદિર સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું સમગ્ર ગામમાં પણ જાહેર રસ્તાઓની સફાઈ કરવામાં આવી હતી .ભગવાન રામચંદ્રજીની વિશાળ શોભાયાત્રા નીકળેલ હતી મહાઆરતી રાખેલ હતી ભગવાનને અન્નકૂટ નો પ્રસાદ ધરાવવામાં આવેલ . હનુમાનજી મહારાજની જ્યોત યાત્રા પણ નીકાળવામાં આવી હતી સાંજે 5000 માણસની રામ ખીચડી કઢીના પ્રસાદ નું આયોજન પટેલ સમાજ ની વાડી માં રાખવા આવેલ હતું સમગ્ર ગામ જનો એ અઢારે વરણના લોકોએ એક જ પંગતે ભોજન પ્રસાદ ગ્રહણ કર્યું હતું ઉમળકા ભેર ભોજન પ્રસાદ લીધો તેના હરખ માં જોરદાર આતશબાજી કરવામાં આવી હતી. (નીતીન ઠાકર ચાણસ્મા)

## નર્મદા જિલ્લામાં બે અકસ્માત માં ચાર વ્યક્તિઓને ગંભીર ઇજા પહોંચતા સારવાર હેઠળ ખસેડાયા

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકા નાં નાલાકુંડ પાસે થયેલા ગંભીર અકસ્માત માં એક ઈકો ગાડી નંબર-GJ-22-H-0774 નો ચાલક એ પોતાના કબજામાની ઈકો ગાડી તીનખુણીયા ગામ તરફથી દેવમોગરા ગામ તરફ આવતા રોડ ઉપર પુરઝડપે હંકારી લાવી સામેથી મોટર સાયકલ નંબર-GJ-22-F-4962 ઉપર બેસીને આવતા ઈજા રામસીંગભાઈ રાજ્યભાઈ નાઈક તથા અરવિંદભાઈ રામસીંગભાઇ નાઇક નાઓની મો.સા.સાથે એક્સીડન્ટ કરતા રામસીંગભાઇ ને જમણા પગે તથા જાંગના ભાગે તથા કમ્મરના ભાગે ફેક્ચર ઈજા કરી તથા પેટના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી તથા અરવિંદભાઈ ને જમણા પગે પગના નળાના ભાગે ફેક્ચર કરી ગુપ્ત ભાગે ઈજા પહોચાડી ગુનો કર્યો હતો. જ્યારે બીજો અકસ્માત નર્મદા જિલ્લા નાં નાંદોદ તાલુકાના જેસલપુર ગામથી થોડે દુર વળાંક માં થયો જેમાં નિમેશભાઈ રાજેશભાઈ માછી ઉ.વ.૨૩,રહે-રામ ફળીયા કિશનવાડી દશામાના મંદીરની બાજુમાં આજવા રોડ વડોદરા નાઓ મોટર સાયકલ નંબર- GJ-23-DX-1552 ઉપર બેઠેલા હતા ત્યારે ટ્રક રજી.નંબર- GJ-23-V-3441નાં ચાલકે તેના કબ્જાની ટ્રક પુરઝડપે હંકારી લાવી નિલેશભાઈ નાં કબ્જાની મો.સા ગાડીની જમણી સાઈડ તથા જમણા હાથે તથા જમણા પગના ભાગે ટ્રક ઘસાડી દેતા તેમને જમણા પગે ફેક્ચર કરી તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોચાડી ગુનો કરતા બંને અક્સમતો માં સાગબારા અને રાજપીપળા પોલીસે ગુના દાખલ કર્યા છે.

## ચાણસ્મા કેળવણી મંડળ દ્વારા આદર્શ વિદ્યાર્થી તેમજ આદર્શ અધ્યાપક એવોર્ડ સન્માન સમારંભ યોજાયો

નિતીન ઠાકર : ચાણસ્મા



ચાણસ્મા ખાતે આવેલ સારદાબા સંસ્કાર ભવન ની અંદર બપોરના સુમારે ચાણસ્મા કેળવણી મંડળ આયોજિત આદર્શ વિદ્યાર્થી તેમ જ આદર્શ અધ્યાપક એવોર્ડ સન્માન સમારંભ યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે દિલીપકુમાર ઠાકોર પૂર્વ કેબિનેટ મંત્રી તેમજ સંભારંભ ના અધ્યક્ષ તરીકે મહેશભાઈ જે પટેલ હાજર રહ્યા હતા કાર્યક્રમની શરૂઆત પ્રથમ દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી ત્યારબાદ મહેમાન સ્ત્રીઓનું બુકે તથા સાલથી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ એવોર્ડ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ આધ્યાત્મક નું એવોર્ડ આપી તેમજ વિવિધ મોમેન્ટો તથા રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે મારા પિતાશ્રી પણ ભૂતકાળમાં શિક્ષક હતા તેમ જ હું એક એવા ગામમાંથી આવું છું કે ભૂતકાળમાં શાળા જેવું કંઈ દેખાતું ન હોવા છતાં પણ અમો દ્વારા અભ્યાસ પૂર્ણ કર્યો હતો તેમજ અત્યારે હાલના સમયમાં દીકરીઓ પણ ભણી ગણીને ખૂબ જ આગળ વધી છે ત્યારે એવોર્ડ વિજેતા થનાર દરેક વિદ્યાર્થી તેમજ અધ્યાપક ને શુભેચ્છાઓ પાઠવી હતી.



ચાણસ્માના સેવાળા ગામે ભૂગર્ભ ગટર બનાવાઈ છે પરંતુ કેટલીક જગ્યા એ ગટરની કુંડી ઓ પરના ઢાંકણા જ જોવા નહી મળતાં ગટર નું ગંદુ પાણી રોડ ઉપર ફેલાઈ જતાં આજૂ બાજૂના રહિશો એ રોગ ચાળો ફેલાવવાની દહેશત વ્યક્ત કરી હતી. જ્યારે ઠાકોર વાસ માં આવેલી આંગણવાડી ની સામે જ કુડી પરનું ઢાંકણું જોવા નહી મળતાં આગણવાડી ના ભુલ કાં ઓ માટે આ ભુગર્ભ ગટરની કુડી મોટી આફત નોતરશે કે તંત્ર યોગ્ય કાર્યવાહી કરવાની રાહ જોતા ગામ લોકો...

## ખેલ મહાકુંભમાં પારુલ યુનિવર્સિટીનો આર્યન પાટીલ ફર્સ્ટ રેન્ક સાથે વિજેતા થયો

ભરત શાહ : રાજપીપળા




વડોદરાના સમા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે વડોદરા શહેર ,જિલ્લા ખેલ મહાકુંભનું રમશે ગુજરાત જીતશે ગુજરાતના સ્લોગન સાથે રાજ્ય સરકાર ની સ્પોર્ટ ઓથોરિટી દ્વારા આયોજન કરવામાં આવેલ હતું જેમાં પારુલ યુનિવર્સિટીના પારુલ પોલિટિકલ ઈન્સ્ટિટ્યૂટના કોમ્પ્યુટર ડિપ્લોમા અભ્યાસ કરતો આર્યન કલ્પેશ પાટીલ ઓપન કેટેગરીમાં ફર્સ્ટ રેન્ક સાથે ગોલ્ડ મેડલ વિજેતા થયો તેને યુનિવર્સિટી તરફથી જિલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ કરેલ હતું. તેઓના પ્રિન્સિપાલ જતીન વૈદ સરના માર્ગદર્શનથી આ શક્ય બન્યું હતું આર્યન કરાટેમાં બ્લેકબેલ્ટ ની ડિગ્રી ધરાવે છે આ અગાઉ પણ આર્યન પાટીલે આંતરરાષ્ટ્રીય ,રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ ઘણા બધા ગોલ્ડ મેડલ જીતી તેના માતા પિતા , પાટીલ સમાજ તેમજ યુનિવર્સિટી ને ગૌરવ અપાવેલ હતું આર્યન પાટીલ પ્રતિક કરાટે એકેડેમીમાં પ્રતીક સિંઘાનિયા સર તથા અનુપ સર જોડે કરાટેની ટ્રેનિંગ લે છે.

## અરવલ્લીમાં 26મી જાન્યુઆરીની ઉજવણીની તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં



રાકેશ મહેતા : ધનસુરા

અરવલ્લી જિલ્લામાં ૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ ની ઉજવણીના ભાગરૂપે આજે બાયડ ખાતે રિહર્સલ કરવામાં આવ્યુ.જે અંતર્ગત નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા જરૂરી સૂચનો આપીને સુચારુ રૂપે આયોજન થાય તેવી ચર્ચા કરવામાં આવી.પોલીસ વિભાગ દ્વારા પરેડ કરવામાં આવી અને તમામ તૈયારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું. અરવલ્લી જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિવસની ઉજવણી બાયડ તાલુકા ખાતે થવાની છે. જે અંતર્ગત આજે તમામ તૈયારીઓ કરવામાં આવી છે જેનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને સુંદર આયોજન થાય તે માટે જરૂરી સૂચનો અને મુખ્ય વિભાગો સાથે ચર્ચા કરવામાં આવી.

## નાંદોદના એક ગામની સગીરાને બળજબરી ઉપાડી જતાં અભ્યમ નર્મદા એ સમાધાન કરાવ્યું

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાનાં એક ગામ માંથી થર્ડ પાર્ટી મોટાબેન નો કોલ આવેલ જણાવે છે કે તારી નાની બેનના મારા પતિ સાથે સંબંધ છે તેમ કહ્યા બાદ નાની બેન ને ત્યાંથી ઘસડી ને લઈ ગયા બાદ જબરજસ્તી બાઈક પર બેસાડી પોતાના ઘરે લઈ ગયા હતા આમ તેઓ અચાનક આવીને મારી નાની બેન પર ખોટા આરોપ લગાવી લઈ ગયેલ છે, તેથી સામે વાળાને સમજાવી મારી બેનને પરત લાવવા માટે 181 નર્મદાની મદદ માંગતા 181નર્મદા ટીમ ઘટના સ્થળે પોહચી થર્ડ પાર્ટી ને લઈ જે ગામમાં સગીરાને લઈ જવામાં આવી ત્યાં પોહચી તેઓનું કાઉન્સિલગ કરતા જાણવા મળેલ કે નાની બેન ધોરણ 9માં અભ્યાસ કરતી 16 વર્ષની સગીરા છે તેની પૂછપરછ માં તેણે જણાવ્યું કે મારી પાસે મોબાઈલ નથી હું તેમના પતિ સાથે વાત નથી કરતી, આ લોકો ખોટા આરોપ મૂકી ઘરેથી મને ઉપાડી લાવેલ છે, ત્યારે સામે વાળા મહિલાને પૂછપરછ કરતાં જણાવેલ કે મે ઘણીવાર છોકરીને મેસેજમાં કોલ પર વાત કરતાં જોઈ છે, તેથી દીકરીને સમજાવવા માટે એને ઘરેથી અહીંયા લઈ આવેલ છે ત્યારબાદ અભયમનાં કર્મચારીએ કાયદાકીય સમજ આપી, તેમના પતિને પોકસો એકટ વિશે માહિતગાર કર્યા સામે વાળા મહિલાનાં પતિ ઘરે હાજર ના હોવાથી તેમના પત્ની ને માહિતગાર કર્યા જેથી સામે વાળા મહિલાએ જણાવ્યું કે હવે આવી ભૂલ નહિ થાય તેની ખાતરી આપી.

## પશ્ચિમ રેલવે દ્વારા ભુજ-સાબરમતી સ્પેશિયલ ટ્રેનના ફેરા વધારવામાં આવ્યા

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા તેમની માંગને પૂરી કરવાના ઉદ્દેશથી ભુજ-સાબરમતી સ્પેશિયલ ટ્રેનના ફેરા વિશેષ ભાડા પર વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આ પ્રકારે છે: 1. ટ્રેન નંબર 09455 સાબરમતી-ભુજ સ્પેશિયલ જેને પહેલાં 25 જાન્યુઆરી, 2024 સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે 01 ફેબ્રુઆરી, 2024 સુધી વધારી દેવામાં આવી છે. 2. ટ્રેન નંબર 09456 ભુજ-સાબરમતી સ્પેશિયલ જેને પહેલાં 25 જાન્યુઆરી, 2024 સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે 01 ફેબ્રુઆરી, 2024 સુધી વધારી દેવામાં આવી છે. ટ્રેન નંબર 09455 અને 09456 ના વધારેલા ફેરાનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલ્લું છે.

## તાલુકા કક્ષાનો કર્તવ્ય બોધ કાર્યક્રમ



દીપક રાવલ : લીમખેડા દાહોદ

દુધિયા માધ્યમિક શાળા ખાતે વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝના જીવનકાળ વિશે માહિતી અપાઈ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લા પ્રેરિત અને લીમખેડા તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા આયોજિત કર્તવ્ય બોધ દિવસ કાર્યક્રમ દુધીયા માધ્યમિક શાળા ખાતે યોજાયો હતો. મુખ્ય વક્તા તરીકે નલીનભાઈ ભટ્ટ (શાસ્ત્રીજી) એ સ્વામી વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝના જીવનકાળના વિવિધ ઐતિહાસિક પ્રસંગોનું વર્ણન કરીને કર્તવ્યનાં મહત્વનો બોધ કરાવ્યો હતો. કર્તવ્ય બોધ દિવસ કાર્યક્રમમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ રાજ્યના સંગઠન મંત્રી સરદારભાઈ મછાર, પ્રાંત મહિલા ઉપાધ્યક્ષ પલ્લવીબેન પટેલ, જિલ્લાના અધ્યક્ષ દેશિંગભાઈ તડવી, મહામંત્રી જનકભાઈ પટેલ, બી. આર.સી.કો.ઓર્ડીનેટર ઋષિભાઈ સલાણીયા, દુધિયા સી.આર.સી. કો.ઓર્ડીનેટર હિંમતસિંહ બારીઆ, કિસાન મોરચાના અધ્યક્ષ રમેશભાઈ ગારી, લીમખેડા તાલુકા ટીમના અધ્યક્ષ, મંત્રી સહિત ટીમના અન્ય હોદ્દેદારો,ગામના અગ્રણીઓ, પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈઓ-બહેનો, માધ્યમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પટેલ સ્ટાફ પરિવારના સારસ્વત સભ્યોતથા બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ સ્વિમિંગ સ્પર્ધામાં ગલકુંડ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ ઝળકયાં



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ સ્વિમિંગ સ્પર્ધાનું આયોજન સાપુતારાના શિલ્પી હોટલ ખાતે કરવામાં આવ્યુ હતુ.ત્યારે આ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ગલકુંડ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની વિરાબેન પવાર એ અંદર -11 ફ્રી સ્ટાઇલમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો.તેમજ કાજલબેન ગાંગુર્ડે એ અંડર-14 બ્રેક સ્ટોક સ્ટાઈલ 100 મીટરમાં બીજો ક્રમ મેળવ્યો હતો તથા સ્નેહલબેન પવારએ અંડર -14 બ્રેસ્ટ સ્ટોક સ્ટાઈલ 100 મીટરમાં બીજો ક્રમ,લીનાબેન ભોંયે એ અંડર 14- ફ્રી સ્ટાઈલ 100 મીટરમાં બીજો ક્રમ તેમજ ઉમેશભાઈ ભોંયે એ અંડર-14 ફ્રી સ્ટાઈલમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

## બગસરાના ગોંડલીયા ચોક ખાતે ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ મહાઆરતી સાથે પ્રસાદનું આયોજન

અશોક મણવર અમરેલી



અમરેલીના બગસરા શહેરમાં અયોધ્યામાં રામ મંદિરમાં ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા ને લઈ સમગ્ર ભારતમાં દિવાળી જેવો માહોલ સર્જાયો.. ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે ત્યારે અમરેલી જિલ્લા સહિત બગસરા શહેરમાં પણ ઠેર ઠરે શ્રીરામ ભગવાનની શોભાયાત્રાઓ નીકળતા લોકોએ ભગવાન શ્રીરામના દર્શન કરી ધન્યતા અનુભવે સાથે મહાઆરતી અને પ્રસાદનુ પણ આયોજન કર્યુ છે ત્યારે બગસરા શહેરના ગોંડલીયા ચોક ખાતે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયા દ્વારા ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ મહાઆરતી પુજા અર્ચના સાથે પ્રસાદનું આયોજન કરાયું શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેવા હેતુ અન્વયે બગસરા પોલીસ સ્ટેશનના ડી.વાય. એસ.પી સોલંકી સાહેબ અને પી.આઇ.કે.સી. પારગી સાહેબ સહિત પોલીસ સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યા આ તકે બગસરા ધારી ખાંભાના ધારાસભ્ય જે. વી.કાકડીયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી.રીબડીયા સહિત ભાવિ ભક્તો બહોળી સંખ્યામાં ગોંડલીયા ચોક ખાતે ઉપસ્થિત રહ્યા શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મહાઆરતીમા જોડાયા સાથે આકાશમાં આતશબાજીથી શહેરમાં દિવાળી જેવો મોહોલ સર્જાયો ભાવી ભક્તોએ જયશ્રી રામના નારા લગાવ્યા લોકો જુમી ઊઠ્યા સમગ્ર આયોજન મંડળીના એમ.ડી. નિતેશભાઈ ડોડીયા દ્વારા કરવામાં આવેલ.

## જાફરાબાદ ના નાગેશ્રી ગામે અનું. જાતિના બહેનો માટે એક તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું


કિશોર આર. સોલંકી : જાફરાબાદ : નાગેશ્રી ગામે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ગ્રામીણ સ્વરોજગાર સંસ્થા અમરેલી દ્વારા તા૨૩/૦૧/૨૦૨૪ને



મંગળવારે જાફરાબાદ ના નાગેશ્રી ગામે અનું.જાતિ ના બહેનો માટે એક તાલીમ વર્ગ નું આયોજન કરવા મા આવેલ જેમા અમરેલી થી નિયામક એસ.બી.આઇ. શ્રી મેઘાણીસાહેબ અનું.જાતિ સમાજ ના આગેવાન શ્રી સોમાભાઈ એમ.જોગદિયા વીકીભાઈ મનિષાબેન પટેલ એ તાલીમ મા જોડાયેલ તાલીમાર્થી બહેનો વગેરે ઉપસ્થીત રહ્યા હતા,આ કાર્યક્રમ મા પધારેલ કર્મચારીગણ પદધિકારીગણ ના હસ્તે દિપ પ્રગટાવી તાલિમવર્ગ ખુલ્લો મુકવા મા આવેલ હતો,તાલીમાર્થી બહેનો ને તાલીમવર્ગ વિશે મેઘાણી સાહેબ તથા મનિષાબેન પટેલ અને વિકીભાઈ એ તાલીમ વર્ગ વિશે વિગતવાર માર્ગદર્શન પુરુ પાડેલ હતુ,કાર્યક્રમ મા પધારેલ કર્મચારીગણ અનું.જાતિ સમાજ ના આગેવાન તથા તાલીમાર્થી બહેનો વિગેરે નો કૈલાશબેન પરમાર એ દરેક નો આભાર માની ને આભારવિધી કરેલ હતી.

# પ્રજાસત્તાક દિવસે આ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લો

આ વર્ષે ભારત 26 જાન્યુઆરી 2024ના રોજ તેનો 75મો ગણતંત્ર દિવસ ઉજવવા જઈ રહ્યું છે. આ વર્ષે 26 જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ શુક્રવારે આવે છે. આવી સ્થિતિમાં શુક્રવાર, શનિવાર અને રવિવારનો લાંબો વીકેન્ડ મળી રહે છે. આ લાંબી રજાઓમાં ભારતના ઐતિહાસિક સ્થળોની મુલાકાત તેમજ દેશભક્તિની અનુભૂતિ કરવા આ સ્થળોની મુલાકાત અચૂક લેવી જોઈએ. ભારતનું બંધારણ 26 જાન્યુઆરી 1950 ના રોજ અમલમાં આવ્યું હતું. આ દિવસે સમગ્ર ભારતમાં જાહેર રજા આપવામાં આવે છે. દર વર્ષે 26 જાન્યુઆરીએ દિલ્હીના કર્તવ્ય પથ પર એક ખાસ કાર્યક્રમનું આયોજન કરાય છે. આ દિવસ ભારતીય માટે ખૂબ જ ખાસ હોય છે. આ 'વિવિધતામાં એકતા' દર્શાવતો દિવસ છે. આ દિવસે ભારતને આઝાદ કરાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકનાર તમામ બહાદુર સૈનિકોને પણ યાદ કરવામાં આવે છે. આ વર્ષે 26 જાન્યુઆરીએ શુક્રવાર હોવાથી લોકોને 3 દિવસનો લાંબો વીકએન્ડ મળી રહ્યો છે. આ રજાઓમા દેશભક્તિની યાદ તાજી કરવા માટે ઘણા ખાસ સ્થળોની મુલાકાત લઈ શકાય છે.





## દિલ્હી

જો તમે ગણતંત્ર દિવસ પર ભવ્ય ઉજવણી જોવા માંગતા હોવ તો તમે દિલ્હી જઈ શકો છો. દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે કર્તવ્ય પથ પર ઔપચારિક પરેડ થાય છે. આ પરેડ રાષ્ટ્રપતિ ભવનના ગેટથી શરૂ કરવામા આવે છે, કર્તવ્ય પથને પાર કરી પરેડ ઈન્ડિયા ગેટ સુધી પહોંચે છે. આ પરેડ ભારતની સંરક્ષણ ક્ષમતા, સાંસ્કૃતિક અને સામાજિક વારસો દર્શાવે છે. નૌકાદળ અને વાયુસેના સિવાય ભારતીય સૈન્યની નવથી બાર અલગ-અલગ રેજિમેન્ટ, પોતાની તમામ સુંદરતા અને સત્તાવાર શણગારીને તેમના બેન્ડ સાથે ફ્લેગ માર્ચ કરે છે.

## સાબરમતી આશ્રમ, ગુજરાત

અમદાવાદમાં આવેલો સાબરમતી આશ્રમ સ્વતંત્રતા ચળવળ દરમિયાન મહાત્મા ગાંધીના જીવનની ઝલક આપે છે. ગણતંત્ર દિવસ નિમિત્તે અહીં અનેક પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તમે અહીં ધ્વજવંદન સમારોહમાં પણ ભાગ લઈ શકો છો.







## જલિયાવાલા બાગ, અમૃતસર

26મી જાન્યુઆરીના પ્રસંગે તમે જલિયાવાલા બાગની પણ મુલાકાત લઈ શકો છો. જલિયાવાલા બાગ તે જ જગ્યા છે, જ્યાં હજારો નિર્દોષ લોકો પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવી હતી. જલિયાવાલા બાગ પંજાબના રાજ્યના અમૃતસરમાં આવેલું છે અને આ જગ્યા શહાદતનું સૌથી મોટું પ્રતિક ગણાય છે. અહીં તમે વાઘા-અટારી બોર્ડર પણ એક્સપ્લોર કરી શકો છો. પરેડ સિવાય અહીં રિટ્રીટ સેરેમની પણ જોઈ શકાય છે.




## કારગિલ યુદ્ધ સ્મારક, લદ્દાખ

પ્રજાસત્તાક દિવસના અવસર પર તમે લદ્દાખમાં સ્થિત કારગિલ યુદ્ધ સ્મારકની પણ મુલાકાત લઈ શકો છો. ભારતીય સેનાએ 1999માં કારગિલ યુદ્ધમાં પાકિસ્તાનને હરાવ્યું હતું. આ યુદ્ધમાં શહીદ થયેલા ભારતના બહાદુર સપૂતોને શ્રદ્ધાંજલિ આપવા માટે કારગિલ યુદ્ધ સ્મારક બનાવવામાં આવ્યું હતું.




# અજમેરમાં દરગાહ જ નહી, આ ટૂરિસ્ટ સ્પોટ્ર્સ પણ જરૂર ફરો, એક દિવસમાં પુરી થઈ જશે ટ્રિપ

અજમેર એક એવું પર્યટન સ્થળ છે જ્યાં માત્ર ભારતમાંથી જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાંથી પ્રવાસીઓ આવે છે, તે અરવલી પહાડીઓથી ઘેરાયેલું નાનકડું શહેર છે. આ એક આધ્યાત્મિક શહેર છે જે દરેક ધર્મના અનુયાયીઓ માટે ખાસ માનવામાં આવે છે. જો તમે સવારથી સાંજ સુધી મુસાફરી કરો છો, તો તમે 5 ટોચના સ્થળોને આવરી શકો છો. ચાલો જાણીએ કે અહીં કયા શ્રેષ્ઠ સ્થળો છે.



## સોની જીનું નસિયા



સોનીજી કી નાસીયાં એક જૈન મંદિર છે, જેને 'લાલ મંદિર' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનું નિર્માણ 19મી સદીમાં કરવામાં આવ્યું હતું. ઈમારતનું ઈન્ટિરિયર સોના અને લાકડાથી બનેલું છે, જે તમને મંત્રમુગ્ધ કરી દેશે.

## અનાસાગર તળાવ




અનાસાગર એક ખૂબ જ સુંદર તળાવ છે જેનું નિર્માણ 12મી સદીમાં રાજા અર્ણોરાજ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું, આજે તે અજમેરનું ખૂબ જ લોકપ્રિય સ્થળ બની ગયું છે, જે ફોટોગ્રાફી પ્રેમીઓ માટે એક યોગ્ય સ્થળ છે.

## અજમેરનું ઘંટાઘર



ભારત ઘણા વર્ષોથી બ્રિટિશ શાસનનો હિસ્સો હોવાથી તેની એક ઝલક પણ અહીં જોઈ શકાય છે. અહીં તમે બ્રિટિશ યુગનો ક્લોક ટાવર જોઈ શકો છો જેને 'વિક્ટોરિયા જ્યુબિલી ક્લોક ટાવર' પણ કહેવામાં આવે છે. તે 1887 માં બાંધવામાં આવ્યું હતું.

## ઢાઇ દિન કા ઝોપડા



આ અજમેરની ઐતિહાસિક ઈમારત છે જેના માત્ર ખંડેર જ બચ્યા છે. આ ઈન્ડો-ઈસ્લામિક આર્કિટેક્ચરનું ઉત્તમ ઉદાહરણ છે. તેનું નિર્માણ કુતુબુદ્દીન ઐબકે વર્ષ 1192માં મોહમ્મદ ઘોરીના આદેશ પર કરાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે આ મસ્જિદને બનાવવામાં માત્ર અઢી દિવસ એટલે કે 60 કલાકનો સમય લાગ્યો હતો, તેથી તેને ઢાઇ દિન કા ઝોપડા કહેવામાં આવે છે.

# મારા પપ્પા કડક નહોતા એના સ્વભાવ અનુસાર ખૂબ પ્રેમાળ હતા

સવાર પડતાં ની સાથે જ વિવિધ ભારતી પર વાગતા ઊંચા વોલ્યુમ માં ભજન સાથે છ દીકરીઓ અને મમ્મી પપ્પા ના આનંદિત અવાજ થી ગુંજતો કૃષ્ણાશ્રય બંગલો એ અચાનક એ તપસ્વી ની જેમ મૌન ધારણ કરી લીધું હતું. કોણ કહે છે કે મકાન મા જીવ નથી હતો? મકાન ની નિર્જીવ દીવાલ ભલે બોલી શકતી નથી પરંતુ એ પણ એની અંદર વસતા પરિવારની ખુશીમાં ખુશ થાય છે ને દર્દ માં દુઃખી થઈ જાય છે.ખબર નહી ખુશખુશાલ રહેતા પરિવાર ને કોની નજર લાગી ગઈ છે..બંગલા માંથી રડિયો વાગતો બંધ થયો એની સાથે પરિવાર ના સભ્યો એ ચૂપ રહેવાનું પસંદ કર્યું. માત્ર બે વર્ષમાં તો કૃષ્ણાશ્રય બંગલાનું વાતાવરણ બદલાઈ ગયું હતું. કાશ સંજુ એ ખોટું પગલું ભર્યું ના હોત..શું લગ્ન ની ઉતાવળ એટલી બધી હતી? શું સંજુ માટે પપ્પા કરતા કેતુ નું મહત્વ વિશેષ હતું? સંજુ એ કોર્ટ મેરેજ નો નિર્ણય લેતા પહેલા એક વાર પણ પપ્પા વિશે અને બહેનો વિશે ને ખાસ એ જેને સૌથી વધારે ચાહતી હતી એવી એની મમ્મી વિશે વિચાર્યું નહી હોય..શું કરું હું નિર્જીવ ઈમારત એમ લોકો માને છે પરંતું હું પણ ધડકુ છું..શું કામ લોકો દીકરી ના જન્મ વખતે ખુશ નથી હોતા? એ આજ હું નિર્જીવ કૃષ્ણાશ્રય બંગલો મારા પરિવાર ની હાલત જોતા સમજી શક્યો છું..

પરિસ્થિતિ અને સંજોગો સાથે પપ્પા પણ ધીમે ધીમે બદલાઈ ચૂક્યા હતા.મારા પપ્પા કડક નહતા એના સ્વભાવ અનુસાર ખૂબ પ્રેમાળ હતા પરંતુ એ એની બાકીની ચાર દીકરીઓના ભવિષ્ય ઉજ્વળ બનાવવા માંગતા હતા.ખાસ ચારેય ના અભ્યાસ બાબતે સતત ચિંતિત રહેતા હતા.



ચારેય દીકરીઓ એ પણ પ્રેમાળ અને લાગણીશીલ સ્વભાવના પપ્પા ના સ્વપ્ના પૂરા કરવા અભ્યાસ માં તનતોડ મહેનત માં લાગી ગઈ હતી.પરંતઘરના બાકી ના સદસ્યો ના જીવન બદલાઈ ગયા હતા. મમ્મીને સતત બાકીની ચાર દીકરીઓનું ટેન્શન સખત રહેતું હતું.એના મનમાં ડર પેસી ગયો હતો કે મારી લાડલી ચાર દિકરીઓ સ્વસ્થ ને એનાથી દૂર ના થઈ જાય. મમ્મી નો દાળ અને શાક માં ગળપણ નાખવા નો ચશકો ભારે હતો,ફરસાણ કરતા મીઠાઈઓ પાછળ પાગલ હતી.એમાં પણ રંગબેરંગી બરફીની એટલી ભાવતી ને કે અઢીસો નું પેકેટ એક બેઠક એ ખાઈ જતી હતી..પરંતુ ડાયાબિટીસ એ એના જીવન ના સ્વાદ અને રંગીન શોખ મારી નાખતા કૃષ્ણાશ્રય બંગલા માં મીઠાઈઓ આવતી સદંતર બંધ થઈ ગઈ...

સર્વિસ છોડ્યા બાદ મમ્મી નો ડાયાબિટીસ ની બીમારી અને દીકરીઓની ચિંતા મા સ્વભાવ માં ચીડ્યો થઈ ગયો હતો. નાની નાની વાતો માં ગુસ્સો કર્યા કરે ને રડ્યા કરતી હતી.સંજુ ના ગયા બાદ એણે એની બહેનપણીઓને મળવા નું પણ છોડ્યું હતું.ભૂલેચૂકે વિભા ને ક્લાસ માંથી આવતા થોડું મોડું થઇ ગયું તો વિભાને ભેટીને રડવા લાગતી ને બોલતી હતી કે બેટા,સારું કર્યું તું આવી ગઈ મને ટેન્શન થતું હતું.સાચું કહું મમ્મી ના આંખ મા આંસુઓ જોતાજ વાર્તા રડતી હતી પણ વિભા હસતા હસતા જવાબ આપતી હતી કે my darling સુમન, "આઈ હેટ ટીયર્સ" ચિંતા છોડ તને અને પપ્પા ને છોડી ક્યાંય જવાની નથી..મતલબ ક્યારેય નહીં ઓકે. મમ્મી ના ગાલ પર ચૂંટી ખણી ને બોલતી હતી મારી લાડકી મમ્મી યુ આર સો સ્વીટ...

સુમન ની નજર રૂપલ પડતાં એ બોલી કે રૂપલ બેટા,,તુ સુંદર તો છો એટલે તારે તૈયાર થવાની જરૂર નથી.સ્કૂલે જવા મા શું તૈયાર થવાનું? બેટા,આમ પણ તારી આંખો ખૂબ સરસ છે એમાં કાજલ લગાવવાની જરૂર નથી.તું કશું નહી લગાવે તો પણ સારી જ લાગીશ સ્કૂલે ભણવા જવાનું છે કોઈ સ્પર્ધામાં ભાગ નથી લેવાનો સમજી.આમ છતાંય રૂપલ એના સ્વભાવ અનુસાર બનીઠની ને સ્કૂલે જાય.સ્કૂલે જતી વખતે એ મમ્મી બા ગાલ માં કિસ કરતા બોલતી હતી કે મમ્મી, ચિંતા નાં કરતી સ્કૂલ છૂટતા સીધી ઘરેજ આવીશ.તુ તો જાણે છે કે તું જ મારા વાળને મેનેજ કરી શકે એમ છે બાકી કોઈની તાકાત કે ટેલિફોનના વાયર જેવા ગોઠણ સુધીના કર્લી વાળ ને બંધવાતારા હાથ ની તાકાત એવી કે રેસલર ના ગાલ પડે ને તો એના ગાલ માં પણ ઊંડા ખાડા પડી જાય એ નક્કી..



**મારા પપ્પાનું વિશ્વ**

**- રુપાલી દવે**

કૃપાની ચિંતા સુમન ને ખાસ થતી નહતી એ દેખાવ માં એના પપ્પા ની કાર્બન કોપી વાને કાળી ને નમણી.વળી એ એક નંબર ની ભણે શ્રી,એને વાચવાની એટલો બધો શોખ કે પુસ્તક પૂરું ના થાય ત્યાં સુધી જમવું પણ ના ભાવે. વાંચન ના શોખ ને લીધે કૃપા ને ૮ધોરણ થી જ ચશ્મા આવી ગયા હતા.કૃપા ને તૈયાર થવાનો શોખ નો શોખ નહી ને લાઈબ્રેરી એનો પહેલો અને છેલ્લો પ્રેમ. કૃપા,ઘરમાં મોટાભાગે સુમનની ગોદી માં માથું રાખી સુતા સુતા નવલકથા વાચ્યા કરતી એટલે .પપ્પા કૃપા ને મમ્મી નું પૂછડું કહી ચીડવતા હતા. ઘરમાં કૃપા આખો દિવસ મમ્મી ને ચીપકી ને જ રહેતી હતી ને મમ્મીની જેમ્સ બોન્ડ એટલે ઝીણી ઝીણી વાતો નું પણ ખૂબ ધ્યાન રાખતી હતી, મમ્મી ને ઈન્સ્યુલીન ના ઈજકશન,દવાઓ એ પણ જમ્યા પહેલાની પછીની આપવાનું બધુજ કામ એજ કરતી હતી.નિયમિત બીપી ચેક કરવાનું કામ,મમ્મી છાની છાની મીઠાઈ કે ખાંડ નથી ખાઈ લેતી ને એનું ધ્યાન પણ એ રાખતી હતી.

પપ્પા ઘણીવાર મજાક મજાક માં કહેતા હતા કે કૃપા અને સુમનના કેસમાં,કૃપા એ સુમન ની મમ્મી છે એનું વર્તન પણ સુમન ની મમ્મી જેવીજ છે. મમ્મી નિયમિત ચાલી શકે એ માટે ટ્રેડમિલ વસાવ્યું હતું.કૃપા એ મમ્મી માટે ટ્રેડમિલ પર ચાલવાનો સમય નક્કી કર્યો હતો. બીપી અને ડાયાબિટીસ નિયમિત કસરતના કારણે મમ્મી ના કન્ટ્રોલ માં રહેતા હતા.મમ્મી ઘણીવાર કંટાળીને થાકી જાવ છું ત્યારે પપ્પા નજીક જઈને એની ફેવરિટ ચોકલેટ મો માં મૂકતા ત્યારે હસીને કહેતી કે કંટાળી તો જાવ છું પરંતુ દરરોજ ચોકલેટ મળતી હોય તો કસરત કરવામાં મને કોઈ વાંધો નથી.

સૌથી નાની રેવતી બાળક જેવી માસૂમ એમાં હસતી ત્યારે એના બન્ને ગાલ પર ઊંડા ખંજન પડતાં હતાં. મમ્મી અને પપ્પા બન્નેની ખૂબ લાડકી વળી ટેબલ ટેનિસ ની સ્ટેટ લેવલ ની ખેલાડી હતી. ટુર્નામેન્ટ માં રમવા માટે એ બીજા રાજ્યોમાં પણ સ્કૂલ તરફથી જાતી ત્યારે ટ્રોફી જીતીને જ આવતી હતી. પપ્પા,રેવતી ને કલેક્ટર બનાવવા માગતા હતા પરંતુ રેવતી નો ટેબલ ટેનિસ પ્રત્યેનો પ્રેમ જોઈને પપ્પા એ એનું સ્વપ્નું બદલી નાખ્યું.આમપણ સંજુના પપ્પા ને અંધારા માં રાખી એની લાગણીઓ નો વિશ્વાસ ઘાત બાદ સ્વપ્નાઓ વેરવિખર થઈ ગયા હતા. આમ તો પપ્પા એ જીંદગી ને સામાન્ય બનાવવા માટે હાલત સાથે સમજૂતી કરી લીધી હતી.પત્ની સ્ટ્રેસ ઓછો લે અને પાચેય દિકરીઓની જીંદગી ખુશહાલ રહે એ માટે ઘરમાં આનંદનું વાતાવરણ રહે પપ્પા ની અમૂલ્ય મિલકત એની પાંચ દીકરીઓ હતી એનો અર્થ એ બિલકુલ નથી એ દીકરીઓના લગ્ન કરાવવા માંગતા નહતા. પપ્પા નું માનવું હતું કે દીકરીઓ એ ભણીને પગભર થઈને ખુદનું નસીબ બનાવું જરૂરી છે. સંજુ દીદી એ લગ્ન બાદ પપ્પાના મોબાઈલ પર અને ઘરના લેન્ડલાઈન પર ઘણીવાર ફોન કર્યો હતો પરંતુ ઘરની વ્યક્તિઓ એની સાથે વાત કરવા માંગતા નહતા. મમ્મીને ઘણીવાર ફોન ઉપાડવાનું મન થઈ જતું હતુ પરંતુ પતિના દર્દ યાદ આવતા ફોન ઉપાડતાં નહતા. સંજુદીદી નાં સાસરિયાં એ સબંધ સુધારવા ખૂબ પ્રયત્ન કર્યો હતો.અમદાવાદ રહેતા સગા પપ્પાની ઓફિસે મળવા ગયા હતા,પરંતુ પપ્પા એ સોરી!!સંજુ સાથે સબંધ રાખવા નથી માગતા કહીને ના પાડી દીધી હતી.

પપ્પાને સંજુ પ્રત્યે પ્રેમ નહતો એવુ નહતું પરંતુ એના કૃત્ય થી એ એટલે નારાજ હતા એટલે એને માફ કરવા તૈયાર નહતા. સંજુદીદી એના જન્મ દિવસે એ અચૂક પપ્પા ના મોબાઈલ મેસેજ કરતી હતી કે પ્લીઝ પપ્પા મને માફ કરી દ્યો.પરંતુ પપ્પા એ ક્યારેય એના મેસેજ નો જવાબ ન આપ્યો.મમ્મી અને બહેનોના જન્મ દિવસે ગિફ્ટ મોકલતી ત્યારે એની ગિફ્ટ accept થતી નહતી. સંજુદીદી એ ધીમે ધીમે મોબાઈલ પર મેસેજ કરવાનું અને ગિફ્ટ મોકલવાનું બંધ કરી દીધું.

# 'ધક ધક ગર્લ'નો યેલો સાડીમાં સુંદર અંદાજ, ક્યૂટ સ્માઈલ પર લોકો ફિદા



બોલિવૂડની ટોપ એક્ટ્રેસ માધુરી દીક્ષિત ટ્રેડિશનલ લુકમાં ખૂબ જ સુંદર લાગે છે. માધુરી દીક્ષિતએ પોતના ઈન્ટાગ્રામ પર તસવીરો શેર કરી છે જેમાં તેનો સ્ટાઈલિશ દેખાઈ રહ્યો છે. તેનો આ લુક ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.




બોલિવૂડની ટોપ એક્ટ્રેસ માધુરી દીક્ષિત ટ્રેડિશનલ લુકમાં ખૂબ જ સુંદર લાગે છે. માધુરી દીક્ષિત યોલો રંગની સાડીમાં જોવા મળી રહી છેજેની સાથે તેને યેલો સાડી જેવું જ જેકેટ પહેર્યુ છે. અભિનેત્રીની સાડીની સ્ટાઈલને ઘણી પસંદ કરવામાં આવી રહી છે. આ સ્ટાઈલ કોઈપણ પાર્ટી કે વેડિંગ ફંક્શનમાં કેરી કરવામાં આવે છે.આ દરમિયાન અભિનેત્રી હળવા મેકઅપમાં જોવા મળી રહી છે. તેમજ તેણે પોતાના વાળ પણ બાંધ્યા છે. ધક ધક ગર્લ' તેના કાનમાં મોટી બુટ્ટી પહેરી રહી છે જે તેના લુકમાં વધારો કરી રહી છે. તેણીએ તેની આંગળીઓમાં મેચિંગ વીંટી પહેરી છે.તેમજ માધુરીએ પોતાનો આખો લુક હાઈ હીલ્સ સાથે કમ્પ્લીટ કર્યો છે. આ સિવાય તસ્વીરોમાં માધુરી દીક્ષિતના ચહેરા પર એક ક્યૂટ સ્મિત જોવા મળે છે જેના પર ચાહકો હંમેશા તેમના દિલ ગુમાવે છે.

# રામમંદિર નહીં તો કયા મંદિરે પહોંચી સારા અલી ખાન...? Photo જોઇ ફેન્સ શું બોલ્યા જુઓ







મુંબઈ : બોલીવુડ એક્ટ્રેસ સારા અલી ખાન મુસ્લિમ હોવા છતાં અન્ય ધર્મોમાં પણ આસ્થા, શ્રદ્ધા રાખે છે. 22 જાન્યુઆરીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યુ. જ્યાં બોલીવુડના ઘણા સ્ટાર્સે હાજરી આપી. જોકે, ખાન પરિવારમાંથી (સૈફ અલી ખાન ફેમિલી) માંથી આ પ્રાણ પ્રતિષ્ઠામાં કોઈ સામેલ થયુ નહોતુ. સારા અલી ખાન જેમને પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ મળ્યુ નહોતુ. તે ભોલેબાબાના દરબાર પહોંચી. સારા અલી ખાન ઘણા મંદિરોમાં દર્શન કરતી નજરે પડે છે. આ વખતે તે ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ પહોંચી. જ્યાં તેણે મહાદેવના દર્શન કર્યા અને નંદીજીના કાનોમાં પણ પોતાની વાતો કહેતી નજર આવી. એક્ટ્રેસે આ તસવીરોને સોશિયલ મીડિયા પર શેર કરી છે. મહાદેવ માટે તેની ભક્તિએ લોકોનું દિલ જીતી લીધુ છે.મહારાષ્ટ્રના ઓરંગાબાદથી 20 કિલોમીટર દૂર વેરુલ ગામમાં બનેલા ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ મંદિરમાં સારા અલી ખાને ભોલેનાથના દર્શન કર્યા. જોકે આ પહેલી વખત નથી કે જ્યારે સારાએ મંદિરમાં દર્શન કર્યા હોય. એક્ટ્રેસ ભોલેબાબાની ભક્ત છે. તે ભગવાન શંકરના મંદિરોમાં ઘણીવખત જાય છે. બાબા ભોલેનાથના દર્શનના ફોટો શેર કરતા સારાએ લખ્યુ, જય ભોલેનાથ.ચાહકોએ કહ્યુ- નામમાંથી અલી હટાવી દો સારાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. ચાહકોને સારાની મહાદેવમાં ભક્તિ પસંદ આવી. તેમણે એક્ટ્રેસના વખાણ કરતા તેને સલાહ આપી કે તેણે પોતાના નામમાંથી અલી હટાવી દેવુ જોઈએ. વર્ષ 2023માં એક્ટ્રેસની વિક્કી કૌશલ સાથે ફિલ્મ 'જરા હટકે જરા બચકે' રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પસંદ કરવામાં આવી હતી. હવે એક્ટ્રેસ 'સ્કાય ફોર્સ'માં હોવાની ચર્ચા છે.

# માલદિવ વિવાદમાં સલમાન ખાનની બુલનું શૂટિંગ અટક્યું

**માલદિવમાં શૂટિંગ નક્કી થઇ ગયું હતું, માલદિવમાં ત્રાસવાદી હુમલા પર જ આખી સ્ટોરી છે, કરણ જૌહરની મુશ્કેલી વધી**



મુંબઇ : માલદિવ વિવાદના કારણે કરણ જોહર દ્વારા પ્રોડયૂસ કરવામાં આવી રહેલી અને સલમાન ખાન અભિનિત 'ધી બુલ'નું શૂટિંગ અટકી પડયું છે. માલદિવમાં ત્રાસવાદી હુમલો થયો હતો ત્યારે ભારતીય સૈન્યએ 'ઓપરેશન કેક્ટસ' હાથ ધરી માલદિવની મદદ કરી હતી. આ ઓપરેશન પરથી જ આ ફિલ્મ બની રહી છે. આ ફિલ્મ દ્વારા કરણ જોહર અને સલમાન ખાન 'કુછ કુછ હોતા હૈ'ના ત્રણ દાયકા પછી પહેલીવાર કોલબરેટ કરી રહ્યા છે.

ફિલ્મનું દિગ્દર્શન વિષ્ણુવર્ધન કરશે. ફિલ્મનું શૂટિંગ માલદિવના વાસ્તવિક લોકેશન પર આગામી ફેબુરઆરીમાં શરુ થવાનું હતું. પરંતુ, હાલ ભારત અને માલદિવ વચ્ચે રાજદ્વારી સંબંધો તળિયે પહોંચી ગયા છે. ફિલ્મ કલાકાર કસબીઓના ફેડરેશને પણ માલદિવમાં શૂટિંગના બહિષ્કારનું એલાન આપી દીધું છે. આ સંજોગોમાં કરણ જોહરે કાં તો પરિસ્થિતિ થોડી થાળે પડે ત્યાં સુધી રાહ જોવી પડશે. અથવા તો માલદિવ જેવું જ અન્ય કોઇ લોકેશન શોધી રાખવું પડશે.

# બોબી દેઓલ પત્નીને ગળે લગાવીને થયો રોમેન્ટિક, તાનિયાને આપ્યું આવું સરપ્રાઇઝ



બોબી દેઓલ બોલિવૂડના સૌથી ફેવરિટ કલાકારોમાંથી એક છે. બોબી દેઓલને ફિલ્મ એનિમલમાં ખૂબ જ પસંદ કરવામાં આવ્યા હતા અને તેઓ તેની સફળતાઓ આનંદ માણી રહ્યા હતા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ઘણા નવા રેકોર્ડ બનાવ્યા છે અને આ ફિલ્મમાં બોબીએ બોલ્યા વગર પોતાના 10 મિનિટના રોલમાં લોકોને દિવાના બનાવી દીધા હતા. અભિનેતા સોશિયલ મીડિયા પર દરેક જગ્યાએ જોવા મળ્યો હતો. જોકે, બહુ ઓછા લોકો જાણે છે કે એક સારા અભિનેતા હોવા સિવાય બોબી એક પ્રેમાળ પતિ પણ છે. હકીકતમાં તેઓ વાસ્તવિક જીવનમાં 'એનિમલ'માં અબરારના રોલથી તદ્દન વિરુદ્ધ છે.

બોબી દેઓલની પત્ની તાનિયા દેઓલનો જન્મદિવસ 24 જાન્યુઆરીએ છે અને દરમિયાન અભિનેતાઓ જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. અભિનેતાએ એક સુંદર રોમેન્ટિક ફોટો પોસ્ટ કર્યો છે. આ તસવીરમાં અભિનેતા તેની પત્નીને પ્રેમથી ગળે લગાવતો જોવા મળે છે. તસવીરમાં બંને ખુશીથી હસતા જોવા મળે છે. આ તસવીર પોસ્ટ કરતા અભિનેતાએ કેપ્શનમાં લખ્યું, 'મારા જીવનના પ્રેમને જન્મદિવસની શુભેચ્છા.'

બોબી દેઓલ અને તાનિયાની લવ સ્ટોરી કોઈનાથી છુપી નથી. અભિનેતાએ ઘણી વખત આનો ઉલ્લેખ કર્યો છે. તેમની લવ સ્ટોરી એક ઇટાલિયન કાફેમાં શરૂ થઈ હતી જ્યાં તેઓ પ્રથમ વખત મિત્રની પાર્ટીમાં મળ્યા હતા. આ પાર્ટીમાં જ બોબીનું દિલ હારી ગયું હતું. આ પાર્ટી બાદ તેણે તેના મિત્ર પાસેથી તાન્યાનો નંબર માંગ્યો અને તેને બીજી મીટિંગ માટે કહ્યું હતું. ત્યાર બાદ બંને વચ્ચે મુલાકાતોનો સિલસિલો શરૂ થયો અને પછી આ વાત લગ્ન સુધી પહોંચી હતી. બોબી દેઓલે તાનિયાને તે જ જગ્યાએ લગ્ન માટે પ્રપોઝ કર્યું જ્યાં તેઓ પહેલીવાર મળ્યા હતા. 30 મે 1996ના રોજ બોબી અને તાનિયાએ નજીકના મિત્રો અને પરિવારની હાજરીમાં લગ્ન કર્યા હતા. બંનેને બે પુત્રો આર્યમાન અને ધરમ પણ છે. 'એનિમલ' બાદ 54 વર્ષીય અભિનેતા પાસે કેટલાક મોટા પ્રોજેક્ટ્સ છે. અભિનેતા તમિલ ભાષાની એક્શન ફિલ્મ 'કંગુવાઃ અ માઈટી વેલિયન્ટ સાગા'માં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેતા સાથે દિશા પટણી અને સૂર્યા પણ છે. અભિનેતા પાસે તેની કીટીમાં 'હરી હરા વીરા મલ્લુ' નામની તેલુગુ ફિલ્મ પણ છે, જેમાં પવન કલ્યાણ મુખ્ય ભૂમિકામાં છે.

# અજયની ફિલ્મોનો ખડકલો, એક વર્ષમાં પાંચ રીલીઝ થશે



મુંબઇ : અજય દેવગણની આ વર્ષે પાંચ ફિલ્મો રીલીઝ થવાની છે. તેની ફિલ્મોની રીલીઝ ડેટ આઘીપાછી થતાં આ સ્થિતિ સર્જાઈ છે. આ સંજોગોમાં અભિનેતાને ઓવરએક્સપોઝરનું જોખમ સતાવી રહ્યું છે. આગામી માર્ચમાં તેની 'શૈતાન' અને પછી એપ્રિલમાં 'મૈદાન' અને 'ઔરો મેં કહા દમ થા' રીલીઝ થવાની છે. તે પછી ઓગસ્ટમાં 'સિંઘમ અગેઈન' અને વર્ષના અંતે 'રેઈડ ટૂ' રીલીઝ થવાની છે. આ પાંચમાંથી 'શૈતાન' ગુજરાતી ફિલ્મની રિમેક છે અને 'સિંઘમ અગેઈન' તથા 'રેઈડ ટૂ' ફ્રેન્ચાઈઝી ફિલ્મો છે. ટ્રેડ વર્તુળા માને છે કે અજય દેવગમની 'સિંઘમ અગેઈન' સિંઘમ બ્રાન્ડના કારણે ટિકિટબારી પર ઉજ્જવળ શક્યતાઓ ધરાવે છે. જોકે આ ફિલ્મની ટક્કર અલ્લુ અર્જુનની 'પુષ્પા ટૂ' સાથે થવાની છે.

અજય દેવગણ છેલ્લા કેટલાક સમયથી તેની કારકિદીના નબળા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. પાછલાં વર્ષોમાં તેની 'દશ્યમ ટૂ ' સિવાય એક પણ ફિલ્મ સારી ચાલી નથી.

# અફેરની ખબરો પર કંગના રનૌતે ખુદ કરી સ્પષ્ટતા, કહ્યું- 'હું બીજા કોઇને ડેટ કરી રહી છું'





નવી મુંબઇ: બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌત અવારનવાર કોઈને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર કોઈપણ વિષય પર તેના વિચારો વ્યક્ત કરતી રહે છે. કંગનાનું નામ એક સમયે રિતિક રોશન સાથે જોડાયું હતું. હવે અભિનેત્રી ફરી એકવાર ડેટિંગની અફવાઓને કારણે ચર્ચામાં છે. ફિલ્મ 'ઈમરજન્સી'ને કારણે પણ ચર્ચામાં રહેતી એક્ટ્રેસે અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠામાં હાજરી આપી હતી. અહીં પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ થયા બાદ અભિનેત્રીએ જય શ્રી રામના નારા લગાવીને આ ઐતિહાસિક દિવસની ઉજવણી કરી હતી. પરંતુ આ કારણો સિવાય કંગના અન્ય કારણસર ટ્રેન્ડીંગ લિસ્ટમાં આવી છે.કંગના રનૌત પોતાની પ્રોફેશનલ લાઈફને કારણે નહીં પરંતુ તેની પર્સનલ લાઈફને કારણે ચર્ચામા છે. ઋત્વિક રોશન સાથેના તેના રિલેશનને કારણે ચર્ચામાં રહેલી કંગનાનું નામ હવે Ease My Tripના સ્થાપક નિશાંત પિટ્ટી સાથે જોડાઇ રહ્યું છે. અયોધ્યાથી તેમનો એકસાથે ફોટો સામે આવ્યા બાદ તેમના સંબંધો વિશે અટકળો શરૂ થઈ ગઈ હતી.પ્રાણ પ્રતિષ્ઠાએ આ બંનેના બે અલગ-અલગ સમયના ફોટોગ્રાફ્સ જાહેર કર્યા છે. એક રિપોર્ટ અનુસાર, નિશાંત પેટી સાથે કંગનાનો ફોટો રેડિટ પર સામે આવ્યો છે. એક ફોટોમાં કંગનાએ પેસ્ટલ ગ્રીન કલરનો સૂટ અને તેની ઉપર શાલ પહેરેલી છે. જ્યારે બીજી તસવીરમાં અભિનેત્રીએ સાડી પહેરી છે. કંગનાએ આ અફવાઓ પર પોતાનું મૌન તોડતા સોશિયલ મીડિયા પર એક સ્ટોરી પોસ્ટ કરી છે જેમાં અભિનેત્રીએ મીડિયામાં ખોટી માહિતી ન ફેલાવવા વિનંતી કરી છે. એક્ટ્રેસે જણાવ્યુ કે, નિશાંત પિટ્ટીજી ખુશહાલ લગ્ન જીવન જીવી રહ્યાં છે અને હું કોઈ બીજાને ડેટ કરી રહી છું, જે યોગ્ય સમય આવશે ત્યારે તે જાહેર કરશે.આ તસવીરો સામે આવ્યા બાદ યુઝરે આ પોસ્ટ પર ઘણી કોમેન્ટ કરી હતી. એક યુઝરે લખ્યું, 'કંગનાની ખરાબ સમય ચાલી રહ્યો છે. યુઝરે લખ્યું કે, 'આ વ્યક્તિને ખબર નથી કે તેની સાથે શું થવાનું છે.'એક્ટ્રેસના વર્ક ફ્રન્ટની જો વાત કરીએ તો, ફિલ્મ 'ઈમરજન્સી' માં ચાહકો તેને ભારતના પ્રથમ અને એકમાત્ર મહિલા વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના રોલમાં જોવાના છે. આ ફિલ્મ આ વર્ષે 14 જૂને રિલીઝ થઈ રહી છે.

# સંજય લીલા ભણશાળીની ફિલ્મમાં રણબીર, આલિયા, વિકીની ત્રિપુટી



મુંબઇ : સંજય લીલા ભણશાળીએ 'બૈજુ બાવરા' બનાવવાનું માંડી વાળી એક મોડર્ન અર્બન લવ સ્ટોરી પર હાથ અજમાવવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મ માટે રણબીર કપૂર, આલિયા ભટ્ટ તથા વિકી કૌશલની ત્રિપૂટી નક્કી કરવામાં આવી હોવાનું કહેવાય છે. આ ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. એક દાવા અનુસાર આગામી નવેમ્બરથી ફિલ્મનું શૂટિંગ શરુ કરવામાં આવશે. રણબીર કપૂરને 'સાંવરિયા'થઈ સંજય લીલા ભણશાળીએ જ બ્રેક આપ્યો હતો. આલિયા ભટ્ટ તેમની ફેવરિટ હિરોઈન છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી' પછી તેઓ 'બૈજુ બાવરા'માં પણ આલિયાને જ રિપિટ કરવાના હતા. જોકે, ફાઈનાન્સના અભાવે 'બૈજુ બાવરા' પડતી મુકવી પડી છે. તે પછી સંજય લીલા ભણશાળી સલમાન ખાન અથવા તો શાહરુખને લઈને 'ઈન્શાલ્લાહ' રિવાઈવ કરશે તેવી પણ ચર્ચા હતી. હવે આ નવી રોમાન્ટિક ફિલ્મ વિશે ચર્ચા ચાલી રહી છે.

# અયોધ્યામાં રામચરણને ચાહકોએ ભેટ આપતા જ આંસુ વહેવા લાગ્યા



નવી દિલ્હી: 22મી જાન્યુઆરીનો દિવસ માત્ર રામભકતો જ નહીં પણ દરેક ભારતીય માટે ઐતિહાસિક, અભૂતપૂર્વ અને અવિસ્મરણીય હતો. એ દિવસે આખો દેશ રામના નારાથી ગૂંજી રહ્યો હતો. અયોધ્યામાં રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં અનેક રાજકારણીઓ, ઉદ્યોગપતિ અને ફિલ્મ ક્ષેત્રની હસ્તીઓએ હાજરી આપી હતી.અયોધ્યામાં રામ મંદિરના ભવ્ય અભિષેક સમારોહમાં દક્ષિણ ભારતની ફિલ્મોના સુપરસ્ટાર ચિરંજીવી અને તેમના પુત્ર રામચરણને પણ આમંત્રણ અપાયું હતું. તેમણે રામલલાના દર્શન કર્યા હતા. આ દરમિયાન અયોધ્યા પહોંચતા જ રામચરણના ચાહકો તેમને જોવા માટે ખૂબ જ ઉત્સાહિત હતા. રામચરણ તેમને મળ્યો પણ ખરો અને ચાહકોને મળતી વખતે એવુ કંઈ થયું કે, તે ખૂબ જ લાગણીમય થઈ ગયો. વાત એમ હતી કે, રામચરણના ચાહકો તેમના પ્રિય અભિનેતાને જોઈને ખૂબ જ ખુશ હતા. ચાહકોએ તેનું સ્વાગત પણ કર્યું અને રામચરણને રામની સુંદર તસવીર ભેટ કરી. એ તસવીર જોતા જ રામચરણ અતિ ભાવુક થઈ ગયો હતો. એક ચાહકે રામચરણને શ્રી રામ સાથે દર્શાવેલી તેનો જ તસવીર ભેટ આપી હતી. આ તસવીરમાં દર્શાવાયું છે કે, રામચરણ આર.આર.આર. ફિલ્મના રામરાજુના પાત્રના ગેટ-અપમાં ડાબા હાથમાં ધનુષ લઈને ઊભો છે અને તેમની પાછળ ભગવાન રામ છે. આ તસવીર જોઈને રામ ચરણ ભાવુક થઈ ગયા. તેણે ભેટ સ્વીકારીને ભગવાન રામને પ્રણામ કર્યા. ત્યાર પછી કેટલાક ચાહકોએ તેમને રામ, લક્ષ્મણ અને જાનકીની તસવીરો પણ ભેટમાં આપી હતી. રામચરણ સિવાય બોલિવૂડના દિગ્ગજ કલાકારોએ પણ ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં ભાગ લીધો હતો,

# ગિલ ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર:શમી, અશ્વિન અને બુમરાહ પણ સન્માનિત







હૈદરાબાદ તા 24

શુભમન ગિલ અને દીપ્તિ શર્માને 2023 માટે ભારતના બેસ્ટ ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યા છે, જ્યારે દિગ્ગજ ક્રિકેટર રવિ શાસ્ત્રીને લાઈફટાઈમ અચીવમેન્ટ અવોર્ડ આપવામાં આવ્યો છે. મંગળવારે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તેના ખેલાડીઓનું સન્માન કર્યું. 2019 પછી પ્રથમ વખત બોર્ડે ખેલાડીઓને અવોર્ડ આપ્યા છે. હૈદરાબાદમાં આયોજિત સમારોહમાં ભારતીય ક્રિકેટ ટીમના તમામ ખેલાડીઓ પણ હાજર રહ્યા હતા. ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડ પણ ખેલાડીઓ સાથે પહોંચ્યા હતા. અવોર્ડ સમારોહ હૈદરાબાદમાં યોજાયો હતો. તેમાં ભારતીય ટીમના ખેલાડીઓ પણ હાજર રહ્યા હતા.શમી, અશ્વિન અને બુમરાહ પણ સન્માનિત શુભમન ગિલ ઉપરાંત આ અવોર્ડ મોહમ્મદ શમીને 2019-20 માટે, રવિચંદ્રન અશ્વિનને 2020-21 માટે અને જસપ્રિત બુમરાહને 2021-22 માટે આપવામાં આવ્યો હતો. રવિ શાસ્ત્રીને લાઈફટાઈમ અચીવમેન્ટ અવોર્ડ મળ્યો દીપ્તિ શર્મા ઉપરાંત આ પુરસ્કાર મહિલા કેટેગરીમાં 2020થી 2022 માટે આપવામાં આવ્યો હતો. સ્મૃતિ મંધાનાને 2020-22ની સર્વશ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવી હતી. દીપ્તિ શર્માને 2019-20 માટે એવોર્ડ મળ્યો હતો. ટીમ ઈન્ડિયાના ઓપનર શુભમન ગિલે અવોર્ડ સાથેનો પોતાનો આ ફોટો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો છે. ફારુક એન્જિનિયરને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ 1983માં, ભારતની વિશ્વ ચેમ્પિયન ટીમના પ્લેયર રવિ શાસ્ત્રી અને ફારૂક એન્જિનિયરને કર્નલ સીએકે નાયડુ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ફારુકે ભારત માટે 46 ટેસ્ટ અને પાંચ વનડે રમી હતી. 1961થી 1975ની વચ્ચે તેમણે ટેસ્ટમાં 2611 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેમણે બે સદી અને 16 અડધી સદી ફટકારી હતી. તેમાં ભારતીય ટીમના ખેલાડીઓ પણ હાજર રહ્યા હતા.શમી, અશ્વિન અને બુમરાહ પણ સન્માનિત શુભમન ગિલ ઉપરાંત આ અવોર્ડ મોહમ્મદ શમીને 2019-20 માટે, રવિચંદ્રન અશ્વિનને 2020-21 માટે અને જસપ્રિત બુમરાહને 2021-22 માટે આપવામાં આવ્યો.

# રોહિત-વિરાટને કભી ખુશી કભી ગમ:ICC વન-ડે ટીમ ઓફ ધ યરમાં મળ્યું સ્થાન

નવી દિલ્હી તા 24



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ 2023 માટે વન-ડે ટીમ ઓફ ધ યર જાહેર કરી છે. ભારતને વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચાડનાર કેપ્ટન રોહિત શર્માને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભારતના કુલ 6 ખેલાડીને સ્થાન મળ્યું છે, જ્યારે વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયામાં ટ્રેવિસ હેડ અને એડમ ઝામ્પાનો સમાવેશ થાય છે. સાથે જ ICCએ ટેસ્ટ ટીમ ઓફ ધ યરની પણ જાહેરાત કરી હતી. જેમાં રોહિત અને કોહલીને સ્થાન મળ્યું નથી. પ્લેઈંગ-11માં પ્લેયર તરીકે માત્ર બે ભારતીય ખેલાડી રવિચંદ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજાને સામેલ કરવામાં આવ્યા છે. શુભમન ગિલ, ભારત

ટીમ ઈન્ડિયાના યુવા ઓપનર શુભમન ગિલે 2023માં વન-ડે સૌથી વધુ રન બનાવ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં જ તેણે ન્યૂઝીલેન્ડ સામે બેવડી સદી ફટકારી હતી. તેણે 29 વન-ડેમાં કુલ 1584 રન બનાવ્યા, જેમાં 5 સદી સામેલ છે. ટ્રેવિસ હેડ, ઓસ્ટ્રેલિયા

વન-ડે વર્લ્ડ કપની સેમિફાઈનલ અને ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચ રહેલા ટ્રેવિસ હેડે પણ ટીમમાં જગ્યા બનાવી છે. તેણે વર્ષની 13 મેચમાં માત્ર 570 રન બનાવ્યા, પરંતુ તેના વર્લ્ડ કપ પ્રદર્શનના આધારે તેને સ્થાન મળ્યું.ODI વર્લ્ડ કપ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ વિરાટ કોહલીએ 2023માં શુભમન કરતાં 6 વધુ સદી ફટકારી હતી. તેણે 27 મેચમાં કુલ 1377 રન બનાવ્યા, જેમાંથી 765 વર્લ્ડ કપમાં આવ્યા. તેણે સેમિફાઈનલમાં સદી અને ફાઈનલમાં ફિફ્ટી ફટકારી હતી, પરંતુ તે ટીમને જીત અપાવી શક્યો નહોતો. જોકે તેની શાનદાર બેટિંગના આધારે કોહલીએ ટીમમાં જગ્યા બનાવી હતી.ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ 2023માં 52ની એવરેજથી કુલ 1255 રન બનાવ્યા હતા. વન-ડે વર્લ્ડ કપમાં તેણે અફઘાનિસ્તાન સામે સદી ફટકારી હતી અને કુલ 597 રન બનાવ્યા હતા.

# વુમન્સ પ્રીમિયર લીગ 23 ફેબ્રુઆરીથી શરૂ થશે : સિઝન-1ની ફાઇનલિસ્ટ MI-DC વચ્ચે પહેલી મેચ

**વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની બીજી સિઝનનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. 23 ફેબ્રુઆરીએ સિઝન-1ની ફાઇનલિસ્ટ મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ઓપનિંગ મેચ યોજાશે. એલિમિનેટર 15 માર્ચે અને ફાઇનલ 17 માર્ચે રમાશે. WPLની તમામ 22 મેચ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ અને દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં યોજાશે. બંને શહેરોમાં 11-11 મેચ રમાશે. તમામ મેચ સાંજે 7.30 વાગ્યાથી શરૂ થશે WPLની સિઝન 2માં, પહેલી 11 મેચ બેંગલુરુમાં 23 ફેબ્રુઆરીથી 4 માર્ચ સુધી યોજાશે. આ પછી બાકીની 11 મેચ દિલ્હીમાં 5થી 17 માર્ચ સુધી રમાશે. એક દિવસમાં માત્ર એક જ મેચ હશે અને તમામ મેચ સાંજે 7.30 વાગ્યાથી શરૂ થશે.**





**ટોચની ટીમ સીધી ફાઇનલ રમશે :** WPLની બીજી સિઝનમાં પણ 5 ટીમ ભાગ લઈ રહી છે. તમામ ટીમ એકબીજા સામે 2-2 લીગ મેચ રમશે. લીગ તબક્કાની સમાપ્તિ પછી, પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને રહેલી ટીમ ફાઈનલમાં પહોંચશે. એલિમિનેટર બીજા અને ત્રીજા સ્થાને રહેલી ટીમો વચ્ચે દિલ્હીમાં રમાશે. જે ટીમ આ જીતશે તે 17 માર્ચે પ્રથમ સ્થાન મેળવનાર ટીમ સામે ફાઈનલ રમશે.

**મુંબઇએ દિલ્હીને હરાવીને સિઝન-1નો ખિતાબ જીત્યો હતો :** વુમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની પ્રથમ સિઝન 2023માં 4થી 26 માર્ચ દરમિયાન રમાઈ હતી. મુંબઈ ઈન્ડિયન્સે ફાઈનલમાં દિલ્હી કેપિટલ્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું. મુંબઈની કેપ્ટનશિપ હરમનપ્રીત કૌર અને દિલ્હીની કેપ્ટનશિપ મેગ લેનિંગે કરી હતી. પ્રથમ સિઝનમાં 5 ટીમે ભાગ લીધો હતો, બીજી સિઝનમાં પણ માત્ર 5 ટીમ જ ભાગ લેશે.

# ભારત-ઈંગ્લેન્ડ સિરીઝના 8 ગેમચેન્જર્સ : અશ્વિન નં.1 બોલર

નવી દિલ્હી તા 24




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે એટલે કે 25મી જાન્યુઆરીથી 5 ટેસ્ટ મેચની શ્રેણી શરૂ થશે. પહેલી મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ભારત તરફથી વિરાટ કોહલી પ્રથમ 2 ટેસ્ટ રમી શકશે નહીં અને ઈંગ્લેન્ડનો હેરી બ્રુક આખી શ્રેણી રમી શકશે નહીં. બંને ટીમમાં ઘણા એવા ખેલાડીઓ છે જે પોતાની મેળે મેચનો માર્ગ બદલવાની શક્તિ ધરાવે છે. આપણે આજે મેચના આવા 8 ગેમચેન્જર્સ વિશે જાણીશું. ટીમ ઈન્ડિયાના 4 પોસિબલ ગેમચેન્જર્સ 1. વિરાટ કોહલી

35 વર્ષીય વિરાટ કોહલી શ્રેણીની ત્રીજી મેચથી હાજર રહેશે. કોહલીએ ભારત માટે અત્યાર સુધી 113 ટેસ્ટમાં 8,848 રન બનાવ્યા છે, જેમાં 29 સદી અને 30 અર્ધસદી સામેલ છે. સક્રિય બેટરોમાં તે ભારતનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તે દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી ટેસ્ટ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ હતો. તેણે ઈંગ્લેન્ડ સામે 38 ટેસ્ટમાં 2,483 રન બનાવ્યા છે, જેમાં 4 સદી અને 16 અર્ધસદી સામેલ છે. એશિયન કંડિશનમાં તેણે 59 ટેસ્ટમાં 4,597 રન બનાવ્યા છે, જે વર્તમાન ટીમમાં ભારતીય ખેલાડીઓમાં સૌથી વધુ છે. તે 2023-25 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય પણ છે. તેના નામે 4 ટેસ્ટમાં 369 રન છે.રોહિતે અફઘાનિસ્તાન સામેની તાજેતરની T20 શ્રેણીમાં પોતાનો આક્રમક દર્શાવ્યો હતો. તે દક્ષિણ આફ્રિકામાં કંઈ ખાસ કરી શક્યો ન હતો.

# ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધ્યું, પ્રેક્ટિસ કેમ્પમાં અકસ્માત, અચાનક દુખાવો ઉપડ્યો આ મોટા ખેલાડીને બહાર

નવી દિલ્હી તા 24



ભારતીય ક્રિકેટ ટીમ 25 જાન્યુઆરીથી ઈંગ્લેન્ડ સામે પાંચ મેચોની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ રમવાની છે. જો કે આ મેચ પહેલા જ ભારતને એક ઝટકો લાગ્યો છે. ટીમનો અન્ય એક ખેલાડી નેટમાં ઈજાગ્રસ્ત થયો છે. આ ખેલાડી પ્લેઈંગ-11માં વિરાટ કોહલીની જગ્યાએ નંબર-4 પર રમવાનો દાવેદાર હતો. ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધ્યું, પ્રેક્ટિસ કેમ્પમાં અકસ્માત, અચાનક દુખાવો ઉપડ્યો આ મોટા ખેલાડીને

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 25 જાન્યુઆરીથી પાંચ મેચની ટેસ્ટ સીરીઝ શરૂ થઈ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રમાશે. ટીમ ઈન્ડિયાએ આ ટેસ્ટ મેચની તૈયારી શરૂ કરી દીધી છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ મંગળવારે પ્રેક્ટિસ કરી હતી. પરંતુ પ્રેક્ટિસ દરમિયાન કંઈક એવું થયું જેણે ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધારી દીધું. ટીમનો મિડલ ઓર્ડર બેટ્સમેન શ્રેયસ અય્યર નેટમાં ઈજાગ્રસ્ત થયો હતો. અય્યરને વિરાટ કોહલીના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યો છે. અંગત કારણોસર કોહલીએ પાંચ મેચોની ટેસ્ટ સિરીઝની પ્રથમ બે મેચમાંથી ખસી ગયો છે. કોહલીની વિદાય બાદ અય્યરને નંબર-4 વિકલ્પ તરીકે ગણવામાં આવી રહ્યો હતો પરંતુ તેની ઈજાએ ચિંતામાં વધારો કર્યો છે.

# આઈસીસીની ટેસ્ટ ટીમમાં વિરાટ-રોહિતને ન મળી જગ્યા

નવી દિલ્હી તા 24

ભારતને ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચાડનાર કેપ્ટન રોહિત શર્માની આ ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. જ્યારે વિરાટ કોહલીને પણ આ ટીમમાં સ્થાન મળ્યું નથી.ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી. આ મેચમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે તેની વર્ષ 2023ની સર્વશ્રેષ્ઠ મેન્સ ટેસ્ટ ટીમની જાહેરાત કરી હતી. ICCએ આ ટીમમાં માત્ર બે ભારતીય ખેલાડીઓનો સમાવેશ કર્યો છે, જ્યારે ભારતને હરાવીને ICC ટેસ્ટ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતનાર ઓસ્ટ્રેલિયામાંથી આ ટીમમાં કુલ પાંચ સભ્યોની પસંદગી કરવામાં આવી છે. આ ટીમની કમાન ઓસ્ટ્રેલિયાના પેટ કમિન્સને આપવામાં આવી છે. ભારતને ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચાડનાર કેપ્ટન રોહિત શર્માની આ ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. જ્યારે વિરાટ કોહલીને પણ આ ટીમમાં સ્થાન મળ્યું નથી. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી.આ મેચમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો.

# ત્રણ લગ્ન બાદ શોએબ મલિકે ફેંક્યા ત્રણ નો-બોલ, મીમ્સ થયા વાયરલ

બાંગ્લાદેશ તા 24



બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં આ ત્રણ નો-બોલના કારણે શોએબને ખૂબ ટ્રોલ કરી રહ્યા છે. કેટલાક યુઝર્સ તેની બોલિંગને મોહમ્મદ આમિર સાથે જોડી રહ્યા છે જ્યારે કેટલાક તેને ફિક્સર કહી રહ્યા છે. કેટલાક યુઝર્સ તો એવું પણ લખી રહ્યા છે કે લગ્ન હોય કે નો-બોલ, તે બધું જ ત્રણ વાર કરે છે. ત્રણ લગ્ન બાદ શોએબ મલિકે ફેંક્યા ત્રણ નો-બોલ, મીમ્સ થયા વાયરલ પાકિસ્તાની ઓલરાઉન્ડર શોએબ મલિકે બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં એક ઓવરમાં ત્રણ નો-બોલ ફેંક્યા હતા. ફોર્ચ્યુન બરીશાલ તરફથી રમતી વખતે તેણે ખુલના ટાઈગર્સ સામે આ શરમજનક ઓવર ફેંકી હતી. આ ઓવરમાં તેણે કુલ 18 રન ખર્ચ્યા. હવે મલિકની આ પ્રકારની બોલિંગ પર સોશિયલ મીડિયા પર ઘણી પ્રતિક્રિયાઓ આવી રહી છે. તેના પર ઘણા બધા મીમ્સ બનાવવામાં આવી રહ્યા છે. શોએબ મલિકે ગયા અઠવાડિયે જ ત્રીજા લગ્ન કર્યા છે. આયેશા સિદ્દીકી અને ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા સાથે લગ્ન કર્યા પછી તેણે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે લગ્ન કર્યા. તે તેના લગ્નથી જ ટ્રેન્ડમાં છે. અત્યાર સુધી સોશિયલ મીડિયા યુઝર્સ તેના ત્રીજા લગ્ન વિશે મીમ્સ બનાવતા હતા, હવે શોએબ મલિકે તેમને વધુ એક તક આપી છે.

# ઈંગ્લેન્ડના ખેલાડીને ભારત આવતા અટકાવવામાં આવ્યો

ઈંગ્લેન્ડ તા 24

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી માટે ભારત આવી છે પરંતુ તેનો એક પણ ખેલાડી ટીમ સાથે હૈદરાબાદ આવ્યો નથી. વિઝાના કારણે આ ખેલાડી UAEમાં અટવાયેલો છે. હવે આ ખેલાડી ક્યારે ટીમ સાથે જોડાશે તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી. આ ખેલાડીને પહેલીવાર ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. ભારત સામેની પાંચ મેચોની ટેસ્ટ શ્રેણી પહેલા ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમને વધુ એક આંચકો લાગ્યો છે. રવિવારે સમાચાર આવ્યા કે હેરી બ્રુક ટીમમાં નથી કારણ કે તે અંગત કારણોસર સ્વદેશ પરત ફર્યો છે.

# ભારત-ઈંગ્લેન્ડ સિરીઝથી WTCનું ગણિત કેવી રીતે બદલાશે?

નવી દિલ્હી તા 24

ઈંગ્લેન્ડની ટીમ 3 વર્ષ બાદ ભારતમાં ટેસ્ટ રમવા હૈદરાબાદ પહોંચી છે. 5 ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ અહીં 25 જાન્યુઆરીથી રમાશે. 2025માં યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલને ધ્યાનમાં રાખીને આ શ્રેણી બંને ટીમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ટીમ ઈન્ડિયા 54.16% પોઈન્ટ સાથે ટેબલમાં બીજા સ્થાને છે. ટીમ 5-0 અથવા 4-1થી શ્રેણી જીતીને નંબર વન પર પહોંચી શકે છે. જ્યારે ઈંગ્લેન્ડ માત્ર 15% પોઈન્ટ સાથે 7મા નંબર પર છે, ટીમ 5-0થી જીતીને બીજા સ્થાને પહોંચી કે છે. હાલમાં ઓસ્ટ્રેલિયા નંબર વન પર છે, તેના 61.11% પોઈન્ટ છે.2019-21 WTCમાં, ઈંગ્લેન્ડ સામેની શ્રેણીને કારણે ભારતને ફાઈનલની ટિકિટ મળી હતી. ભારતે ઈંગ્લેન્ડને 3-1થી હરાવ્યા બાદ જ સાઉથમ્પટનમાં ન્યૂઝીલેન્ડ સામે ફાઈનલ રમી હતી. 2021-23માં પણ ઈંગ્લેન્ડ સામેની હારને કારણે ટીમ ઈન્ડિયાની ફાઈનલમાં પહોંચવાની આશા ઓછી થઈ ગઈ હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ સામેની છેલ્લી 6 ટેસ્ટમાંથી 4માં જીત મેળવીને ટીમ ફાઈનલમાં પહોંચી હતી.




## જો ઈંગ્લેન્ડ સામે હારીશું તો ઓસ્ટ્રેલિયા સામે જીતવું પડશે

જો ટીમ ઈન્ડિયા ઘરઆંગણે ટેસ્ટ શ્રેણી જીતી શકતી નથી તો તેણે ઓસ્ટ્રેલિયા સામે ઓસ્ટ્રેલિયામાં મુશ્કેલ શ્રેણી જીતવી પડશે. જો ઈંગ્લેન્ડ હારી જાય છે તો ટીમને ફાઈનલમાં પહોંચવા માટે બાકીની સિરીઝમાં શક્ય તેટલી વધુ મેચ જીતવી પડશે.

**શ્રેણીમાં 60 પોઈન્ટ દાવ પર છે :** ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની સિરીઝ રમાશે. જીતના 12 પોઈન્ટ એટલે કે શ્રેણીમાં કુલ 60 પોઈન્ટ દાવ પર છે. છેલ્લી વખત જ્યારે ઓસ્ટ્રેલિયા ફાઈનલ રમ્યું હતું ત્યારે તેના 152 પોઈન્ટ હતા અને ભારતના 127 પોઈન્ટ હતા. ઓસ્ટ્રેલિયાએ 19 અને ભારતે 18 મેચ રમી હતી. જ્યારે ઈંગ્લેન્ડે 22 મેચ રમી હતી.

**ભારતે 4માંથી 2 મેચ જીતી છે :**ચેમ્પિયનશિપનું નવું ચક્ર જૂન 2023માં WTC ફાઈનલ પછી શરૂ થયું. ભારતે અત્યાર સુધી વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કર્યો છે. ભારતે બંને દેશોમાં 2-2 ટેસ્ટ રમી હતી. વેસ્ટ ઈન્ડિઝમાં ભારતને એક જીત અને એક મેચ ડ્રો રહી હતી. તે જ સમયે, દક્ષિણ આફ્રિકામાં ટીમને 1 જીત અને 1 હાર મળી હતી.WTC પોઈન્ટ ટેબલમાં ભારત 4 મેચમાં 26 પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. ભારતને 2 જીતથી 24 પોઈન્ટ અને એક ડ્રોથી 4 પોઈન્ટ મળ્યા છે. પરંતુ દક્ષિણ આફ્રિકા સામે સ્લો ઓવર રેટના કારણે ટીમના 2 પોઈન્ટ પણ કપાયા હતા. તેથી, ટીમ પાસે હાલમાં 28ને બદલે 26 પોઈન્ટ છે અને પોઈન્ટ્સની ટકાવારી 54.16% છે.

# શ્રીલંકાએ ચીની જહાજને પ્રવેશવા ન દીધું:હવે માલદીવ્સ તરફ આગળ વધી રહ્યું છે , ભારતની જાસૂસીની આશંકા; નેવી એલર્ટ

કોલંબો તા 24

હિન્દ મહાસાગરમાં ચીનની દખલગીરી વધી રહી છે. જેના કારણે ભારતની ચિંતા વધી રહી છે. આ દરમિયાન ચીનનું એક જાસૂસી જહાજ માલદીવ તરફ આગળ વધી રહ્યું છે. તે માલદીવની રાજધાની માલે બંદરે પહોંચશે. જો કે, તેના આગમનની તારીખ વિશે માહિતી જાહેર કરવામાં આવી નથી. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં માલે પહોંચી શકે છે.

ભારતીય નેવી તેની હિલચાલ પર નજર રાખી રહ્યું છે. ભારતીય નૌકાદળના એક અધિકારીએ ન્યૂઝ એજન્સી રોઈટર્સને જણાવ્યું - ચીનનું જાસૂસી જહાજ જિયાંગ યાંગ હોંગ 03 ઈન્ડોનેશિયાના સુંડા સ્ટ્રેટ થઈને હિન્દ મહાસાગરમાં પ્રવેશ્યું હતું અને હવે તે માલદીવ તરફ આગળ વધી રહ્યું છે. તે માલદીવ જઈ રહ્યું છે કારણ કે શ્રીલંકાએ તેના કોઈપણ પોર્ટ પર રોકવાની પરવાનગી આપી નથી.

ચીની જાસૂસી જહાજ જિઆંગ યાંગ હોંગ 03 અગાઉ 2019 અને 2020માં માલદીવમાં લંગર કરી ચૂક્યું છે. આ બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં પણ જોવા મળ્યું છે, જેના પછી ભારત પર જાસૂસીનો ખતરો વધી રહ્યો છે. માલદીવ સાથે બગડતા સંબંધો ભારતની ચિંતાનું કારણ

માલદીવમાં ચીનના જહાજનું આગમન એવા સમયે થઈ રહ્યું છે જ્યારે એક તરફ ભારત-માલદીવના સંબંધોમાં ખટાશ આવી રહી છે તો બીજી તરફ ચીન અને માલદીવના સંબંધોમાં નિકટતા જોવા મળી રહી છે. માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુએ 8-12 જાન્યુઆરી દરમિયાન ચીનની મુલાકાત લીધી હતી. ત્યાંથી પરત ફર્યા બાદ તેમણે ચીનના વખાણ કર્યા હતા. કહ્યું- ચીન આપણા આંતરિક મુદ્દાઓમાં હસ્તક્ષેપ કરતું નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે અમારો દેશ નાનો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે અમને ધમકાવવાનું લાયસન્સ કોઈને મળી ગયું છે. 15 નવેમ્બર 2023ના રોજ માલદીવના નવા રાષ્ટ્રપતિ અને ચીનના સમર્થક હોવાનું કહેવાતા મોહમ્મદ મુઈઝ્ઝુએ શપથ લીધા. ત્યારથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. વાસ્તવમાં મોહમ્મદ મુઈઝ્ઝુએ પોતાના ચૂંટણી પ્રચારમાં ઈન્ડિયા આઉટનો નારો આપ્યો હતો.

## કેનેડામાં રન-વેથી ઉડાન ભર્યાની મિનિટોમાં જ વિમાન ક્રેશ



ટોરન્ટો તા 24

કેનેડાના ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડએ પણ દુર્ઘટનાની તપાસ માટે એક ટીમ બનાવી કેનેડાથી એક ગંભીર દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. અહીં ખાણ શ્રમિકોને લઈ જતું એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું હતું. આ વિમાન એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની ગણતરીની મિનિટમાં ક્રેશ થઇ ગયું હતું. માહિતી અનુસાર સવારે 09:00 વાગ્યાની આજુબાજુ આ દુર્ઘટના થઇ હતી.

એરપોર્ટથી માત્ર 1.1 કિ.મી. દૂર દુર્ઘટના સર્જાઈ વિમાનનું સંચાલન કરનાર નોર્થવેસ્ટર્ન એર દ્વારા જણાવાયું કે જેટસ્ટ્રીમ ટ્વિન ટર્બોપ્રોપ એરલાઈનર ફોર્ટ સ્મિથમાં રન-વેથી માત્ર 1.1 કિ.મી. દૂર આકાશમાંથી તૂટી પડ્યું હતું. હાલમાં ફોર્ટ સ્મિથ પરથી તમામ એરલાઈન્સની ઉડાન રદ કરી દેવામાં આવી છે. કેનેડાના ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડએ પણ દુર્ઘટનાની તપાસ માટે એક ટીમ બનાવી દીધી છે.

# નવાઝની રેલીમાં વાઘને લઈ પહોંચ્યો સમર્થક

## સિંહ પાળતુ પ્રાણી છે અને તેનો માલિક તેને અન્ય જગ્યાએ શિફ્ટ કરવા માંગતો હતો

લાહોર તા 24

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની રેલીમાં એક સમર્થક અસલી વાઘ સાથે પહોંચ્યો હતો. 'સમા ન્યૂઝ' અનુસાર, આ ઘટના 22 જાન્યુઆરી, સોમવારે બની હતી. વાસ્તવમાં સિંહ પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N)નું ચૂંટણી પ્રતીક પણ છે. 'જિયો ન્યૂઝ'ના જણાવ્યા મુજબ, નવાઝને એક સમર્થક રેલીમાં વાઘ લાવવાની માહિતી મળતાં જ તેણે તરત જ તેને પરત મોકલવાનું કહ્યું. બાદમાં પાર્ટીના પ્રવક્તા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મરિયમ નવાઝે ઉર્દૂમાં સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી. કહ્યું- સમર્થકોએ આવી વસ્તુઓ ન કરવી જોઈએ. નવાઝ શરીફ લાહોરની એનએ-130 સીટ પરથી સામાન્ય ચૂંટણી લડી રહ્યા છે. NA-130 નો અર્થ છે નેશનલ એસેમ્બલી સીટ નંબર 130. જોકે, નવાઝ સોમવારે સાંજે પ્રચાર રેલી માટે લાહોર પહોંચ્યા હતા. રેલીમાં લાવવામાં આવેલા વાઘને લોખંડના પાંજરામાં કેદ કરવામાં આવ્યો હતો. જો કે, તેને જોવા માટે લોકોનાં ટોળાં એકઠા થવા લાગ્યા હતા. આ સમાચાર મળતાં જ નવાઝે તરત જ પાર્ટીના ટોચના અધિકારીઓને તેને પરત મોકલવા કહ્યું. આ પછી જે વ્યક્તિ તેને લાવ્યો હતો તે તેને પાછો પણ લઈ ગયો. પાર્ટીના પ્રવક્તા મરિયમ ઔરંગઝેબે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું- નવાઝે પહેલાં જ કહી દીધું છે કે રેલીમાં કોઈ વાસ્તવિક વાઘ કે અન્ય કોઈ પ્રાણી સાથે નહીં આવે. આપણે આપણા નેતાના આદેશનું પાલન કરવું જોઈએ.



### શેર આયા... અને આવ્યો વાઘ..

નવાઝની પાર્ટી પીએમએલ-એનનું ચૂંટણી ચિન્હ સિંહ છે. નવાઝ શરીફ જ્યારે પણ રેલીમાં જાય છે ત્યારે તેમના સમર્થકો વારંવાર 'જુઓ... જુઓ કોણ આવ્યું... શેર આવ્યો, શેર આવ્યો'ના નારા લગાવે છે. જો કે, આ પહેલીવાર નથી કે જ્યારે કોઈ સમર્થક નવાઝની રેલીમાં અસલી વાઘ કે સિંહને લઈને આવ્યો હોય. આ પ્રકારની ઘટના 2016માં અને બાદમાં 2018માં પણ બની હતી. ઓગસ્ટ 2023માં કરાચીની શેરીઓમાં સિંહ ચાલતો જોવા મળ્યો હતો. બાદમાં એનિમલ પ્રોટેક્શન યુનિટ દ્વારા તેને પકડી લેવામાં આવ્યો હતો. લગભગ એક કલાક સુધી અરાજકતા સર્જાઈ હતી અને લોકો ગભરાઈને ભાગતા જોવા મળ્યા હતા. થોડા સમય બાદ વન્યજીવ સંરક્ષણ ટીમ અને પોલીસે ચાર્જ સંભાળ્યો હતો. સિંહ એક ભોંયરામાં બંધ હતો. આ પછી કથિત રીતે તેને શોટગન વડે સ્લીપિંગ ઈન્જેક્શન આપીને નિયંત્રિત કરવામાં આવ્યો હતો.

**આ વાઘ પાંચ મહિના પહેલાં રોડ પર રખડતો હતો :** ઓગસ્ટ 2023 માં, પાકિસ્તાનના બંદર શહેર કરાચીના લોકો ગભરાઈ ગયા જ્યારે અહીં એક વ્યસ્ત બજારની શેરીઓમાં સિંહ મુક્તપણે ફરતો જોવા મળ્યો. ત્યારબાદ કરાચીના એસએસપી શેરાઝ નઝીરે 'ડોન ન્યૂઝ'ને કહ્યું હતું કે- અત્યાર સુધી એ વાત જાણીતી હતી કે ચાર લોકો આ સિંહને પીકઅપ વાનમાં લઈ જઈ રહ્યા હતા. તે કૂદીને ભાગી ગયો અને પહેલાં એક ટ્રકની નીચે સંતાઈ ગયો. અમે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન ટીમની મદદ લીધી. તેના માલિકોનું કહેવું છે કે સિંહ બીમાર હતો અને તેઓ તેને સારવાર માટે લઈ જતા હતા. કરાચીના સ્થાનિક મીડિયા નેટવર્ક 'ટાઈમ્સ ઓફ કરાચી'ના અહેવાલ મુજબ, કેટલાક લોકો એક મોટા વાહનમાં આવ્યા અને ચૂપચાપ સિંહને અહીં છોડીને ભાગી ગયા.

# ટ્રમ્પે ભારતીય મૂળની નિક્કીને ઉમેદવારની ચૂંટણીમાં હરાવી

## તેણે સફળતા માટે કોઈ માપદંડ નક્કી કરવાનું ટાળ્યું હતું.

વોશિંગ્ટન તા 24

અમેરિકામાં આ વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓની ઉમેદવારી માટે ચૂંટણી ચાલી રહી છે. આ દરમિયાન, બુધવારે સવારે (ભારતીય સમય મુજબ), રિપબ્લિકન પાર્ટીના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂ હેમ્પશાયર રાજ્યની ચૂંટણી જીતી લીધી છે. ચૂંટણી પરિણામો સામે આવ્યા બાદ નિક્કી હેલીએ કહ્યું- જો ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ચૂંટાય છે તો ગઈ વખતની જેમ બાઈડન ચૂંટણી જીતશે. જોકે, 81 વર્ષના બાઈડન તેમનો 5 વર્ષનો કાર્યકાળ પૂરો કરી શકશે નહીં અને આખરે કમલા હેરિસ રાષ્ટ્રપતિ બનશે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, તેમને 55.4% વોટ મળ્યા, જ્યારે ભારતીય મૂળની નિક્કી હેલીને 42% વોટ મળ્યા. બીજી તરફ ન્યૂ હેમ્પશાયરમાં ડેમોક્રેટિક પાર્ટી તરફથી જો બાઈડન જીત્યા છે. તેમને 66.8% મત મળ્યા. બીજા ક્રમે આવેલા ડીન ફિલિપ્સને માત્ર 20% વોટ મળ્યા. અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. આ પહેલા બંને પક્ષ એટલે કે રિપબ્લિકન અને ડેમોક્રેટિક આ ચૂંટણી માટે પોતાના ઉમેદવારોને અંતિમ



સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે. નિક્કી હેલીએ કહ્યું- ચૂંટણીથી પીછેહઠ કરીશ નહીં ભારતીય મૂળના ઉમેદવાર નિક્કી હેલી પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે મોટો પડકાર બની ગઈ છે. તેણે ન્યૂ હેમ્પશાયરની પ્રાથમિક ચૂંટણી બાદ રાષ્ટ્રપતિ પદની રેસમાંથી ટ્રમ્પ સામેથી ખસી જવાના ડોનાલ્ડ ટ્રમ્પની અપીલને પણ ફગાવી દીધી છે. નિક્કી હેલીએ રેસમાં ટકી રહેવાની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. એવી પણ ચર્ચા છે કે તે ટ્રમ્પના નોમિનેશનમાં અવરોધ બની શકે છે.

એક મીડિયા સાથેની વાતચીતમાં હેલીએ તેના નિર્ણયો પર ટ્રમ્પના પ્રભાવને નકારી કાઢતાં કહ્યું કે ટ્રમ્પે તેને જે કરવાનું કહ્યું તે તેણે ક્યારેય કર્યું નથી. જ્યારે હેલીને પ્રાથમિક ચૂંટણી માટે તેમની અપેક્ષાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે સફળતા માટે કોઈ માપદંડ નક્કી કરવાનું ટાળ્યું હતું.ડીન ફિલિપ્સને માત્ર 20% વોટ મળ્યા. અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે.

## 1 એપ્રિલથી નવી સુવિધા શરૂ થશે

# USમાં AI નિષ્ણાતોને વહેલાં વિઝા મળશે, ભારતીયોને લાભ

ન્યૂયોર્ક તા 24

અમેરિકામાં હવે AIના નિષ્ણાંતોને જલ્દી વીઝા મળશે. અમેરિકન સરકાર એઆઈ અને 'ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી' (સીઈટી)ના ક્ષેત્રમાં ચીનથી મળી રહેલા પડકારોનો જવાબ આપવા માટે 'ગ્લોબલ એઆઈ ટેલેન્ટ એટ્રેક્શન પ્રોગ્રામ' શરૂ કરવા જઈ રહી છે. તેનો ફાયદો હજારો ભારતીયોને થશે. અમેરિકન ઈમિગ્રેશન એજન્સીઓને AI નિષ્ણાંતો માટે પ્રક્રિયા સરળ કરવા અને અરજદારોને તરત જ અપોઈન્ટમેન્ટ આપવાનો નિર્દેશ અપાયો છે. જરૂરિયાત પડવા પર જે-1, ઈબી-1, ઈબી-2 અને ઓ-1 કેટેગરીમાં ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યું છે.જ્યાં સુધી ઈચ્છે ત્યાં સુધી USમાં રહી શકશે : આ નિષ્ણાંતો ઈચ્છે ત્યાં સુધી અમેરિકામાં રહી શકશે. પરંતુ તેઓએ સાબિત કરવું પડશે કે તેમના કાર્યનો જનતાના લાભ તેમજ વિકાસથી જોડાયેલા પ્રોજેક્ટમાં ઉપયોગ થઈ રહ્યો છે. ફોકસ: ઈમિગ્રેશનમાં નીતિગત ફેરફાર, પ્રક્રિયા ઝડપી થશે : અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનનો પ્રયાસ છે કે ઈમિગ્રેશન પ્રક્રિયા ઝડપી થાય. દરમિયાન 1 એપ્રિલથી શરૂ થનારા આ ફેરફાર દરમિયાન એચ1બી, ઓ-1 અને ગ્રીન કાર્ડ જારી કરવાની પ્રક્રિયાની સમીક્ષા થશે. તેમાં નીતિગત ફેરફારો થઈ શકે છે.બાઈડેન વહીવટીતંત્રએ વિદેશ તેમજ ગૃહ મંત્રાલયને AI તેમજ સીઈટીના ક્ષેત્રમાં અભ્યાસ, રિસર્ચ અને નોકરી માટે લોકોને લાવવા માટે વિવેકાધિકારથી વીઝાની લાઈનથી બચવા માટે 'પબ્લિક બેનિફિટ પેરોલ' જોગવાઈ લાગૂ થઈ શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### 16 હત્યા કરનાર આરોપીને 808 વર્ષની કેદ :14 વર્ષ સુધી પોલીસ તેને પકડી શકી નહી

ગ્વાટેમાલા છ: વર્ષ 2008ની વાત છે. એક બસ નિકારાગુઆથી ગ્વાટેમાલા આવે છે. તેમાં ડ્રાઈવર અને કન્ડક્ટર સહિત 16 લોકો સવાર હોય છે. ગ્વાટેમાલાની બોર્ડર પાર કરતા જ બસને હાઈજેક કરવામાં આવે છે. ડ્રગ્સની દાણચોરી કરનાર અજાણ્યા લોકો બસમાં ચઢે છે. તેમની સાથે જ તેમનો ડોન સરગના રિગોબર્ટો ડેનિલો મોરાલેસ ચઢે છે. રિગોબર્ટો એક પછી એક બસમાં સવાર બધા જ 16 લોકોને ગોળી મારી દે છે. પછી બસને બીજી જગ્યાએ લઈ જઈને બધા જ શબને બાળી નાખે છે. આ ઘટનાના 16 વર્ષ પછી, એટલે 23 જાન્યુઆરી 2024ના રોજ ગ્વાટેમાલાની એક કોર્ટે રિગોબર્ટો ડેનિલો મોરાલેસને 808 વર્ષની સજા ફટકારી છે. કોર્ટે કહ્યું- દરેક હત્યા માટે રિગોબર્ટોને 50 વર્ષની સજા ફટકારવામાં આવી છે. જનો અર્થ એવો થાય છે કે 16 હત્યા માટે તે 800 વર્ષ જેલમાં રહેશે.

### પાક. દુનિયામાં પાછળ રહી ગયું છે, તેને પાટા પર લાવવું સરળ નથી: શરીફ

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફનું કહેવું છે કે પાકિસ્તાનની વર્તમાન સ્થિતિને પાટા પર પાછી લાવવી સરળ નથી. આ સાથે તેમણે કહ્યું કે જો તેઓ સત્તામાં આવશે તો યુવાનો માટે ઘણી નોકરીઓનું સર્જન કરશે. પાકિસ્તાનમાં 8 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે. નવાઝે ઈમરાન ખાન પર જોરદાર નિશાન સાધ્યું છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન મુસ્લિમ લીગના વડા નવાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાનની આર્થિક વ્યવસ્થાને પાટા પર લાવવી મુશ્કેલ છે. નવાઝનું આ નિવેદન એવા સમયે આવ્યું છે. જ્યારે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી અને પાકિસ્તાન મુસ્લિમ લીગ (PML) સહિત અન્ય પાર્ટીઓ ચૂંટણી પ્રચાર કરી રહી છે. 24 કરોડની વસ્તી ધરાવતા દેશની જનતાને રીઝવવા માટે પાકિસ્તાનના નેતાઓ જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. નવાઝ શરીફ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના માનસેહરા શહેરમાં એનએ-15 પર ચૂંટણી લડી રહ્યા છે. સોમવારે એક રેલીને સંબોધતા, તેમણે કહ્યું કે પાકિસ્તાન વિશ્વમાં પાછળ રહી ગયું છે અને દેશને "પુનઃનિર્માણ" કરવું પડશે. તેમના કાર્યકાળનો ઉલ્લેખ કરતા, ભૂતપૂર્વ પ્રધાને જણાવ્યું હતું કે તેમની સરકારે માત્ર ડૉલર સામે પાકિસ્તાની રૂપિયો 104 સુધી મર્યાદિત રાખ્યો ન હતો,

### વેનેઝુએલાના રાષ્ટ્રપતિ માદુરોની હત્યાના પ્રયાસ બદલ 32ની ધરપકડ

કરાકસ,તા.24 ક્રૂડ ઓઈલના ભંડાર પોતાના પેટાળમાં ધરબીને બેઠેલા દુનિયાના ગણતરીના દેશોમાં વેનેઝુએલાનો પણ સમાવેશ થાય છે. વેનેઝુએલામાં આજકાલ રાજકીય ઉથલ પાથલનો દોર ચાલી રહ્યો છે. વેનેઝુએલાની સુરક્ષા એજન્સીઓએ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની હત્યા કરવાના પ્રયાસ બદલ 32 લોકોની ધરપકડ કરી છે અને અમેરિકા પર રાષ્ટ્રપતિની હત્યા કરવાનુ કાવતરૂ ઘડવાનો આરોપ મુકયો છે. આ મામલામાં પકડાયેલા લોકોમાં આમ નાગરિકો તેમજ સૈનિકો પણ સામેલ છે. માદુરોના એટર્ની જનરલ તારેક વિલિયમ સાબના કહેવા અનુસાર એક મહિનાની તપાસ બાદ ધરપકડોનો દોર શરૂ કરાયો હતો. તમામે આ કાવતરાની કબૂલાત કરી છે. આ મંત્રી વ્લાદિમીર પેડરિનો પણ ટાર્ગેટ હતા. રાષ્ટ્રપતિ માદુરોએ દેશના નેશનલ ટીવી પર સંબોધન કરતા કહ્યુ હતુ કે, આંતકવાદ તેમજ દેશદ્રોહ બદલ પકડાયેલા લોકોને મહત્તમ સજા થવી જોઈએ.

## ઇઝરાયલ હમાસના નેતાઓને ગાઝામાંથી બહાર કાઢી શકે છે

### ગાઝામાં પોતાની પકડ મજબૂત કરવા માંગે છે, અગાઉ તેમને મારી નાખવાના સોગંધ લીધા હતા

ટેલ અવીવ તા 24

ઈઝરાયલ-હમાસ યુદ્ધને 100 દિવસથી વધુ સમય થઈ ગયો છે. ઈઝરાયલે હમાસને ખતમ કરવાના સોગંધ લીધા છે. આ દરમિયાન ઈઝરાયલે યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે જેમાં તેણે કહ્યું છે કે તે હમાસના નેતાઓને ગાઝા છોડવા માટે સુરક્ષિત માર્ગ આપશે. અમેરિકન મીડિયા હાઉસ સીએનએન અનુસાર, ઈઝરાયલ ગાઝામાંથી હમાસ નેતાઓને બહાર કરીને ત્યાં પોતાની પકડ મજબૂત કરવા માંગે છે. એક્સિઓસના અહેવાલ મુજબ, ઈઝરાયલે તમામ બંધકોની મુક્તિના બદલામાં 2 મહિનાના યુદ્ધવિરામનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. બીજી તરફ ગાઝામાં મંગળવારે થયેલા હુમલામાં 21 ઈઝરાયેલ સૈનિકો માર્યા ગયા હતા. આ સૈનિકો ઈઝરાયલની સરહદથી 600 મીટરના અંતરે હમાસના સ્થાનોને નષ્ટ કરી રહ્યા હતા. ત્યાં ઈઝરાયલની સેનાની ઘણી ટેન્કો હાજર હતી. બિલ્ડિંગ ધરાશાયી થતાં તેમાં હાજર 21 સૈનિકોના મોત થયા હતા. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ગાઝામાં અત્યાર સુધીમાં 26 હજાર નાગરિકો યુએન ચીફ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું છે કે ગાઝામાં નાગરિકોની સતત હત્યા શરમજનક છે

## ઈસ્લામિક સંગઠન OICએ રામ મંદિરની નિંદા કરી

ઈસ્લામાબાદ તા 24

પાકિસ્તાન બાદ હવે ઈસ્લામિક દેશોના સંગઠન ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (ઓઆઈસી)એ પણ અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાની નિંદા કરી છે. મંગળવારે એક અખબારી યાદીમાં OICએ કહ્યું- ભારતના અયોધ્યા રાજ્યમાં જ્યાં પહેલીવાર બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી તે જ જગ્યાએ રામ મંદિરનું નિર્માણ અને પછી તેની પ્રાણપ્રતિષ્ઠા ચિંતાનો વિષય છે. OICએ વધુમાં કહ્યું- અમે ગયા સત્રમાં વિદેશ મંત્રી પરિષદની બેઠકમાં પણ અમારું વલણ સ્પષ્ટ કર્યું હતું. અમે બાબરી મસ્જિદ જેવા મહત્ત્વપૂર્ણ ઈસ્લામિક સ્થળોને નષ્ટ કરવાના હેતુથી આવા પગલાંની નિંદા કરીએ છીએ. બાબરી મસ્જિદ 5 સદીઓ સુધી ત્યાં રહી. આ પહેલા પાકિસ્તાને પણ પ્રાણપ્રતિષ્ઠાના વિરોધમાં 22 જાન્યુઆરીએ પ્રેસ રિલીઝ જાહેર કરી હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, તોડી પાડવામાં આવેલી મસ્જિદની જગ્યા પર બનેલું મંદિર આવનારા સમયમાં ભારતીય લોકતંત્રના ચહેરા પર કલંક હશે. વિદેશ મંત્રાલયની પ્રેસ રિલીઝમાં લખવામાં આવ્યું છે કે ભારતમાં વધી રહેલી 'હિંદુત્વ' વિચારધારા ધાર્મિક સૌહાર્દ અને પ્રાદેશિક શાંતિ માટે મોટું જોખમ છે.આમ કરીને ભારત મુસલમાનોને સાઈડલાઈન કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. સદીઓ જૂની બાબરી મસ્જિદને 6 ડિસેમ્બર 1992ના રોજઅદાલતે આ માટે જવાબદાર ગુનેગારોને નિર્દોષ તો છોડ્યા જ, પરંતુ તોડી પાડવામાં આવેલી મસ્જિદની જગ્યા પર મંદિર બનાવવાની પણ મંજૂરી આપી.

## ઇમરાનની પાર્ટીનો ઝંડો ફરકાવવા બદલ પુત્રની હત્યા

### આરોપી પિતાએ નારાજ થઈને ગોળી મારી દીધી, પાકિસ્તાનમાં 8 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી

પેશાવર તા 24

પાકિસ્તાનમાં રાજકીય સંઘર્ષના કારણે એક પિતાએ તેના 31 વર્ષના પુત્રની ગોળી મારીને હત્યા કરી દીધી. વાત માત્ર એટલી હતી કે પુત્ર ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)નો ઝંડો તેના ઘરની છત પર લગાવવા માગતો હતો. તેના પિતાને આ વાત મંજૂર નહોતી. કારણ કે તે અવામી નેશનલ પાર્ટી (ANP)ના સમર્થક છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનમાં 8 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી છે. ઈમરાન પોતે જેલમાં છે પરંતુ તેમની પાર્ટી પીટીઆઈના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. પીટીઆઈનો દાવો પણ મજબૂત માનવામાં આવે છે. આ ઘટના રવિવારે બની હોવાનું કહેવાય છે. પોલીસે પિતા-પુત્રના નામ જાહેર કર્યા નથી, પરંતુ ઘટનાની પુષ્ટિ કરી છે. પોલીસ અધિકારી નાસિર ફરીદના જણાવ્યા અનુસાર ઘટનામાં માર્યો ગયેલો પુત્ર થોડા દિવસ પહેલા જ કતારથી પરત આવ્યો હતો. તે ત્યાં કામ કરતો હતો. તે ચૂંટણીમાં ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના પ્રચારમાં વ્યસ્ત હતો. જ્યારે તેણે ઘરની છત પર પીટીઆઈનો ઝંડો લગાવ્યો તો પિતા ગુસ્સે થઈ ગયા.

# ઇતિહાસમાં પહેલી વાર:USમાં પહેલી વાર નાઈટ્રોજન ગૅસથી મૃત્યુદંડની સજા કરાશે

વોશિંગ્ટન તા 24

અમેરિકામાં એક કેદીને નાઈટ્રોજન ગૅસ થકી મૃત્યુદંડની સજા કરાશે. અમેરિકીના ઈતિહાસમાં પહેલી વાર આ રીતે દેહાંતદંડની સજાનો અમલ થઈ રહ્યો છે. કેનેથ યુગિન સ્મિથ નામના આરોપીને 1996માં મૃત્યુદંડની સજા ફટકારાઈ હતી. 2022માં તેને ઝેરવાળું ઈન્જેક્શન અપાયું હતું પરંતુ એ બચી ગયો હતો. સ્મિથને હત્યાકેસમાં આરોપી ઠેરવ્યો હતો. તેની સામે 1988માં એક વ્યક્તિ પાસેથી રૂપિયા લઈને તેની પત્નીની હત્યા કર્યાનો આરોપ લગાવાયો હતો. આ કેસમાં 2 વ્યક્તિને આરોપી ઠેરવાઈ હતી. સ્મિથને 25 જાન્યુઆરીએ સજા અપાશે. તેના વકીલોએ કોર્ટમાં

**સંયુક્ત રાષ્ટ્રે પણ આ સામે વાંધો ઉઠાવવા સાથે અમાનવીય અને ક્રૂર ગણાવી સજા પર પ્રતિબંધ મૂકવાની કરી છે.**

સજાને પડકારી છે. સ્મિથ પર અખતરો કરાઈ રહ્યો હોવાનું તેના વકીલોનું કહેવું છે. સાથે જ આ રીતે દેહાંતદંડની સજા કરવામાં માત્ર જોખમ જ નહીં પરંતુ એ બંધારણના ઉલ્લંઘન સમાન હોવાનું પણ કહ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રે પણ આ સામે વાંધો ઉઠાવવા સાથે અમાનવીય અને ક્રૂર ગણાવી સજા પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે. બીજી તરફ સરકારનું કહેવું છે કે આ પદ્ધતિથી



**માસ્ક થકી નાઇટ્રોજન સીધો તેના શરીરમાં પ્રવેશી જશે. માસ્કને કારણે તેને ઑક્સિજન નહીં મળે અને મૃત્યુ થશે**

તરત બેભાન થઈ જશે પરંતુ તેનો વિરોધ કરનારા લોકોનો તર્ક છે કે આ પદ્ધતિનો પહેલાં ઉપયોગ કરાયો નથી, સાથે જ તેની 'હ્યુમન એક્સપરિમેન્ટ' સાથે સરખામણી કરી છે. સમાચાર એજન્સીના કહેવા પ્રમાણે સૌપ્રથમ સ્મિથને સ્ટ્રેચર પર સુવડાવી દેવાશે. ત્યાર પછી ઈન્ડસ્ટ્રીમાં કામ કરનારા વર્કરને ઑક્સિજનનો પૂરતો પુરવઠો મળી રહે તે માટે માસ્ક અપાતું હોય છે તેવું જ માસ્ક આરોપીને પહેરાવાશે. ત્યાર પછી અંતિમ ઈચ્છા પૂછવામાં આવશે. સૌથી છેલ્લે લગભગ 15 મિનિટ સુધી નાઈટ્રોજન ગૅસ છોડાશે. માસ્ક થકી નાઈટ્રોજન સીધો તેના શરીરમાં પ્રવેશી જશે. માસ્કને કારણે તેને ઑક્સિજન નહીં મળે અને મૃત્યુ થશે. 2022માં તેને ઝેરવાળું ઈન્જેક્શન અપાયું હતું પરંતુ એ બચી ગયો હતો. સ્મિથને હત્યાકેસમાં આરોપી ઠેરવ્યો હતો. તેની સામે 1988માં એક વ્યક્તિ પાસેથી રૂપિયા લઈને તેની પત્નીની હત્યા કર્યાનો આરોપ લગાવાયો હતો. આ કેસમાં 2 વ્યક્તિને આરોપી ઠેરવાઈ હતી. સ્મિથને 25 જાન્યુઆરીએ સજા અપાશે. તેના વકીલોએ કોર્ટમાં સજાને પડકારી છે.

# મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી અને પ્રયાસ બહુહેતુક સાંસ્કૃતિક સંસ્થા દ્વારા નાગપુરમાં શ્રી રામ સાંસ્કૃતિક ઉત્સવ



મુંબઈ : અયોધ્યામાં શ્રી રામ મંદિરના અભિષેકના ઐતિહાસિક શુભ પ્રસંગની યાદમાં, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈ અને પ્રયાસ બહુહેતુક સાંસ્કૃતિક સંગઠનના સંયુક્ત ઉપક્રમે મેડિકલ ચોક, નાગપુર ખાતે શ્રી રામ સાંસ્કૃતિક ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત "ભગવાન શ્રી રામના નામના સ્મરણનો રંગ, સુમેળ, સંવાદિતા અને લયમાં ગુંજવા દો" વિષય પર સંગીતમય સ્વરોની ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિની મૂર્તિ ભગવાન શ્રી રામના નામના સ્મરણ પર આધારિત 'ભજન સંધ્યા', ભગવાન શ્રી રામના જીવન પ્રસંગોને યાદ કરાવતી 'નાટ્ય પ્રસ્તુતિ', રામજીના જીવનના પ્રસંગો ધરાવતું પ્રેરક પ્રવચન અને 'રંગીન' સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે દક્ષિણ નાગપુરના ધારાસભ્ય શ્રી મોહન માટેએ રામ મંદિરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સમજાવી હતી. સમારંભની અધ્યક્ષતા કરતી વખતે, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ, શ્રીમતી પ્રિયંકા ઠાકુરે સમારંભના તર્ક અને સાહિત્ય અકાદમીના મુખ્ય કાર્યો પર ભાર મૂક્યો હતો. મુખ્ય અતિથિ તરીકે વરિષ્ઠ રાજનેતા શ્રી જયપ્રકાશ ગુપ્તાએ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિશેષ અતિથિ તરીકે મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્યો અજય પાઠક, વિજેન્દ્ર બત્રા અને જગદીશ થપલિયાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાગપુરના વિવિધ સાહિત્યકારો અને રામ ભક્તોએ સાથે મળીને આ શુભ સમારોહને માણ્યો હતો.

# SAI ના ફિટ ઈન્ડિયા વીકનો સમાપન સમારોહ : રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ ફિટ જીવનશૈલી અપનાવવાની પ્રેરણા આપી



જયપુર : નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ વિદ્યાધર નગર સ્ટેડિયમ ખાતે SAI (સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) ફિટ ઈન્ડિયા વીકના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ દરમિયાન બાળકોએ રમતગમતની જાગૃતિ અંગે વિવિધ પ્રેઝન્ટેશન આપ્યા હતા. નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ લોકોને સ્વસ્થ અને ફિટ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે SAI દ્વારા દેશના યુવાનો અને ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવાની તક અને પ્રોત્સાહન મળ્યું છે. સ્પર્ધાના આ આધુનિક યુગમાં શરીરનું સ્વસ્થ રહેવું ખૂબ જ જરૂરી છે. શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહીને વ્યક્તિ જીવનમાં વધુ ઉર્જા સાથે કામ કરી શકે છે અને પોતાના વિકાસની સાથે સાથે દેશના વિકાસમાં પણ યોગદાન આપી શકે છે. સાંસદ રામચરણ બોહરાએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો; રમતગમત પરિષદના અધ્યક્ષ, ડૉ. પૃથ્વીરાજ સાંખલા; SAIના રાજસ્થાન પ્રભારી પ્રજ્ઞા સૈની અને ઘણા કાઉન્સિલરો પણ હાજર હતા.

## નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ ગર્લ્સ ડે પર છોકરીઓને સ્વેટરનું વિતરણ કર્યું હતું

નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ આજે રાષ્ટ્રીય બાળ દિવસ નિમિત્તે વંચિત છોકરીઓને સ્વેટર અને જર્સીનું વિતરણ કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ યુવતીઓને સ્નેહ દર્શાવ્યો હતો અને તેમની સાથે ફોટા પડાવ્યા હતા. આ દરમિયાન યુવતીઓ નાયબ મુખ્યમંત્રી સાથે ફોટો પડાવીને ખૂબ જ ખુશ અને ઉત્સાહિત દેખાઈ રહી હતી.

## ન્યૂઝ કોર્નર

### દિલ્હીમાં છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીને સિનિયર્સે ઢોર માર મારતા થયું મોત, પોલીસ તપાસ શરુ

નવી દિલ્હી : દિલ્હીમાં એક સરકારી સ્કૂલમાં સિનિયર વિદ્યાર્થીઓએ એક જુનિયર વિદ્યાર્થીને ઢોર માર મારતા મોત થઈ ગયું છે. આ મામલો શહેરના શાસ્ત્રીનગર વિસ્તારનો છે જ્યાં 12 વર્ષના વિદ્યાર્થીને 11 જાન્યુઆરીએ ઢોર માર મારવામાં આવ્યો હતો જેના પગલે તેને હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યો હતો. ચાર દિવસ પહેલા 20મી જાન્યુઆરીએ આ વિદ્યાર્થીનું સારવાર દરમિયાન જ મોત થયું હતું. હવે મૃતક વિદ્યાર્થીના પરિજનોની માંગ છે કે આરોપી વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. આ મામલે દિલ્હી સરકારનું પણ નિવેદન સામે આવ્યું છે જેમાં સરકારનું કહેવું છે કે આ ખૂબ જ દુઃખદ ઘટના છે. એક પરિવારે પોતાના ઘરનો ચિરાગ ગુમાવ્યો છે. મૃતક વિદ્યાર્થીના પરિવાર પ્રત્યે અમારી સંવેદના છે.

### આગ્રામાં શોભાયાત્રાઃ મસ્જિદ પર ભગવો ધ્વજ ફરકાવનાર સામે કેસ

આગ્રા : ઉત્તરપ્રદેશમાં આગ્રા ખાતે એક મસ્જિદ પર ભગવા ઝંડો ફરકાવવાનો કિસ્સો સામે આવ્યો છે. અયોધ્યામાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠા ચાલતી હતી ત્યારે આગ્રામાં નીકળેલી શોભાયાત્રામાં કેટલાક યુવાનોએ આ હરકત કરી હતી. લગભગ અડધો ડઝન યુવાનો ધાર્મિક ઝુલુસમાંથી નીકળી ગયા અને મસ્જિદની છત પર ચઢી ગયા અને ત્યાં ભગવો લગાવ્યો. આ સૂચના મળતા જ પોલીસની મોટી ટુકડી ત્યાં પહોંચી ગઇ. તેણે ઝંડો અને તેને લગાવનાર લોકોને હટાવ્યા. પોલીસે તેની સૂઝબૂઝથી મામલો વધુ વણસતો અટકાવ્યો. પોલીસે ૧૦૦૦થી ૧,૫૦૦ સામે એફઆઇઆર નોંધી છે. આ ઘટના ૨૨ જાન્યુઆરીની બતાવાઇ રહી છે. વિડીયોના આધારે પોલીસે કેસ નોંધીને તપાસ શરુ કરી છે. હાલમાં તો આ યાત્રાના આયોજકો સહિત ૧૧ની ધરપકડ કરવામાં આવી છે.

### 'પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ ભાજપનો દેખાડો અને પાખંડ..' સપા નેતાનું નિવેદન

નવી દિલ્હી : સમાજવાદી પાર્ટી (સપા) ના રાષ્ટ્રીય મહાસચિવ સ્વામી પ્રસાદ મૌર્યએ અયોધ્યામાં આયોજિત પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને પ્રજાના મૂળભૂત સવાલોથી ધ્યાન ભટકાવવા માટે ભાજપનો પાખંડ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે એક ટીવી ડિબેટમાં સંત બોલી રહ્યા હતા કે ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં પથ્થરોની પ્રાણ પ્રતિષ્ઠા કરાય છે. આ ડિબેટમાં એક સપા નેતા પણ હાજર હતા. જો પ્રાણ પ્રતિષ્ઠાથી જીવીત થઇ શકાયું હોત તો મૃત વ્યક્તિ ચાલી કેમ ના શકે? આ બધુ દેખાડો અને પાખંડ છે... લોકો વિચારે છે કે પ્રાણ પ્રતિષ્ઠા કરીને તેઓ ભગવાનથી પણ મહાન બની ગયા છે... કર્પૂરી ઠાકુરના સન્માનમાં એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સપાના રાષ્ટ્રીય મહાસચિવ સ્વામી પ્રસાદ મૌર્યને આમંત્રિત કરાયા હતા. જ્યાં તેમણે કર્પૂરી ઠાકુરને એક મહાન નેતા ગણાવતાં કહ્યું કે તેમનું જીવન આપણા સૌ માટે પ્રેરણા સ્ત્રોત સમાન છે.

# મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મુંબઈમાં આયોજિત મુંબઈ ગૌશાળા સિઝન-15માં ભાગ લીધો



મુંબઈ : મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામીએ આજે નવી મુંબઈમાં આયોજિત 'મુંબઈ કૌથિગ સિઝન-15'માં ભાગ લઈને કૌથિગનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મુંબઈમાં દેવભૂમિ સ્પોર્ટ્સ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ માત્ર તેમની સામાજિક જવાબદારીઓ જ નિભાવી રહી નથી પરંતુ ઉત્તરાખંડના સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ કાર્યક્રમની સફળતા કળથીગ ખાતે દર્શકો અને શ્રોતાઓના વિશાળ જનમેદની પરથી સ્પષ્ટ થાય છે, જેનો શ્રેય દેવભૂમિ સ્પોર્ટ્સ ફાઉન્ડેશનની સમગ્ર ટીમને જાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે પણ ઉત્તરાખંડની મુલાકાત લે છે ત્યારે તેઓ ખાસ કરીને ઉલ્લેખ કરે છે કે 21મી સદીનો આ ત્રીજો દાયકા ઉત્તરાખંડનો હશે. મુખ્યમંત્રીએ કહ્યું કે આદરણીય વડાપ્રધાનના શબ્દો મુજબ અમારી સરકાર ઉત્તરાખંડને શ્રેષ્ઠ રાજ્ય બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે તાજેતરમાં જ દેહરાદૂનમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના માટે અમે રૂ. 2.5 હજાર કરોડના એમઓયુનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ અમે માત્ર રૂ. 3.5 લાખ કરોડથી વધુના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા નથી પરંતુ અત્યાર સુધીમાં લગભગ 46 ગ્રાઉન્ડિંગ વર્થ 1000 કરોડ પણ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેમને એ જાણીને અત્યંત આનંદ થયો છે કે અહીં લોકગીતો, લોકનૃત્યો અને પહાડીઓની સંસ્કૃતિના વિવિધ સ્વરૂપો પ્રેક્ષકોને જોવા માટે ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે મને પૂરો વિશ્વાસ છે કે આપણી યુવા પેઢી તેના સાંસ્કૃતિક વારસાની તાકાતને ઓળખશે અને તેને વિસ્તારવા માટે આગળ આવશે. તેમણે કહ્યું કે આ વખતનો મેળાવડો ઉત્તરાખંડના પ્રવાસન, વિકાસ અને સ્વરોજગારને સમર્પિત છે. જ્યાં આ અનોખી ઘટના પ્રવાસીઓને ઉત્તરાખંડની સુંદરતાનો પરિચય કરાવશે, તે સાથે જ તે ઉત્તરાખંડના સર્વાંગી વિકાસ અને તેની અપાર પ્રવાસન ક્ષમતાને પણ પ્રોત્સાહન આપશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમુદ્ર અને પહાડો વિના આપણું જીવન અધૂરું છે, તેવી જ રીતે મુંબઈના મહાસાગરના મોજા અને આપણા ઉત્તરાખંડના પહાડો બંને આપણને કંઈક ને કંઈક શીખવાની પ્રેરણા આપે છે. બંનેની ગંભીરતા, બંનેની સુંદરતા, બંનેની શાલીનતા આપણને શીખવે છે કે ગમે તે થાય, જીવનમાં હારવાની જરૂર નથી.

# પીએમપી સર્ટિફિકેશન સફળઃ પ્રોજેક્ટ મેનેજમેન્ટ સેલરી સર્વેમાંથી ઈનસાઈટ્સ

મુંબઈ । શું તમે પોતાને માટે મૂલ્યનો ઉમેરો કરવા માગો છો અને તમારી કારકિર્દીને ઝડપી માર્ગે મૂકવા માગો છો? જો આ પ્રશ્નનો ઉત્તર હા હોય તો તમે મોટા પડકારો માટે તૈયાર છો એ સંસ્થાને બતાવવા સતત કુશળતા વધારવી અને મહત્ત્વપૂર્ણ સ્વતંત્ર સર્ટિફિકેશન જરૂરી છે.

હવે વૈશ્વિક સ્તરે માન્ય પીએમઆઈ પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રોફેશનલ (પીએમપી)® સર્ટિફિકેશન વિશે જાણીએ. પ્રોડેક્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (પીએમઆઈ) રિપોર્ટ, અર્નિંગ પાવરઃ પ્રોજેક્ટ મેનેજમેન્ટ સેલરી સર્વે- થર્ટિન્થ એડિશન ભારતમાં પીએમપી સર્ટિફાઈડ પ્રોફેશનલો નોન- પીએમપી સર્ટિફાઈડ પ્રોફેશનલોની તુલનામાં અધધધ 35 ટકાથી વધઝુ હોવાનું દર્શાવે છે.

સર્ટિફિકેશન્સની તમારી પસંદગીમાં સ્માર્ટ બનવું તેથી જ તમારી કારકિર્દીથી ઝડપથી પગેરું રાખવાની ચાવી છે. 21 દેશના 20,000થી વધુ પ્રતિવાદીઓ પર હાથ ધરાયેલો આ સર્વે દર્શાવે છે કે સર્ટિફાઈડ પીએમપી પ્રોફેશનલ્સ મોટા ભાગના દેશોમાં કમાણી નોંધપાત્ર રીતે વધી હોવાનું જણાવે છે. ઉપરાંત ઘણા બધા સર્વેના પ્રતિવાદીઓ માને છે કે પીએમપી સર્ટિફિકેશન પ્રાપ્ત કરવું તે પગાર વૃદ્ધિમાં નોંધપાત્ર રીતે યોગદાન આપવા સાથે તેમની કારકિર્દી માટે મૂલ્યવાન છે.

ભારત માટે ડેટા દર્શાવે છે કે ઉદ્યોગોમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રોફેશનલો માટે મધ્ય પગાર 26,917 ડોલર (રૂ. 22.42 લાખ) હતો. તમારી સ્થિર પ્રગતિ થઈ શકે તેવી કારકિર્દી અપનાવવી તે મોટા ભાગના પ્રોફેશનલોનું લક્ષ્ય હોય છે. પીએમઆઈ સર્વે દર્શાવે છે કે 15થા 20 વર્ષનો અનુભવ ધરાવતા ભારતીય પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રોફેશનલો માટે વાર્ષિક પગાર 3 વર્ષથી ઓછો પ્રેક્ટિકલ કાર્ય અનુભવ ધરાવનારા કરતાં 2.5 ગણાથી વધુ ઓછો છે.

આ ભારતીય પ્રોફેશનલો માટે કારકિર્દીની પસંદગી તરીકે પ્રોજેક્ટ મેનેજમેન્ટની આકર્ષકતાનું સ્વતંત્ર પ્રમાણીકરણ તરીકે કામ કરે છે. રસપ્રદ રીતે સર્ટિફિકેશન્સ તમે નીકળ્યા હોય તે તમારી કારકિર્દીના પ્રવાસમાં તમે કેટલા આગળ વધ્યા છો તેને આધારે મૂલ્યની અલગ અલગ સપાટીનો ઉમેરો કરે છે.

પીએમઆઈ સેલરી સર્વે સંકેત આપે છે કે સર્ટિફિકેશનના ભાગરૂપ પગારની વૃદ્ધિ પ્રથમ સ્વતંત્ર રીતે સર્ટિફાઈડ થાય તેનાં 10 વર્ષ સુધી સર્વોચ્ચ છે. તે પછી પગારની વૃદ્ધિમાં સર્ટિફિકેશનોનું યોગદાન નીચે આવે છે, કારણ કે સંસ્થાઓ પ્રૂફ પોઈન્ટ્સની રીતે વધુ વેલ્યુ ડિલિવરી ટ્રેક રેકોર્ડ કરે છે.

# NAREDCO 16મી નેશનલ કોન્ફરન્સ ભારતમાં રિયલ્ટીના ભવિષ્યને આકાર આપશે : જી હરિ બાબુ

નવી દિલ્હી : નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NAREDCO) 2જી અને 3જી ફેબ્રુઆરી 2024ના રોજ હોટેલ તાજ પેલેસ, નવી દિલ્હી ખાતે તેના 16માં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવા માટે તૈયાર છે. થીમ આધારિત 'ફોસ્ટરિંગ ટ્રસ્ટ વિથ ટ્રાન્સપરન્સી: પાથવે 2047', આ સંમેલનનો ઉદ્દેશ્ય ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વૃદ્ધિ અને પરિવર્તનની ગતિશીલતા અને દિશાઓ વિશે સરકારી અધિકારીઓ, ઉદ્યોગના નેતાઓ અને રોકાણકારો સહિત મુખ્ય હિતધારકોને એકસાથે લાવવાનો છે.

આ સંમેલન સેક્ટરના વિવિધ પાસાઓ વિશે જાણવા માટે એક મંચ તરીકે કામ કરશે, જેમાં મુખ્ય ધ્યાન સરકારી સમર્થન, પોસાય તેવા આવાસ, રેરાની અસર, ફાઈનાન્સ જોગવાઈ, ટેક્નોલોજી એકીકરણ અને રોકાણ સહિત નવા યુગના વલણો અને તકનીકોને અનુકૂલન કરવા પર છે. વિવિધ તકો પર વિચારશીલ ચર્ચાઓ તેમજ India Vision@2047 પર વિશેષ સત્રનો સમાવેશ થશે. સંમેલનમાં નોલેજ પાર્ટનર પણ છે, જેને KPMG સપોર્ટ કરે છે.

NAREDCO ના રાષ્ટ્રીય પ્રમુખ જી હરિ બાબુએ 'ભારતના શહેરીકરણના સંપૂર્ણ સ્પેક્ટ્રમને અનલોક કરવા' માં સહયોગના મહત્વ પર ભાર મૂક્યો હતો. ધીમા અને સહયોગી શહેરો બનાવી શકે છે જે સામાજિક સમાનતાને પ્રોત્સાહિત કરે છે અને મોટાભાગના નાગરિકો માટે જીવનની ગુણવત્તામાં વધારો કરે છે. અમે ટકાઉપણું સુનિશ્ચિત કરવા અને ભારતના આર્કિટેક્ચરલ બાંધકામ ઉદ્યોગના સફળ વિકાસ માટે માર્ગ મોકળો કરવા માટે સરકાર અને ખાનગી ક્ષેત્રના હિતધારકો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે આતુર છીએ. અમે સાથે મળીને ભારત માટે વધુ સારું ભવિષ્ય બનાવવા માટે હાથ મિલાવવાની આશા રાખીએ છીએ."

NAREDCO વાઈસ ચેરમેન શ્રી. અશોક પટનીએ જણાવ્યું હતું કે, "રાજસ્થાન અને દેશ માટે રિયલ એસ્ટેટ ક્ષેત્ર મહત્વપૂર્ણ છે, જે આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપે છે અને રોજગારીનું સર્જન કરે છે. આ રાષ્ટ્રીય સંમેલન એ ચર્ચા કરવા માટેનું એક મંચ છે કે રિયલ એસ્ટેટ આપણી અર્થવ્યવસ્થાને કેવી રીતે અસર કરે છે અને આપણે નવા કેવી રીતે ઓળખી શકીએ અને સ્માર્ટ ઉકેલો કેવી રીતે શોધી શકીએ. તે માત્ર ઈમારતો વિશે જ નથી - તે પ્રગતિની ખાતરી કરવા માટે ડોમિનો ઈફેક્ટ બનાવવા વિશે છે જે રોજગારને વેગ આપે છે અને સહાયક ઉદ્યોગો સાથે જોડાય છે. સાથે મળીને અમે વિચારો સાથે આવીએ છીએ 'અમારું લક્ષ્ય સામાન્ય કરતાં આગળ વધે તેવી વસ્તુઓ કરવાનું છે, તેની ખાતરી કરવા માટે કે અમારી પ્રગતિ લાંબી છે. - મુદત અને દરેકને લાભ આપે છે.' ડૉ. નિરંજન હિરાનંદાની, ચેરમેન, NAREDCO એ સંમેલનની ભૂમિકાને ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટે ઉત્તમ ઉત્પ્રેરક તરીકે વર્ણવી હતી. તે વધતી જતી નાણાકીય કટોકટી, તંગ જમીન અને દિવાળીની અસર પર પ્રકાશ પાડે છે અને નેટ-શૂન્ય લક્ષ્યો તરફ રેન્ટલ હાઉસિંગ પોલિસી અને નીતિ સુધારાઓનું પણ અન્વેષણ કરશે.

# કોટામાં ફરી એક વિદ્યાર્થીનો આપઘાત, 2024ની પહેલી ઘટના, 2023નો આંકડો હતો ચોંકાવનારો

નવી દિલ્હી : શિક્ષાની નગરી કહેવાતા કોટાથી આજે સવારે માઠા સમાચાર સામે આવ્યા છે. કોટામાં JEEની તૈયારી કરી રહેલા એક વિદ્યાર્થીએ ફાંસી લગાવીનેઆપઘાત કરી લીધો છે. વિદ્યાર્થીની ઉંમર 17થી 18 વર્ષની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. મળેલા અહેવાલો મુજબ વિદ્યાર્થી ઉત્તર પ્રદેશના મુરાદાબાદ જિલ્લાનો રહેવાસી હતો. આપઘાત કરનાર વિદ્યાર્થી હોસ્ટેલમાં રહીને પ્રાઈવેટ કોચિંગ દ્વારા એન્જિનિયરિંગની તૈયારી કરી રહ્યો હતો. પોલીસ કંટ્રોલ રૂમને રાત્રે 11:00 વાગ્યે માહિતી મળી હતી કે જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હોસ્ટેલમાં રહીને એન્જિનિયરિંગની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીએ ફાંસી લગાવીને આપઘાત કરી લીધો છે. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને બહાર કાઢીને શબઘરમાં રાખી પરિવારને જાણ કરી હતી. પરિવારજનો આવ્યા બાદ વિદ્યાર્થીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

# અયોધ્યામાં પ્રથમ દિવસે જ એવી ઘટના બની કે લોકોએ કહ્યું, જાણે સાક્ષાત હનુમાનજી આવ્યા



અયોધ્યા: ઉત્તર પ્રદેશમાં સોમવારે રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ સંપન્ન થતાંની સાથે જ રામ ભક્તોની 500 વર્ષની રાહ પૂરી થઈ ગઈ હતી. ગઈકાલે રામ મંદિર (Ram Mandir)માં રામલલાના દર્શન કરવા માટે દેશભરમાંથી રામ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. કડકડતી ઠંડીમાં પણ સોમવાર મધરાત્રીથી ભક્તોએ લાઈન લગાવી દીધી હતી. ત્યારે સાંજ સુધીમાં એક એવી ઘટના બની જેણે સૌને ચોંકાવી દીધા હતા. આ આશ્ચર્યજનક ઘટના અંગે લોકોએ કહ્યું હતું કે રામ ભક્ત હનુમાન સાક્ષાત રામલલાના દર્શન કરવા આવ્યા હતા.આ ઘટનાનો શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને ઉલ્લેખ કરતા લખ્યું હતું કે મંગળવારે સાંજે લગભગ 5:50 કલાકે એક વાનર દક્ષિણ દ્વારથી ગર્ભગૃહમાં પ્રવેશ કરીને ઉત્સવ મૂર્તિ પાસે પહોંચ્યો હતો. જ્યારે બહાર તૈનાત સુરક્ષાકર્મીઓએ આ જોયું તો તેઓ વાનર તરફ એવું વિચારીને દોડ્યા હતા કે ક્યાંક વાનર ઉત્સવની મૂર્તિને જમીન પર પછાડી દેશે. પરંતુ સુરક્ષા કર્મીઓ વાંદરા તરફ દોડતા જ વાનર શાંતિથી ઉત્તરના દ્વાર તરફ ગયો હતો, જો કે ઉત્તરનો દ્વાર બંધ હોવાથી તે પૂર્વ તરફ આગળ વધીને ભક્તોની ભીડમાંથી કોઈને પણ ખલેલ પહોંચાડ્યા વગર જ પૂર્વના દ્વારથી બહાર નીકળી ગયો હતો. આ મામલે સુરક્ષાકર્મીઓનું કહેવું છે કે અમારા માટે એવું છે કે જાણે હનુમાનજી પોતે રામલલાના દર્શન કરવા આવ્યા હોય.સોમવારે રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા બાદ મધરાતથી અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં દર્શન માટે ભક્તો એકત્ર થવા લાગ્યા હતા અને મંગળવારે મોડી સાંજ સુધીમાં પાંચ લાખથી વધુ ભક્તોએ ભગવાન રામના બાળ સ્વરૂપના દર્શન કર્યા હતા.


NKGSB Bank
NKGSB Co-op. Bank Ltd.
(Multi State Scheduled Bank)
રિકવરી ડિપાર્ટમેન્ટ :- લક્ષ્મી સદન , વી પી રોડ , ગિરગાંવ, મુંબઈ 400004
ટેલિફોન નંબર :- (022) 67545020/21/25/40/48/73/98 ઈમેલઃ- recovery@nkgsb-bank.com

**કબજાની સૂચના [(નિયમ 8(1)]**
**(સ્થાવર મિલકતો માટે)**

જ્યારે નીચે હસ્તાક્ષરિત એનકેજીએસબી કો-ઓપ બેંક લિમિટેડના સિક્યોરિટાઈઝેશન અને નાણાકીય અસ્કયામતોના પુનઃનિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ (અમલીકરણ) અધિનિયમ 2002 (SARFAESI) હેઠળ અધિકૃત અધિકારી છે. અધિનિયમ 2002) અને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો 2002 ના નિયમ 3 સાથે વાંચેલી કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે, નીચેના ઉધાર લેનારાઓ, ગીરો અને બાંયધરી આપનારાઓને **19-01-2023** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરી ઉપરોક્ત નોટિસમાં દર્શાવેલ રકમ તે મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવો. ઉધાર લેનારાઓ, ગીરો અને બાંયધરી આપનારાઓ તેમના સંબંધિત એનએમએસ સામે ઉલ્લેખિત રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોય, આ નોટિસ આથી ઋણ લેનારા ગીરો અને બાંયધરી આપનારાઓને આપવામાં આવે છે. અને સાર્વજનિક-સામાન્ય કે નીચે હસ્તાક્ષરકર્તાએ 21-01-2024 ના રોજ ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા આ અધિનિયમની કલમ 13(4) હેઠળ 2023 કલમ 14 હેઠ SARFAESI એક્ટ 2002 મુજબ તેમને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે વર્ણવેલ સંપત્તિનો **ભૌતિક કબજો** લીધો છે.

ઋણ લેનારાઓ, ગીરો અને બાંયધરી આપનારાઓ અને ખાસ કરીને જાહેર જનતાને આથી સાવધાન કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતો સાથે વ્યવહાર ન કરવો અને/ઉક્ત સંપત્તિ સાથે કોઈપણ વ્યવહાર, એનકેએસજીબી કો-ઓપ બેંક લિમિટેડના ચાર્જને આધિન રહેશે. તાઃ- 27-12-2023 થી નીચેની રકમ અને વધુ વ્યાજ અને શુલ્ક લાગુ થેરોન.

**ધિરાણ લેનારાઓ અને ગીરોનું ધ્યાન કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે જો ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમ, સુરક્ષિત સંપત્તિને રિડીમ કરવા માટે.**

| ઉધાર લેનારા/ગીરવે મૂકનાર /જામીનદાર ના નામ | કુલ બાકી રકમ |
|---|---|
| 1. શ્રી યોગેશકુમાર શિવકુમાર અગ્રવાલ (ઉધાર લેનાર અને ગીરવે મૂકનાર)<br>2. શ્રી ગીરીશ શિવકુમાર અગ્રવાલ (સહ-ઉધાર લેનારા /ગીરવે મૂકનાર)<br>3. શ્રી પરષોતમભાઈ હરીલાલ વછેટા (જામીનદાર)<br>4. શ્રી મેહુલ અરવિંદભાઈ પટેલ (જામીનદાર) | રૂ: 27,45,606.60 (27-12-2023 સુધી લાગુ પડતાં વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથે) |

**સૂચિ - 1 (સ્થાવર ગીરો મિલકત).**

પ્લોટ નંબર a/6, સ્કીમ રોઝ એન્ડ ક્રાઉનમાં બાંધકામ સાથે 191.00 ચોરસ મીટરનું માપન, નવા સર્વે નંબર 1733, મૌજે ચલોડેના જૂના સર્વે નંબર 1457, ઉપ-જિલ્લા ધોળકા અને જિલ્લા અમદાવાદ પર 'રોઝ એન્ડ ક્રાઉન ' સ્કીમ અંતર્ગત બાંધવામાં આવ્યું છે. શ્રી યોગેશ કુમાર અગ્રવાલ અને શ્રી ગિરીશ અગ્રવાલની માલિકી છે.

**નીચે પ્રમાણે બંધાયેલઃ- પૂર્વઃ** વિલા નંબર b-27, **પશ્ચિમઃ** 12.00 મીટર રોડ, **ઉત્તરઃ** વિલા નંબર a-7, **દક્ષિણઃ**- a-27.

સ્થાન :- અમદાવાદ
તારીખ :- 25-01-2024

Sd/-
અધિકૃત અધિકારી
NKSGB કો ઓ બેંક લિમિટેડ



AXIS BANK

મહત્વની જાહેરાત

**અમારી શાખા સ્થળાંતર થઈ ગઈ છે.**

એક્સિસ બેંકની હાંસલપુર (બેચરાજી) શાખા સ્થળાંતર થઇ ગઈ છે નવી જગ્યાએ તા. ૧૦મી ડીસમ્બર ૨૦૨૩થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિમિટેડ હાંસલપુર (બેચરાજી) શાખા, ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં. ૨ અને ૩, જે જે કૉમ્પ્લેક્સ, એસ્સાર પેટ્રોલ પંપ પાસે, બેચરાજી વિરમગામ હાઇવે, ગામ : હાંસલપુર, તાલુકા : માંડલ, જિલ્લા : અમદાવાદ, ગુજરાત - ૩૮૨ ૧૫૦.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિમિટેડ હાંસલપુર (બેચરાજી) શાખા, ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં. ૨૬ થી ૩૦, ઉમિયા કૉમ્પ્લેક્સ, સર્વે નં. ૧૫૩/૩, પૈકી મોજે - હાંસલપુર, તાલુકા : માંડલ, જિલ્લા : અમદાવાદ, ગુજરાત - ૩૮૨ ૧૫૦.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

સિટી એક્સપ્રેસ

THURSDAY 25 JANUARY-2024
AHMEDABAD



### સેક્ટર 15માં 7 વર્ષ પહેલા ચોરેલા બાઇક સાથે એક આરોપી પકડાયો

ગાંધીનગર | શહેરના ચરેડી વિસ્તારમાં રહેતા ચોર દ્વારા 7 વર્ષ પહેલા વિજાપુર વિસ્તારમાંથી બાઇક ચોરી કર્યુ હતુ. સાત વર્ષથી ચોરી કરેલુ બાઇક લઇને ફરતો હતો. ત્યારે એલસીબીએ ચોરીના બાઇક સાથે આરોપીને ઝડપી લીધો હતો. ત્યારબાદ સેક્ટર 6 વિસ્તારમાંથી કાર ચોરી હોવાનુ પણ સામે આવતા તેનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ એલસીબી પીઆઇ એચ.પી.પરમારની ટીમના પીએસઆઇ ડી.ડી.ચાવડા તેમની ટીમ સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા.

### અમદાવાદ રિવરફ્રન્ટ પર બોટિંગ સેવા બંધ, AMCએ લીધો નિર્ણય

અમદાવાદ | અમદાવાદમાં લાંબા સમયથી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે બોટિંગ એક્ટિવિટી ચાલતી આવે છે. છેલ્લાં કેટલાંય સમયથી બર્થ ડે હોય કે મેરેજ એનિવર્સરી હજારો લોકો 5 હજારથી 15 હજાર રૂપિયા સુધીની રકમ ખર્ચીને રિવરફ્રન્ટમાં બોટિંગની મજા માણતા હતાં. ત્યારે આ વચ્ચે એક અહેવાલ આવી રહ્યા છે કે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ ના હોવાને કારણે AMCએ રિવરફ્રન્ટમાં બોટિંગ બંધ કરવાનો નિર્ણય લીધો છે. પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ ના હોવાને કારણે AMCએ રિવરફ્રન્ટમાં બોટિંગ બંધ કરવાનો નિર્ણય અગાઉ સત્તાધીશો વારંવાર આવી વિકાસની વાતો કરતા રહ્યાં છે.

# રાષ્ટ્રીય બાલિકા દિવસ-2024 ગુજરાત વિધાનસભા ખાતે મોક 'તેજસ્વિની વિધાનસભા' યોજાઇ






ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાષ્ટ્રીય બાલિકા દિવસને ગુજરાતની બાલિકાઓ માટે યાદગાર બનાવવા તથા પ્રજાતાંત્રિક મુલ્યો અંગે મહિલાઓની ભાગીદારી વધે, જાગૃતતા આવે અને રાજકીય ક્ષેત્રે રુચિ વધવાની સાથેસાથે નેતૃત્વ કૌશલ્ય ખીલે તેવા હેતુસર આજે ગુજરાત વિધાનસભાગૃહ ખાતે 'તેજસ્વિની વિધાનસભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ આજે વિધાનસભા ગૃહમાં બેસીને ગૃહની કામગીરીનું સંચાલન કર્યું હતું. સમગ્ર દેશમાં વિદ્યાર્થીનીઓ દ્વારા વિધાનસભા ગૃહનું સંચાલન કરવામાં આવ્યું હોય તેવું ગુજરાત પ્રથમ રાજ્ય છે. લોકશાહીના મૂલ્યોને વધુ મક્કમ બનાવતું ગુજરાત વિધાનસભાનું આ અનેરું સોપાન છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સૌને અભિનંદન પાઠવતા કહ્યું કે, આજે ગુજરાતની આ દીકરીઓએ જે આત્મવિશ્વાસ સાથે વિધાનસભા ગૃહનું સંચાલન કર્યું છે, તે જોઈને ચોક્કસ પણે કહી શકાય કે ગુજરાતનું ભવિષ્ય ખૂબ જ ઉજળું છે.

રાજ્યનું દ્રશ્ય બદલાયું છે, ગુજરાતના દરેક ક્ષેત્રનું પ્રતિનિધિત્વ જો આવી તેજસ્વી દીકરીઓના હાથમાં જશે તો ગુજરાતના વિકાસને કોઈ રોકી શકે તેમ નથી. તેમણે તેજસ્વિની વિધાનસભાને સંવિધાનની સેવરૂપ કાર્યક્રમ ગણાવતા ઉમેર્યું કે, વિદ્યાર્થીનીઓ વિધાનસભા ગૃહમાં બેસીને તેનું સંચાલન કરી ભારતની લોકશાહી પ્રણાલીનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે અને લોકશાહી પ્રણાલી વધુ લોકભોગ્ય બને તે માટેનો આ કાર્યક્રમ ખરેખર સરાહનાને પાત્ર છે. માત્ર આ દીકરીઓ જ નહિ, પરંતુ સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ અને નાગરિકો પણ આ તેજસ્વિની વિધાનસભા કાર્યક્રમ નિહાળી શકે તે પ્રકારનું સફળ આયોજન મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ થયું છે. અધ્યક્ષએ જણાવ્યું કે, એક સમય હતો જ્યારે દેશમાં સતી પ્રથા અને દૂધપીતી જેવી પ્રથાઓ હતી. જેની સામે રાજા રામમોહન રાયે અભિયાન ચલાવી ભારતમાં મહિલા સશક્તિકરણની શરૂઆત કરી હતી. ભૂતકાળમાં ગુજરાતમાં પણ દીકરા-દીકરીનો દરમાં તફાવત હતો. તે સમયે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દીકરા-દીકરીના દરમાં વધારો કરવા લોકજાગૃતિ અભિયાનની શરૂઆત કરી નાગરિકોની માનસિકતા બદલી છે અને ગુજરાતને આ સ્થિતિમાંથી બહાર કાઢવાનું કામ કર્યું છે. 'દીકરી એટલે પારકી થાપણ નહિ, દીકરી એટલે ઘર આંગણાનો તુલસી ક્યારો' તેમ કહેતા અધ્યક્ષએ ઉમેર્યું કે, ગુજરાતમાં આજે સ્થિતિ બદલાઈ છે.

## સુપ્રીમમાં સુનાવણી પહેલાં જ ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવાની જામીન અરજી પરત ખેંચી લેવાઈ



ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને જામીન મળવા છતાં તેઓ જેલ બહાર નહીં આવે તેવી જાહેરાત કરી અને પત્ની સાથે જ સજોડે બહાર આવશે તેમ જાહેર થયા બાદ આ મામલાને લઈ વધુ એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે.જેમાં સુપ્રીમ કોર્ટમાંથી ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવાની જામીન અરજી પરત ખેંચી લેવાઈ છે. ઉલ્લેખનીય છે કે આજે ચૈતર વસાવાનાં પત્નીની જામીન અરજીની સુનાવણી થનાર હતી તે પહેલા અરજદાર પક્ષે જામીન અરજી પરત ખેંચી લીધી છે.જોકે આપના ધારાસભ્ય ચૈતર વસાવાને તો ગઈકાલે સેશન્સ કોર્ટ માંથી જામીન મળી ગયા છે.પત્ની જેલમાં હોવાના કારણે તેઓ એ પત્નીને જામીન મળ્યા બાદજ જેલમાંથી બહાર આવવાનું નક્કી કર્યું હતું.ચૈતર વસાવા અને તેમના પત્ની સહીતના લોકો સામે વન વિભાગના કર્મચારીઓને માર મારવાનો અને ધમકાવવાનો ગુનો નોંધાયો હતો આ ગુનામાં કુલ 9 આરોપી પૈકી ચૈતર વસાવા સહિત 6 ને જામીન મળી ગયા છે. પરંતુ હજુ તેમના પત્નિ સહિત 3 ને જામીન મળવાના બાકી છે.

## ભાજપમાં જોડાવા મામલે અર્જુન મોઢવાડિયાનો મોટો ખુલાસો



અમદાવાદ | તા 24

આજે સવારથી ગુજરાત કોંગ્રેસના મોટા નેતા અર્જુન મોઢવાડિયા ભાજપમાં જોડાશે એવી અટકળો ચાલી રહી હતી, ત્યારે આ મામલે અર્જુનુ મોઢવાડિયાએ સોશિયલ મીડિયા ટ્વીટર પર ખુલાસો કર્યો છે. 'મારા કોઈ પણ ખુલાસા વિના વિવિધ મીડિયા ચેનલો દ્વારા મારી ભાજપમાં જોડાઈ રહ્યાની વાતો થઈ રહી છે, જેનો કોઈ આધાર નથી. હું કોંગ્રેસમાં છું અને પક્ષનો ચૂંટાયેલ ધારાસભ્ય છું.'ઉલ્લેખનીય છે કે, સવારથી સ્થાનિક મીડિયામાં ચર્ચાઓ ચાલી રહી હતી કે, અર્જુન મોઢવાડિયા ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાનું લગભગ નક્કી થઈ ગયું છે. આગામી ફેબ્રુઆરીમાં અર્જુન મોઢવાડિયા બીજેપીમાં જોડાશે એવા અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા હતા. એટલું જ નહીં તેઓ 5 હજારથી વધુ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો સાથે બીજેપીમાં જોડાશે એવી પણ વાતો હતી. ફેબ્રુઆરીમાં પ્રથમ સપ્તાહમાં બીજેપીમાં જોડાશે અને આગામી દિવસોમાં કોંગ્રેસના પ્રાથમિક અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપે તેવી અટકળો પણ ચાલી રહી હતી.

પરંતુ ખુદ મોઢવાડિયાએ પોતાના સોશિયલ મીડિયા ટ્વિટર હેન્ડલ પરથી આ વાતને રદિયો આપ્યો છે અને પોતે ભાજપમાં જોડાવાના નથી એવી પણ સ્પષ્ટતા કરી છે.

### કોંગ્રેસ ધારાસભ્ય ગુલાબસિંહનો ખુલાસો, ભાજપમાં જોડાવાની વાત પાયાવિહોણી

કોંગ્રેસ ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણનો ખુલાસો આપ્યો છે. ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ ફેસબૂક પોસ્ટમાં જણાવ્યું છે કે, ભાજપમાં જોડાવાની વાત પાયાવિહોણી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના બંને ધારાસભ્યએ ખુલાસો કરી દીધો છે.

### એક કા તીન કૌભાંડના મહાઠગ અશોક જાડેજાનો સાગરિત 15 વર્ષે પકડાયો

અમદાવાદ | એક કા તીનના કૌભાંડી મહાઠગ અશોક જાડેજાના વધુ એક સાગરિત કરતારસિંહ સાંસીની ક્રાઈમબ્રાંચે 15 વર્ષ બાદ રાજસ્થાનથી ધરપકડ કરી છે. કરતારસિંહ અશોક જાડેજાના પેટા એજન્ટ તરીકે કામ કરતો હતો. તે પૈસા ત્રણ ગણા કરવા માટે રોકાણકારો લાવતો હતો. કરતારસિંહ 15 વર્ષથી ફરાર હોવાથી સીઆઈડી ક્રાઈમે તેને પકડવા માટે રૂ.20 હજારનું ઈનામ જાહેર કર્યુ હતુ. મહાઠગ અશોક જાડેજાએ પોતાની જાતને મેલડી માતાના ભુવા તરીકે પ્રસ્થાપિત કર્યો હતો, જેના માટે તે સરખેજમાં મેલડી માતાના મંદિર નજીક ખાડો ખોદીને તેમાં બેસતો હતો અને પૈસાનો વરસાદ કરતો હતો.

### પેન્શન લેવા આવેલી મહિલાની થેલીમાંથી 20 હજારની ચોરી

## બેંકમાં રૂપિયા ઉપાડતી વખતે સાવધાન, સગીર વયના ગઠિયા થયા છે સક્રિય

અમદાવાદ | તા 24

સગીર વયનો ગઠિયો રૂપિયા 20 હજારની ચોરી કરી પલાયન થયો છે. જેમાં વિજયનગરમાં બેન્કમાંથી ચોરી કરી સગીર ફરાર થયો છે. પેન્શન લેવા આવેલી મહિલાની થેલીમાંથી રૂપિયા 20 હજારની ચોરી કરી હતી. જેમાં થેલીમાંથી રૂપિયા 500ની નોટનું બંડલ ચોરી કરી ફરાર થયો હતો. સગીર ગઠીયાની કરતૂતની ઘટના CCTVમાં કેદ થઇ હતી. જેમાં રૂપિયા ઉપાડ્યા બાદ પાસ બુક ભરાવવા જતા ચોરી થઈ હતી. સાબરકાંઠાના વિજયનગરની બીઓબી બેંકમાં સગીર વયનો ગઠિયો રૂપિયા 20 હજારની ચોરી કરી પલાયન થયો હતો. જેમાં પેન્શન લેવા આવેલી મહિલાના થેલીમાંથી રૂપિયા 500ની નોટનું બંડલ ચોરી કરી ફરાર થયો છે. રૂપિયા ઉપાડ્યા બાદ પાસ બુક ભરાવવા જતા સગીર ગઠીયાએ તકનો લાભ લઈ થેલીમાંથી ચોરી કરી હતી. પૂર્વ જિલ્લા પંચાયત સભ્યના માતાની થેલીમાંથી રૂપિયાની ચોરી કરવામાં આવી છે. અગાઉ પણ આજ રીતે ત્રણ વખત ચોરીના બનાવ બની ચુક્યા છે. જેમાં સમગ્ર ઘટના મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. તથા સીસીટીવીના આધારે ચોર ગઠિયાને પકડવા પોલીસની ટીમ કામે લાગી છે.

# કેનાલ- તળાવમાંથી પાણી ચોરી કરનારાને પાસા હેઠળ જેલભેગા કરવાનો આદેશ

અમદાવાદ | તા 24



સૌરાષ્ટ્ર તરફ નર્મદાનું પાણી વહન કરતી મુખ્ય અને બ્રાન્ચ કેનાલોથી લઈને સૌની યોજના, તળાવો, ચેકડેમમાંથી બેફામપણે વર્ષોથી પાણીની ચોરીઓ થઈ રહી છે. જેના કારણે છેક જામનગર અને કચ્છ તરફ ખેડૂતોને સિંચાઈ અને શહેરોને પીવા માટેનું નર્મદાનું પાણી પુરતા ફોર્સથી મળી રહ્યુ નથી. આથી, ગુજરાત સરકારે પાંચ વર્ષ પૂર્વે વિધાનસભામાં ઘડેલા કાયદા હેઠળ પાસાનું હથિયાર ઉગામવા નિર્ણય કર્યો છે. ગૃહ વિભાગે પાણી ચોરનારાને પાસા હેઠળ જેલભેગા કરવા સર્વે જિલ્લા કલેક્ટરોને દરખાસ્તો તૈયાર કરીને મોકલી આપવા આદેશ કર્યો છે. ગુજરાત સરકારે પાણી વ્યવસ્થાપન ક્ષેત્ર રહેલા પડકારોને પહોંચી વળવા વર્ષ 2011માં અને ત્યારબાદ વર્ષ 2019માં બે નવા કાયદા ઘડયા હતા. ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ- 2019ના નામે ઓળખાતા આ કાયદા હેઠળ નદીઓ, તળાવો, જળાશયો કે સિંચાઈ હેઠળ નેટવર્કની કેનાલો, પાઈપલાઈનો કે પછી ભૂર્ગભમાંથી ગેરકાયદેસર રીતે પાણી ખેંચરનારા તત્વોની સામે સખત કાર્યવાહી કરવા થયેલા આદેશો પાછળ સુરેન્દ્રનગર અને મોરબીમાં ઉદ્યોગો દ્વારા થઈ રહેલી બેફામપણે પાણી ચોરી તેમજ માથાભારે તત્વો દ્વારા પાણી ચોરી કરીને ખેડૂતોને વેચવાનો કાળો કારબોર કારણભૂત હોવાનું કહેવાય છે. ગૃહ વિભાગના ઉપસચિવ ધર્મેશ પરીખે આવી ચોરી અટકાવવા જિલ્લા મેજિસ્ટ્રેટ કમ કલેક્ટરોને એક પત્ર લખ્યો છે. જેમાં કહેવાયુ છે કે, સુરેન્દ્રનગરના મૂળી અને થાનગઢ તાલુકામાંથી પસાર થતી, મૂળી તાલુકામાં આવેલા પીવાના પાણીના સ્ત્રોતમાંથી વારંવાર પાણીની ચોરીઓ થઈ રહી છે.

### અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનું વર્ષ 2024-25નું 1097 કરોડનું બજેટ રજૂ

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનું વર્ષ 2024-25નું બજેટ રજુ કરાયું હતું.શાસન અધિકારીએ રજૂ કરેલા બજેટમાં ત્રણ કરોડનો વધારો કરાયો છે.સ્કૂલ બોર્ડ ચેરમેન દ્વારા 1097 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.આ બજેટ માં શૈક્ષણિક સંશોધન ગ્રાન્ટ, વર્તમાનપત્ર સ્ટેન્ડ માટે 10-10 લાખની જોગવાઈ કરવામાં આવી હતી. નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ 10 લાખની જોગવાઈ કરવામાં આવી નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ 10 લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

## ઓવરસ્પીડિંગ બદલ એક વર્ષમાં 616નાં ડ્રાઈવિંગ લાઈસન્સ રદ

અમદાવાદ | તા 24



શહેરમાં છેલ્લા એક વર્ષમાં ઓવરસ્પીડિંગ, હેલમેટ ન પહેરવી, ભયજનક રીતે વાહન ચલાવવું અને અકસ્માત કરી રાહદારીનું મોત નીપજાવવા જેવા કેસમાં 776 વાહનચાલકો સામે ગુનો નોંધવા ઉપરાંત 616 લાઈસન્સ રદ કરાયા છે. આમાંથી 135 કેસ અન્ય રાજ્ય કે અન્ય જિલ્લાના છે.ભયજનક રીતે વાહન ચલાવતા કે ટ્રાફિકના અન્ય નિયમોનું પાલન નહીં કરતાં લોકો સામે આરટીઓ પણ કેસ કરતી હોય છે. અનેક કિસ્સામાં પ્રજાની સુરક્ષા જોખમાવા બદલ વાહનચાલકનું લાઈસન્સ અમુક ચોક્કસ સમયમર્યાદા માટે રદ કરવામાં આવતું હોય છે. એક અધિકારીના જણાવ્યા પ્રમાણે અમદાવાદ આરટીઓની કડક કાર્યવાહીના કારણે સ્થિતિમાં થોડો સુધારો આવ્યો છે. હજુ પણ આકરા પગલાં ભરવાની જરૂર છે. એપ્રિલ અને મે 2023ના બે મહિનામાં જ 214 કેસ કરીને 226 વાહનચાલકના લાઈસન્સ રદ કરવામાં આવ્યા હતા. ડિસેમ્બરમાં 20 કેસ કરીને 13 વાહનચાલકના લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા હતા.

## રોજ 4.34 લાખ વાહનની અવરજવર ધરાવતું દક્ષિણી ક્રોસિંગ 13 દિવસ બંધ

અમદાવાદ | તા 24



બુલેટ ટ્રેનની કામગીરીની પગલે મણિનગરનું દક્ષિણી રેલવે ક્રોસિંગ આજથી 13 દિવસ સુધી લોકોની અવરજવર માટે બંધ રહેશે. આ રેલવે ક્રોસિંગ પરથી રોજ 4.34 લાખ વાહનની અવરજવર છે. આ સમય દરમિયાન લોકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. વાહનચાલકો કાંકરિયા શાહઆલમ, જવાહરચોક ચાર રસ્તા તરફથી મણિનગર ક્રોસિંગ તરફ આવતો ટ્રાફિક એલજી હોસ્પિટલથી ઝઘડિયા બ્રિજ થઈ આવકાર હોલ થઈ આવતો ટ્રાફિક ગુરૂજી બ્રિજ પર થઈ ખોખરા સેવન ડે સ્કૂલ હરીપુરા જશોદાનગર ચાર રસ્તા, હાટકેશ્વર તરફ જઈ શકશે. જેમાં ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો દક્ષિણી અંડરપાસ થઈ જઈ શકશે. હાટકેશ્વર અનુપમ સિનેમા હરીપુરા જશોદાનગર તરફથી આવતા વાહનચાલકો ઝઘડિયા બ્રિજ તથા ગુરુજી બ્રિજનો ઉપયોગ કરી શકશે. જ્યારે ચાંદલોડિયા અને ખોડિયાર સ્ટેશન વચ્ચે આવેલા વંદેમાતરમ-ગોતા ખાતે રિપેરિંગ અને મેઈન્ટેનન્સની કામગીરીને પગલે 25 જાન્યુઆરીના રોજ સવારે 8 થી સાંજે 6 વાગ્યા સુધી અવરજવર માટે બંધ રહેશે.

## કાંકરિયા ફરવા જનારાને ટિકિટબારીએ લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ

### AMCએ વેબસાઈટ અને મોબાઈલ એપ જાહેર કરાઇ

અમદાવાદ | તા 24

અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટમાં 12 વર્ષથી નીચે માટે પાંચ રૂપિયા અને 12 વર્ષથી ઉપરના માટે રૂ. 10 ટિકિટ લેવામાં આવે છે. કાંકરિયા ખાતે ટિકિટ બારી પરથી ટિકિટ લઈ 7 પ્રવેશદ્વાર પરથી પ્રવેશ આપવામાં આવે છે. હવે કાંકરિયા પરિસર અને વિવિધ આકર્ષણમાં પણ પ્રવેશ માટે નાગરિકો ઓનલાઈન ટિકિટ મેળવી શકશે. કાંકરિયા લેકફ્રન્ટ દ્વારા ઓનલાઈન ટિકિટ માટે www.kankarialaketickets.com વેબસાઈટ જાહેર કરવામાં આવી છે. મોબાઈલ એપ્લિકેશન AMC Sevaમાં Online TIcket Bookings સેકશન પરથી ઓનલાઈન ટિકિટ મેળવી શકશે. કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લેવા માગતા મુલાકાતીઓ કોઈ પણ સ્થળેથી ડિજિટલ માધ્યમ જેવા કે ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, મોબાઈલ ઈન્ટરનેટ બેંકિંગ, યુપીઆઈ વોલેટ, ફાસ્ટ ટેગ, કાર્ડ સ્વાઈપ, સ્કેચ, એનએફસીનો ઉપયોગ કરી ઓનલાઈન ટિકિટ ખરીદ કરી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓનલાઈન ટિકિટ શરૂ કરી છે. જેમાં વેબસાઈટ અને એપ્લિકેશન પર ટિકિટ મેળવવા માટે મુલાકાતીએ તેઓનો મોબાઈલ નંબર, નામ તથા ઈ-મેઈલ આઈડીની વિગત આપવાની રહેશે.

### 2021માં 70, 2022માં 75 અને 2023માં સૌથી વધુ 91 આરોપી અકસ્માત કર્યા પછી ભાગી છૂટ્યા હતા

# છેલ્લાં 3 વર્ષમાં શહેરમાં અકસ્માતના 4 હજાર કેસ નોંધાયા, પરંતુ, CCTV નહીં હોવાથી પોલીસ 500 ગુનાનો ભેદ ઉકેલી શકી નથી

અમદાવાદ | તા 24

શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદિન વકરી રહી હોવા ઉપરાંત અકસ્માતોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. જો કે, અકસ્માતના સંખ્યાબંધ કેસ એવા છે જેમાં પોલીસ ગુનો કરનારા સુધી પહોંચી શકી નથી. પોલીસ ચોપડે નોંધાયા મુજબ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં અકસ્માતથી મૃત્યુ, ગંભીર અકસ્માત અને સામાન્ય અકસ્માતના 4 હજાર કેસ નોંધાયા છે. પરંતુ આઘાતજનક વાત એ છે કે,



સીસીટીવી કેમેરા ન હોવાથી કે નજરે જોનારો સાક્ષી ન મળવાને કારણે પોલીસ અકસ્માતના 500 ગુનાનો ભેદ ઉકેલી શકી નથી. માત્ર 2023માં જ અકસ્માતે મૃત્યુ પામેલા 91 ગુનાનો ભેદ ઉપરોક્ત કારણોસર ઉકેલી શકાયો નથી. શહેરભરમાં સીસીટીવી કેમેરા હોવાના દાવા છતાં હજુ ઘણા બધા સ્પોટ એવા છે જ્યાં કેમેરા હોતા નથી. 2021માં શહેરમાં 1140 વ્યક્તિ અકસ્માતનો ભોગ બની હતી. આમાંથી 349 લોકોના મોત થયા હતા. જ્યારે 2022માં 1447 અકસ્માતમાં 467 લોકોએ જીવ ગુમાવ્યો હતો. 2023માં 1312 અકસ્માતમાં 461 લોકો મૃત્યુ પામ્યા હતા. 2021માં 349 ફેટલ અકસ્માતમાંથી 70 કેસ ઉકેલી શકાયા નથી. એ જ રીતે 2022માં અકસ્માત કરી મોત નિપજાવનારા 75 અને 2023માં 91 આરોપી સુધી પોલીસ પહોંચી શકી નથી. ટ્રાફિક જેસીપી એન.એન. ચૌધરીના જણાવ્યા અનુસાર, અકસ્માત કરીને ભાગી છૂટેલા આરોપીને પકડવા પોલીસ સતત કાર્યરત હોય છે. ખાસ કરીને અકસ્માત પછી આરોપીને શોધવા સીસીટીવી ફૂટેજનો સૌથી વધુ ઉપયોગ થતો હોય છે. પરંતુ અમુક જંકશન પર સીસીટીવી બંધ હોવાથી આરોપીને પકડવા ઘણી લાંબી તપાસ કરવી પડે છે. અમે નહીં શોધાયેલા ગુના ઉકેલવા અને બંધ સીસીટીવી ચાલુ કરવા સૂચના આપી છે.

## માધુપુરા ક્રિકેટ સટ્ટાના માસ્ટરમાઈન્ડનું 1195 કરોડનું વધુ એક સટ્ટા રેકેટ પકડાયું

### એક વર્ષમાં 2.93 લાખ એન્ટ્રીથી બેંકોમાં પૈસા ટ્રાન્સફર થયા હતા

અમદાવાદ | તા 24

માધવપુરામાંથી પકડાયેલા રૂ.2500 કરોડના ક્રિકેટ સટ્ટાના મુખ્ય સૂત્રધાર અમિત મજેઠિયાનું વધુ એક રૂ.1195 કરોડનું ક્રિકેટ સટ્ટાનું રેકેટ પકડાયુ છે. આ રેકેટમાં પણ ઓન લાઈન ઓએસટી અને સીબીટીએફ બુક નામની એપ્લિકેશનથી સટ્ટો રમાડતો હતો. મજૂરો, ખેડૂત, ડિલિવરી બોયના ડમી બેંક એકાઉન્ટનો ઉપયોગ પૈસા ટ્રાન્સફર કરવા થયો હતો. માધવપુરાના ક્રિકેટ સટ્ટામાં ફરાર અમિત મજેઠિયા શ્રીલંકાથી સટ્ટાનું નેટવર્ક ચલાવે છે. સીઆઈડી ક્રાઈમે તેની સામે 7 ગુના નોંધ્યા છે. હેમંત ટ્રેડિંગના એકાઉન્ટમાં એક જ વર્ષમાં રૂ.342 કરોડ, શિવમ ટ્રેડિંગના ખાતામાં રૂ.636 કરોડ અને ખોનાજી વાઘેલાના એકાઉન્ટમાં રૂ.217 કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા. ખાતેદારની ચેક બુક અને પાસબુક સટ્ટો રમાડતી ટોળકી તેમની પાસે રાખી એકાઉન્ટ ઓપરેટ કરતી હતી. સટ્ટો રમાડવા માટે બનાવવામાં આવેલી બંને એપ જૂનાગઢના ભાવેશ સચાણીયા અને અમિત મજેઠિયાના નામે રજિસ્ટર્ડ થઈ હતી. સીઆઈડી ક્રાઈમે મજેઠિયા ઉપરાંત ઓમશંકર તિવારી, ભાવેશ સચાણિયા, અશ્વિન સચાણિયા, ધનંજય પટેલ, વિકી અને ભાવેષ જોશી સામે ગુનો નોંધ્યો છે. ટોળકીએ એક વર્ષમાં 2,92,842 એન્ટ્રીથી જુદા જુદા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. લીમડીમાં રહેતા અને મજુરી કરતા શિવમ રાવળે લોન લેવા માટે વીકી નામના માણસને ડોક્યુમેન્ટસ આપ્યા હતા. તે ડોક્યુમેન્ટસના આધારે વીકીએ શિવમના નામથી નવરંગપુરા અનહિલ કોમ્પ્લેક્સમાં શિવમ ટ્રેડિંગ નામની એક્સપોર્ટ-ઈમ્પોર્ટની કંપની બનાવીને કંપનીના નામનું નરોડાની આઈડીએફસી બેંકમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું. જેમાં રૂ.636 કરોડના ટ્રાન્ઝેક્શન થયાં હતાં.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...